# પુરાણો સમજવાની
# પૂર્વભૂમિકા




|| વિષ્ણુ પુરાણ ||
|| ભાગવત પુરાણ ||
|| નારદ પુરાણ ||
|| ગરુડ પુરાણ ||
|| પદ્મ પુરાણ ||
|| વરાહ પુરાણ ||
|| બ્રહ્માંડ પુરાણ ||
|| બ્રહ્મ વૈવર્ત પુરાણ ||
|| બ્રહ્મ પુરાણ ||
|| માર્કંડેય પુરાણ ||
|| ભવિષ્ય પુરાણ ||
|| વામન પુરાણ ||
|| મત્સ્ય પુરાણ ||
|| કૂર્મ પુરાણ ||
|| લિંગ પુરાણ ||
|| શિવ પુરાણ ||
|| સ્કંદ પુરાણ ||
|| અગ્નિ પુરાણ ||


ચિંતન, સંકલન અને લેખન
અનુપ શાહ

## ષષ્ઠ નિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણ પ્રભુ (સુરત)



નમામિ શ્રીબાલકૃષ્ણં યશોદોત્સંગ લાલિતમ્
પૂતનાસુપય:પાન રક્ષિતા શેષબાલકમ્



# પુરાણો સમજવાની
# પૂર્વભૂમિકા

પુરાણોનો ચિંતનપૂર્વક અભ્યાસ કરી, સચ્ચિદાનંદ પરમાત્માની
અલૌકિક અનુભૂતિ માટે દરેક સંસ્કારી કુટુંબે વાંચવા જેવું
અને જીંદગી પર્યન્ત સંગ્રહ કરવા જેવું પુસ્તક
**વિના મુલ્યે ઉપલબ્ધ**

:: પ્રાપ્તિ સ્થાન ::


**શ્રી અનુપ પી. શાહ**
B.E.(Civil), A.M.I.E., M.I.G.S., FIV

એ-૩૦૬, ગીતગોવિંદ એપાર્ટમેન્ટ,
લીલાવિહાર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત.
મો.: ૯૯૯૮૯ ૬૮૫૩૩, ૯૮૨૪૦ ૪૨૬૩૨


:: સંકલ્પ શુભેચ્છા ::

અનુપ, નીતા
વરૂણ, ઉર્વી
મિતુલ, ડેઝી
દૈવીક

અતુલ, જયશ્રી
સૌમીન, ફાલ્ગુની
અભય, રચના
નિલમ, પલશ

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ | | ૩ |
| ૨. | પૂર્વ ભૂમિકા - ૦ | આ પુસ્તકની અગત્યતા વિશે.. | ૪ |
| ૩. | પૂર્વ ભૂમિકા - ૧ | કાળની સમજ | ૬ |
| ૪. | પૂર્વ ભૂમિકા - ૨ | બ્રહ્માંડની ઉત્પત્તિ વિશે | ૮ |
| ૫. | પૂર્વ ભૂમિકા - ૩ | બ્રહ્માજીના માનસપુત્રો | ૧૨ |
| ૬. | પૂર્વ ભૂમિકા - ૪ | હાલના સપ્તર્ષિ (સાતમા મન્વન્તરનાં) | ૧૯ |
| ૭. | પૂર્વ ભૂમિકા - ૫ | વિવિધ મન્વન્તરનો પરિચય | ૨૧ |
| ૮. | પૂર્વ ભૂમિકા - ૬ | સ્વયંભુ મનુ (પહેલો મન્વન્તર) | ૨૬ |
| ૯. | પૂર્વ ભૂમિકા - ૭ | દક્ષ અને દક્ષ પ્રજાપતિ | ૩૧ |
| ૧૦. | પૂર્વ ભૂમિકા - ૮ | કશ્યપ (કશ્યપ ઋષિ, કશ્યપ મુનિ) | ૩૩ |
| ૧૧. | પૂર્વ ભૂમિકા - ૯ | સૂર્યવંશ | ૪૧ |
| ૧૨. | પૂર્વ ભૂમિકા - ૧૦ | રઘુવંશ | ૪૪ |
| ૧૩. | પૂર્વ ભૂમિકા - ૧૧ | ચંદ્રવંશ (સોમવંશ) | ૪૫ |
| ૧૪. | પૂર્વ ભૂમિકા - ૧૨ | યદુવંશ, વૃષ્ણીવંશ અને કોષ્ટુંવંશ | ૪૯ |
| ૧૫. | પૂર્વ ભૂમિકા - ૧૩ | પુરૂ વંશ અને કુરુ વંશ | ૫૨ |
| ૧૬. | પૂર્વ ભૂમિકા - ૧૪ | વ્યાસ, વેદવ્યાસ અને કૃષ્ણદ્વૈપાયન વ્યાસ | ૫૫ |
| ૧૭. | પૂર્વ ભૂમિકા - ૧૫ | પુરાણોનો સંક્ષિપ્ત પરિચય | ૫૭ |
| ૧૮. | પૂર્વ ભૂમિકા - ૧૬ | ભગવાન શ્રીવિષ્ણુ તથા શિવ અને શકિતના દશ અવતારો | ૬૦ |
| ૧૯. | પ્રસાદ પુરાણોકિતઓનો.... | | ૬૨ |


**અગત્યની નોંધ :**

કોઈપણ કથા કહેવાનો આ પુસ્તકનો હેતુ નથી. આ પુસ્તકમાં દર્શાવેલ તમામ ભૂમિકાનો રસપૂર્વક અભ્યાસ કરી આપ જાતેજ પુરાણો વાંચો અને સાત્વિક જ્ઞાન પ્રાપ્ત કરો એજ મારો હેતું છે. છતાં પણ જયાં જરૂર જણાય ત્યાં ખુબ જ ટૂંકમાં કથા અથવા તે કથાને અનુરૂપ પ્રસંગોની નોંધ ટિપ્પણ રૂપે આપી છે.

# મંગલાચરણ

|| શ્રી ગણેશાય નમઃ ||
|| ૐ નમો ભગવતે વાસુદેવાય ||
|| ૐ ઐં હ્રીં કલીં ચામુંડાયૈ વિચ્ચૈ ||
|| ૐ નમઃ શિવાય ||

જે ગ્રંથો મુનિવરોએ રચ્યા છે. તે સર્વમાં સર્વપ્રથમ મંગલાચરણ કરવામાં આવે છે. પણ વેદાધ્યયનમાં પ્રણવ નો પ્રથમ ઉચ્ચાર એજ મંગલ છે.

સંતજનોના મંગલાચરણ ત્રણ પ્રકારના હોય છે. આશિર્વાદાત્મક, નમસ્કારાત્મક અને વસ્તુનિર્દેશાત્મક.

"મગિ" ધાતુ પરથી મંગલની ઉત્પતિ થઈ છે. મગિ નો અર્થ ગતિ છે. આ અર્થમાં "જાય" અથવા "લઈ જાય" તે મંગલ. પણ કયાં લઈ જાય ??

એનો ઉત્તર છે મધ્યબિંદુ (હાર્દ) તરફ લઈ જાય. સમગ્ર વિશ્વનું મધ્યબિંદુ **''પરમાત્મા''** છે. સત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોથી રચાયેલ વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ વચ્ચેના ત્રિકોણનું મધ્યબિંદુ પરમાત્મા (ઈશ્વર) છે. જે પરમાત્માથી વિમુખ બને છે તે ઉન્નતિથી વિમુખ બને છે. ઉન્નતિની પ્રાપ્તિ જેનાથી થાય છે તે મંગલ.

વિકાસવર્તી બુદ્ધિ એજ માનવતાનું શ્રેષ્ઠ લક્ષણ છે. અને આજ તત્વના કારણે ઉન્નતિનો અને પરમાત્મા પ્રાપ્તિ અથવા ઈશ્વર પ્રાપ્તિનો પ્રથમાધિકાર માનવનો છે. તેમ માનીએ તો ખોટું નથી.

અન્ય રીતે વિચારીએ તો આજ બુદ્ધિ અનેક કામનાઓ પણ ઉત્પન્ન કરે છે. શબ્દ કરતા પ્રત્યક્ષ (દર્શન) બળવાન હોવાથી સામાન્ય માનવ કામનાઓને કારણે અનુચિત માર્ગ સ્વીકારે તે સ્વાભાવિક છે. તેમ ન થાય તે માટે સચ્ચિદાનંદ પરમતત્વરૂપ એક પરમાત્માના જે અનેક સ્વરૂપો છે, એજ પરમાત્મા સર્વનું મુખ્ય તત્વ છે. એ માન્યતા દ્રઢ કરવી જરૂરી છે.

શ્રીમદ્ ભાગવતમાં વૈધ અને અવૈધ બન્ને ભકિતનો નિર્દેશ છે. ઉપાસના એજ વૈધ ભકિતનું સ્વરૂપ છે. ઉપાસના કરનાર માનવો ઉપાસ્ય દેવતાઓના જુદા જુદા સ્વરૂપોના વર્ણનથી ઉંધા રસ્તે ન ચઢતા, પરસ્પરની ભેદભાવના દૂર કરી, સંપ્રદાયોની જડતા દૂર કરી, આપણે એક જ ધર્મના, એકજ પરમાત્માના અંશો છીએ, તેમના જ અનુયાયીઓ છીએ એવી નિષ્ઠાથી મુકિતમાર્ગમાં અગ્રગણ્ય બનવા જોઈએ.

અને આ માટે **પુરાણો**નો ચિંતનપૂર્વક અભ્યાસ દરેક મનુષ્યે કરવો જ જોઈએ એમ હું દ્રઢપણે માનું છું.

# આ પુસ્તકની અગત્યતા

*પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।*
*ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥*

બાળપણમાં મારા માતૃશ્રી મને દરરોજ ગીતાના શ્લોક પઠન કરવાની સલાહ આપતાં. ઓછામાં ઓછો એક શ્લોક ગીતાનો દરરોજ પઠન કરવાનો એવો એમનો આદેશ હતો. મારા ઘરે ભીંત પર લાગેલા શ્રી અર્જુન અને શ્રી કૃષ્ણના તૈલચિત્રમાં ગીતાનો ઉપરોકત શ્લોક હતો. હું તેનું દરરોજ પઠન કરતો પરંતુ ત્યારે પણ ચંચળ મનમાં મને પ્રશ્નો ઉદ્દભવતા કે ભગવાન સમસ્ત સૃષ્ટિના કર્તા છે એમ વડિલો સમજાવે છે તો પછી ભગવાનને યુગે યુગે જન્મ લેવાની જરૂર શું પડે ? કયારેક મત્સ્ય અવતાર, કૂર્મ અવતાર, ઘોડાના મુખવાળા હયગ્રીવ અવતાર, નરસિંહ અવતાર તો કયારેક માનવયોનીમાં અવતાર. આમાં પણ માનવશરીર તો મળ, મૂત્ર, વિષ્ટાથી ભરેલું છે. અને માનવયોનીમાં ગર્ભમાં ૯ મહિના સુધી રહેવાની સ્થિતિ તો અત્યંત કષ્ટદાયક હોય છે. તો પછી ભગવાન માનવયોનિમાં જન્મ શું કામ લે છે?

માનવશરીરમાં રામ તરીકે જન્મ લીધા પછી ભગવાન શ્રીરામનું સમગ્ર જીવન પણ દુઃખમાં પસાર થયું. ચૌદ વર્ષ વનવાસ વેઠયો, સીતાનું અપહરણ થયું, વાનરોની સહાય લીધી, હનુમાનજી ઉડીને લંકા જઈ શકયા અને પર્વત પરથી સંજીવની લાવી લક્ષ્મણને બચાવી શકયા તો શ્રી રામ તો ભગવાન હતા તેઓ કેમ લાચાર હતા ?

ભગવાન શ્રી કૃષ્ણે પણ બાળપણમાં ચમત્કારો દ્વારા વિવિધ લીલાઓ કરી. આ ચમત્કાર માનવયોનીમાં જન્મ લીધા વગર પણ કરી શકતે. આ જ શ્રી કૃષ્ણનું વ્યકિતત્વ રાજા તરીકે અલગ દેખાયું. જરાસંઘના ડરથી દ્વારકા પ્રસ્થાન કરી ગયા અને સર્વશકિતમાન હોવા છતા તેમના યાદવકુળનો નાશ થયો. પારધીના બાણથી તેમનું દેહાવસાન થયું. આમ કેમ ?????

આવા ઘણા પ્રશ્નો મને સતાવતા. આ બધાનું સત્ય સમજવા મેં પુરાણો વાંચી રહસ્ય શોધવાનું જરૂરી માન્યું. કહેવાય છે કે પુરાણો એ પ્રભુની પોતાની વાચા છે. પુરાણો સર્વ રસોથી યુકત, પવિત્ર કરનાર, મુકિત આપનાર અને ગહન છે. પુરાણો ધર્મ, અર્થ અને કામનું વર્ણન છે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તરો તથા વંશોનું ચરિત્ર્ય આ પાંચ લક્ષણોથી ભરેલા છે.

સૃષ્ટિના કાર્યમાં સાત્વિકી, રજસ્ અને તમસ્ આ ત્રણ શકિતઓ જે વિગ્રહનો સ્વીકાર કરે છે તેને સર્ગ કહેવાય.

સૃષ્ટિનું પાલન, ઉત્પત્તિ તથા નાશને માટે વિષ્ણુ, બ્રહ્મા અને રુદ્રની ઉત્પત્તિ કહેવામાં આવી છે. તે પ્રતિસર્ગ કહેવાય.

સૂર્ય, ચંદ્ર આદિ રાજાઓના વંશનું કથન વંશોનું ચરિત્ર્ય કહેવાય જેમાંથી આ

લખનાર અને વાંચનાર સુધીની સૃષ્ટિ ઉદ્‌ભવિ.

મનુઓનું વર્ણન અને કાળની જાણકારી મન્વન્તર કહેવાય.

લગભગ બધા પુરાણો ભગવાન શ્રી વિષ્ણુના અંશ રૂપ મુનિવર શ્રી વેદવ્યાસે રચ્યા છે. તેમણે, સામાન્ય મનુષ્યને ધર્મજ્ઞાન કેવીરીતે થાય તે માટે પુરાણ સંહિતાનું નિર્માણ કર્યું હોવાનું કહેવાય છે. કલિયુગમાં કેવળ પુરાણ શ્રવણ જેવો અન્ય કોઈ ધર્મ નથી.

શરૂઆતમાં પુરાણોમાં કંઈ સમજ પડી નહીં. મહર્ષિ વ્યાસે અષ્ટાદશ (અઢાર) પુરાણોમાં જુદા જુદા કલ્પ અને મન્વન્તરની કથા વર્ણન કરી હોવાથી તેઓ ઘણા વિષયોમાં વિભિન્ન મતોનું નિરૂપણ કરતા હોવાનું જણાયું. તેથી તેનો તલસ્પર્શી વિચાર અને અભ્યાસ કરવાનું જરૂરી લાગ્યું જેથી પુરાણોથી ઉદ્‌ભવતી શંકા - કુશંકાઓ દુર કરી શકાય અને પાયાની સાચી જાણકારી મેળવી શકાય. ઘણા વ્યકિતઓ સાથે ચર્ચા કરી પણ મારા મનનું સમાધાન નહીં થયું ત્યારે મારા મનમાં એક એવું પુસ્તક લખવાનો વિચાર આવ્યો, જેમાં પુરાણોના રહસ્યો વ્યવસ્થિત રીતે સમજવા માટેની પૂર્વ જાણકારી હોય.

આ પુસ્તકનો હેતું કોઈપણ જાતની કથા કરવાનો નથી, કોઈ ધર્મઉપદેશ આપવાનો નથી કે કોઈ ધર્મ અથવા સંપ્રદાયનો પ્રચાર કરવાનો નથી. પરંતુ પુરાણોમાં આપેલ કથાઓ સમજવા માટેનો પાયો તૈયાર કરવા માટે જરૂરી માહિતી પુરી પાડવાનો છે. છતાં પણ જયાં જરૂર જણાય ત્યાં નોંધ લખી ટૂંકમાં પુરાણોમાં આવતી કથા બાબતની માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

<u>પુસ્તક વાંચતી વખતે લખેલા નંબરો પર ખાસ ધ્યાન રાખવું. આનાથી વંશોની કડી તરત સમજાઈ જશે.</u>

આશા છે આપ સૌ આનો અભ્યાસ કરી પછી પુરાણોનો વ્યસ્થિત અભ્યાસ કરશો અને જીવનને આધ્યાત્મિક, અત્યુત્તમ, અલૌકિક અને સમદર્શી બનાવશો.

આ પુસ્તકને સમાજ સેવાની ભાવનાથી વિનામૂલ્યે વિતરણ કરવાનો ધ્યેય છે. આ પુસ્તક આપના સુધી પહોંચે અને જો આપને આ વિષયમાં રસ ન હોય અથવા પુસ્તક વાંચ્યા પછી રસ ન પડે તો આ પુસ્તક અન્ય કોઈ વ્યકિતને આપશો. જેને આ વિષય માં રસ હોય. અથવા મારા મોબાઈલ પર ફોન કરશો તો તેને પરત મંગાવવાની હું વ્યવસ્થા કરીશ, જેનાથી અન્ય કોઈ વ્યકિત આનો લાભ લઈ શકે.

અંતમાં ફરી જો પરમાત્મા આવી કૃપા કરશે તો ફરી કંઈક તત્વસાર લઈ ઉપસ્થિત થઈશ. ત્યાં સુધી એક સુફીએ લખેલા વાકયથી આપના મગજમાં તરંગો ઉત્પન્ન કરી વિરમીશ.

**पत्ता भी नहीं हिलता तेरी रजा के बगैर,**
**फीर भी इन्सान गुनेगार, पता नही ।**

# પૂર્વ ભૂમિકા : ૧

## કાળની સમજ

**૧.૦ :**

કોઈપણ પુરાણની સમજ માટે સૌ પ્રથમ કાળની (સમયની) સમજ જરૂરી છે. આપણે જયારે પુરાણોનું અધ્યયન કરીએ ત્યારે આપણી સામાન્ય બુદ્ધિને પુરાણોમાં કોઈ એક વિષયમાં વિસંગતતા જણાય છે. એક પુરાણમાં પ્રતિપાદિત થયેલ પ્રસંગનું વર્ણન બીજા પુરાણમાં અલગ લાગે છે. પાત્રોના વર્ણન પણ અલગ લાગે છે.

આ વિસંગતતા દૂર કરવા માટે આપણે પ્રથમ કાળના વિવિધ તબકકા સમજીએ.

**૧.૧. :** કાળની ગણતરી સમજવા માટે આપણે આપણી સમજમાં આવે તેવો એકમ પકડીએ - એક મનુષ્ય દિવસ.

હવે આપણે મનુષ્ય દિવસથી ઉપરના એકમો સમજીએ.

૩૬૫ મનુષ્ય દિવસ = ૧ વર્ષ = ૧ દેવ અહોરાત્ર (દેવોનો ૧ દિવસ + ૧ રાત્રી)

**૧.૧.૧ :** દેવ અહોરાત્ર:

સૂર્ય જયારે ૨૨ મી ડીસેમ્બરથી ઉત્તર તરફ ગતિ કરે છે ત્યારે દેવોનો દિવસ શરૂ થાય છે. આને આપણે ઉત્તરાયણ તરીકે ઓળખીએ છીએ. (ઉત્તર+અયન). ૨૨ મી ડિસેમ્બર થી ૨૧ મી જુન મનુષ્ય ના ૬ મહિના.

આજ રીતે સૂર્ય ૨૨મી જુને દક્ષિણ તરફ ગતિ શરૂ કરે છે. આને આપણે દક્ષિણાયન અથવા દેવોની રાત્રી શરૂ થઈ એમ કહીએ છીએ (દક્ષિણ + અયન). ૨૨મી જુન થી ૨૧મી ડીસેમ્બર, મનુષ્ય ના ૬ મહિના.

આ બંને ભેગા મળીને ૧ દેવ અહોરાત્ર બને છે.

આમ ૧ દેવ અહોરાત્ર = ૧ વર્ષ (મનુષ્યનું)

આવા ૩૬૦ દેવ અહોરાત્ર = ૧ દેવ વત્સર (દેવોનું વર્ષ)

આવા ૧૨૦૦૦ દેવ વત્સર = ૧ ચતુર્યુગ

**૧.૧.૨ :** ચતુર્યુગ:

૧ ચતુર્યુગ માં ૪ યુગ હોય છે. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ

સતયુગ = ૪,૮૦૦ દેવ વત્સર (૧૭,૨૮,૦૦૦ માનવ વર્ષ)

ત્રેતાયુગ = ૩,૬૦૦ દેવ વત્સર (૧૨,૯૬,૦૦૦ માનવ વર્ષ)

દ્વાપરયુગ = ૨,૪૦૦ દેવ વત્સર (૮,૬૪,૦૦૦ માનવ વર્ષ)

કલિયુગ = ૧,૨૦૦ દેવ વત્સર (૪,૩૨,૦૦૦ માનવ વર્ષ)

આવા ૭૧ ચતુર્યુગ પસાર થાય ત્યારે ૧ મન્વન્તર કહેવાય.

**૧.૧.૩ :** મન્વન્તર:

મન્વન્તર એટલે ૧ મનુ નો સમય ગાળો = ૭૧ ચતુર્યુગ

=૩૦,૬૭,૨૦,૦૦૦ માનવ વર્ષ

**૧.૧.૪ :** <u>કલ્પ:</u>

આવા ૧૪ મન્વન્તર = ૧ કલ્પ (બ્રહ્મા નો ૧ દિવસ)

આવા ૨ કલ્પ = બ્રહ્મા નો ૧ દિવસ અને ૧ રાત્રી

બ્રહ્મા ના ૩૬૦ દિવસ = ૧ બ્રહ્મ વર્ષ

(<u>નોંધ :</u> દરેક કલ્પ પછી ૧ બ્રહ્મા રાત્રી હોય છે. તેનો સમય ગાળો પણ ૧ કલ્પ જેટલો હોય છે. દરેક કલ્પ પછી પ્રલય થાય છે. બધી સૃષ્ટિનો નાશ થાય છે. ચારે બાજુ ફકત અંધારું હોય છે. આ બ્રહ્માની રાત્રી હોય છે.)

**૧.૨ :** હવે મનુષ્ય દિવસથી નાના એકમો વિશે વિચારીએ.

આપણી આંખના પલકારા, "નિમેષ" તરીકે ઓળખાય છે.

૧૫ નિમેષ = ૧ કસ્થ

૩૦ કસ્થ = ૧ કળા

૩૦ કળા = ૧ મુહૂર્ત

૩૦ મુહૂર્ત = ૨૪ કલાક (મનુષ્ય નો એક દિવસ + એક રાત્રી)

આ રીતે ગણતા આપણી આંખ જાગ્રત અવસ્થામાં ૧ દિવસમાં ૪,૦૫,૦૦૦ વખત પલકારા મારે છે.

**૧.૩ :** <u>હાલ ની પૃથ્વીની ઉંમર :</u>

હાલમાં બ્રહ્માનું ૫૧મું વર્ષ ચાલી રહ્યુ છે. હાલમાં આપણે જે કલ્પમાં જીવી રહ્યા છીએ તેનું નામ છે "શ્વેત વરાહ કલ્પ". અગાઉ જોયું તેમ દરેક કલ્પમાં ૧૪ મન્વન્તર હોય છે. આપણે હમણાં શ્વેત વરાહ કલ્પના ૭ માં મન્વન્તરનાં ૨૮માં ચતુર્યુગના કલિયુગમાં જીવી રહ્યા છીએ. આ મન્વન્તરનું નામ "વૈવસ્વત મન્વન્તર" છે. આ મન્વન્તરની ચર્ચા આપણે આગળ કરીશું. હમણા સમજીએ હાલ ની પૃથ્વીની ઉંમર

ઉપર મુજબની ગણતરી કરતા "શ્વેત વરાહ કલ્પ" માં પૃથ્વીની ઉંમર આશરે ૧૩ x ૧૦$^{૯}$ વર્ષ થાય. (એટલે ૧૩ પર નવ મીંડા)

વેદ અનુસાર ૧ બ્રહ્મા વર્ષમાં ૫૦૪૦ (૩૬૦ x ૧૪) મનુ જન્મ લે છે.

અગાઉ જોયું તેમ આપણે હમણાં શ્વેત વરાહ કલ્પના ૭માં મન્વન્તરના ૨૮ માં ચતુર્યુગના કલિયુગમાં જીવી રહ્યા છીએ. આ કલિયુગ ૧૭ મી ફેબ્રુઆરી ૩૧૦૨ (B.C.) થી શરૂ થયો છે. આ તારીખે ૨૮ માં દ્વાપરયુગનો અંત આવ્યો હતો અને શ્રી કૃષ્ણ ભગવાનનું દેહાવસાન થયું હતું. (પુરાણોમાં આપેલ ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિના વર્ણન પરથી આ તારીખ નકકી કરવામાં આવી છે. જેને આર્યભટ્ટ દ્વારા માન્યતા આપવામાં આવી છે.)

આ ગણત્રી પ્રમાણે ઈ.સ. ૨૦૧૬ માં કલિયુગની ઉંમર ૫૧૧૮ વર્ષની છે.હજી કલિયુગને સમાપ્ત થવામાં ૪,૨૬,૮૮૨ વર્ષ બાકી છે.

જુદા જુદા પુરાણોમાં આવતી કથાઓ કયા મન્વન્તરની કે કયા યુગની છે તે સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણા મનમાં થતી વિસંગતતા દૂર થાય. **પુરાણો સમજવા માટેની આ પહેલી અને ખુબજ અગત્યની પૂર્વભૂમિકા છે.**

## પૂર્વ ભૂમિકા : ૨

### બ્રહ્માંડની ઉત્પત્તિ વિષે :

**૨.૦ :**

બ્રહ્માંડ કેવી રીતે ઉત્પન્ન થાય છે, તે બાબતમાં વિવિધ પુરાણોમાં થોડો ભેદ જોવામાં આવે છે. પહેલાના વખતમાં બધું લખવાની પ્રથા નહોતી. મૌખિક કથાઓની આપ-લે થતી હતી. આ મૌખિક કથાઓને ત્યારબાદ વેદ, ઉપનિષદ, પુરાણ અને ઉપપુરાણના સ્વરૂપે હસ્તપ્રતોમાં મુકવામાં આવ્યા. આથી થોડી વિસંગતતા હોય તે સ્વાભાવિક છે. બ્રહ્માંડની સૌપ્રથમ ઉત્પત્તિ (પહેલા કલ્પની શરૂઆત) અને બે કલ્પો વચ્ચે રાત્રી પછીની ઉત્પત્તિના જે મુખ્ય મુદ્દા છે તે નીચે મુજબ છે.

(અહીં નોંધવું જરૂરી છે કે દરેક પુરાણોમાં ઉત્પત્તિની કથા થોડી અલગ છે. અહીં ફકત અગત્યના મુદ્દા તારવ્યા છે. વધુ વાસ્તવિકતા સમજવા પુરાણો વાંચવા અને સમજવા ખુબ જરૂરી છે અને એજ આ પુસ્તક નો હેતુ છે.)

**૨.૧ :**

જયારે પહેલા કલ્પમાં સૌપ્રથમ વખતે બ્રહ્માંડ ઉત્પન્ન થયું ત્યારે...

**૨.૧.૧ :**

પ્રથમ મહત્તત્વ ઉત્પન્ન થયું. આ મહત્તત્વ એટલે પરમાત્માનું જે નિર્ગુણ, નિરાકાર બ્રહ્મ સ્વરૂપ છે તે. આ તત્વ અચળ છે. તે બે ભાગમાં છે. પુરૂષતત્વ અને નારીતત્વ. પુરૂષતત્વ જેને આપણે નારાયણ, વિષ્ણુ, શિવ અથવા પરમાત્મા કહીએ તે મુખ્ય તત્વ. આ પરમાત્મા નિર્ગુણ નિરાકાર છે. આપણે તેમને કોઈપણ સ્વરૂપમાં જોઈ શકતા નથી. દરેક કાર્યો કરવા માટે તેમનું જે નારી તત્વ છે. (દેવીશકિત અથવા પ્રકૃતિ શકિત) તે "કારણરૂપ" છે. તે ત્રિગુણાત્મક શકિત છે. તેના ત્રણ ગુણ છે. તેમનો જે રજોગુણ છે તેમાંથી બ્રહ્મા, સત્વગુણ થી વિષ્ણુ અને તમસ ગુણ થી રૂદ્ર (મહેશ) ઉત્પન્ન થયા. આ ત્રણ ગુણ "ક્રિયારૂપ" છે.

ફરીથી સમજીએ કે "જે અચળ બ્રહ્મસ્વરૂપ ત્રિગુણાત્મક છે તે કોઈપણ જગ્યાએ પોતે ભાગ લેતું નથી. તેમનો જન્મ, વિસ્તાર, નાશ, મૃત્યુ કશું નથી." જેને આપણે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહીએ છીએ તે ત્રણ ગુણથી ઉત્પન્ન થતા ત્રણ અવતારો અથવા અંશાવતારો અથવા ત્રણ પ્રતિબિંબો છે, અને તેમને શકિત પરમાત્માના અચળ બ્રહ્મસ્વરૂપનું નારી તત્વ (દેવી, પ્રકૃતિ, યોગમાયા) પૂરી પાડે છે. ભગવાન શ્રી વિષ્ણુના શેષનાગની શૈયા પર બિરાજતા સ્વરૂપનાં દર્શન આપણે કરીએ છીએ તે કાલરૂપ વિષ્ણુ કહેવાય છે. જે અવતારો થયા તે પણ કાલરૂપ વિષ્ણુના છે. પરમાત્માનાં આ સ્વરૂપોને આપણે ભગવાન તરીકે ઓળખીએ છીએ.

**૨.૧.૨ :**

આ મહત્તત્વથી અહંકાર ઉત્પન્ન થાય છે. જે પાંચ મહાભૂત તત્વોને ઉત્પન્ન કરે છે. (ધરતી, આકાશ, અગ્નિ, વાયુ, પાણી). જે ત્રણ ગુણ નિર્માણ થયા તેમાં તમસમાંથી આકાશ,

આકાશમાંથી સ્પર્શ, સ્પર્શમાંથી હવા, હવાથી રૂપ, રૂપમાંથી અગ્નિ, અગ્નિમાંથી સ્વાદ, સ્વાદમાંથી પાણી, પાણીમાંથી સુગંધી દ્રવ્ય અને સુગંધી દ્રવ્યમાંથી ધરતી ઉત્પન્ન થાય છે. (જુઓ નોંધ - ૭)

રજો ગુણમાંથી દસ ઈન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ, ચામડી, હાથ, પગ, વાણી, પ્રજનન ઈન્દ્રિય, મળઈન્દ્રિય) અને સત્વગુણમાંથી દશ ઈન્દ્રિયો પર કાબુ રાખવા માટેના દેવતા અને મન ઉત્પન્ન થાય છે.

**૨.૧.૩ :**

ત્યાર પછી ઝાડ, વનસ્પતિ, પશુ, પંખી અને માનવો ઉત્પન્ન થાય છે.

**૨.૧.૪ :**

પહેલા અને ત્યાર પછીના દરેક કલ્પના અંતે પ્રલય થાય છે.

**૨.૧.૫ :**

આ પ્રલયમાં બધુ જ નાશ થઈ જાય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, દેવી, દેવતા, અસુરો, મનુષ્યો, પશુપંખી, વનસ્પતિ તમામ. ફક્ત જે અચલ બ્રહ્મતત્વ (પરમાત્મા) છે તે તેના નારી તત્વ સાથે રહે છે.

**૨.૧.૬ :**

પૃથ્વી પર સંપૂર્ણ અંધકાર છવાઈ જાય છે જે બ્રહ્માની રાત્રી કહેવાય છે.

**૨.૧.૭ :**

બ્રહ્મા ની રાત્રીને અંતે ફરી સંચાર થાય છે, અને નવા કલ્પની શરૂઆત થાય છે.

**૨.૨ :** હવે સમજીએ બે કલ્પો વચ્ચે રાત્રી પછીની ઉત્પત્તિના મુખ્ય મુદ્દા...

**૨.૨.૧ :**

હમણાં શ્વેતવરાહ કલ્પ (૫૧ મો) ચાલી રહ્યો છે. આ કલ્પની શરૂઆતમાં બ્રહ્માજી કમળ પર બિરાજમાન હોય છે. ચારે બાજુ ફક્ત પાણી હોય છે. જમીનનું અસ્તિત્વ નથી તો પછી કમળ ઉગ્યું કયાંથી? તેનું મૂળ શોધવા બ્રહ્માજી પ્રયત્ન કરે છે. તેનું મૂળ શ્રી વિષ્ણુભગવાનની નાભિમાં હોય છે. અહિં શ્રી વિષ્ણુભગવાન પાણીની પથારી પર પાતાળમાં સુતા હોય છે. (નાર એટલે પાણી અને અયન એટલે પથારી આમ નારાયણ કહેવાય).

**૨.૨.૨ :**

આ પાણીમાંથી સોનેરી (હિરણ્ય) રંગનો દડો (ઈંડું) ઉત્પન્ન થાય છે. અને એમાં બ્રહ્માજીનો પ્રવેશ થાય છે. આમ વિધિવત બ્રહ્માજી નો જન્મ થાય છે. શ્રી વિષ્ણુ ભગવાન પણ હિરણ્યગર્ભ રૂપે તેમાં પ્રવેશ કરે છે. બંનેનો જન્મ ખુદ થયો હોવાથી તેઓ "સ્વયંભુ" કહેવાય છે.

**૨.૨.૩ :**

બ્રહ્માજી આ ઈંડામાં ૧ વર્ષ રહ્યા પછી તેના ૨ ભાગ કરે છે. પ્રથમ ભાગમાંથી દ્યૂલોક (ભુવરલોક અને સ્વર્ગલોક) બીજા ભાગમાંથી ભૂલોક (ભૂર્લોક તથા પાતાળ) અને વચ્ચે આકાશ ઉત્પન્ન કરે છે. બંનેમાં દશ દિશાઓ, સમય, વાદળ, પ્રકાશ વગેરે નું નિર્માણ કરે

છે.

**૨.૩ :** બ્રહ્માજી પ્રજોત્પતિ કેવી રીતે કરે છે ?

**૨.૩.૦ :**

બ્રહ્માજી ને પ્રજોત્પતિ નું કાર્ય સોંપવામાં આવ્યું હોય છે. બ્રહ્માજી સર્વપ્રથમ પોતાના શરીરમાંથી ચાર વેદ ઉત્પન્ન કરે છે. પ્રજોત્પતિના વિષયને અનુસરીને પ્રથમ ચાર કુમારોને ઉત્પન્ન કરે છે. જેમના નામ છે.

૧. સનકકુમાર, ૨. સનંદન, ૩. સનાતન, ૪. સનતકુમાર. આ ચાર કુમારોનું અસ્તિત્વ આખા કલ્પ દરમિયાન અચળ રહે છે. આ ચાર કુમારો સનકાદિકુમારથી ઓળખાય છે.

**૨.૩.૧ :**

આ ચાર સનકાદિકુમારોએ પ્રજોત્પતિના કાર્યમાં રસ દર્શાવ્યો નહિ, તેઓને ફકત જ્ઞાન આપવાના પવિત્ર કાર્યમાંજ રસ હતો. આથી બ્રહ્માજીએ તેમને કુમારો તરીકે જ રહો તેવો શ્રાપ આપ્યો.

**૨.૩.૨ :**

આનાથી ગુસ્સે ભરાયેલા બ્રહ્માજીની આંખોમાંથી (ઘણા પુરાણ કપાળ દર્શાવે છે) લાલ-ભૂરા રંગના બાળકોનો જન્મ થયો. જન્મ થતા તેઓ રડવા માંડયા. બ્રહ્માજીએ તેમને રૂડ ના (રડો નહિ) એમ કહ્યું અને એમનું નામ રૂદ્ર પાડયું. આ ૧૧ રૂદ્રોનું અડધું શરીર પુરૂષનું અને અડધું સ્ત્રીનું હતું.

આ રૂદ્રો ના નામ પડયા. ૧. હર, ૨. બહુરૂપ, ૩. ત્રયંબક, ૪. અપરાજિત, ૫. વૃશ્કાપી, ૬. શંભુ, ૭. કપાદ્રી, ૮. રૈવત, ૯. મૃગવયાધ, ૧૦. શર્વા, ૧૧. કપાલી

**૨.૩.૩ :**

ત્યારબાદ બ્રહ્માજીએ વધુ દશ પુત્રો ઉત્પન્ન કર્યા જે "માનસપુત્રો" કહેવાયા. તેમના નામ નીચે મુજબ છે.

૧. મરીચી, ૨. વશિષ્ઠ, ૩. ક્રતૂ (અથવા રીતુ), ૪. પુલાહા, ૫. પુલત્સ્ય, ૬. અંગીરા (અંગીરસ), ૭. અત્રિ, ૮. ભૃગુ, ૯. પ્રજાપતિ દક્ષ, ૧૦. નારદ.

આમાંથી પ્રથમ સાત પહેલા મન્વન્તરના "સપ્તર્ષિ" કહેવાયા. પહેલા નવ માનસપુત્રોએ પ્રજોત્પતિની જવાબદારી સ્વીકારી જયારે નારદે ભાગવત ભકિત સ્વીકારી.

**૨.૩.૪ :**

બ્રહ્માજીએ વિચાર્યુ કે મૈથુન ક્રિયા વગર પ્રજોત્પતિ શકય નથી. આથી તેમણે તેમના ડાબા હાથમાથી સ્ત્રી અને જમણા હાથમાંથી પુરૂષ ઉત્પન્ન કર્યા જે શતરૂપા અને મનુ તરીકે ઓળખાયા. જે આ મનવન્તરની પ્રથમ જોડી બની.

**૨.૩.૫ :**

ત્યારબાદ બ્રહ્માજીએ પોતાની છાયામાંથી કર્દમ ને ઉત્પન્ન કર્યા (જે કર્દમ પ્રજાપતિ તરીકે ઓળખાયા) જેમના લગ્ન મનુ અને શતરૂપાની પુત્રી દેવહુતિ સાથે થયા. આ લગ્ન આ મન્વન્તરના પ્રથમ લગ્ન હતા.

**૨.૩.૬ :**

આ ઉપરાંત બ્રહ્માજીએ પોતાની છાતીમાંથી ધર્મ, હૃદયમાંથી કામદેવ અને ભૃકુટીમાંથી અગ્નિ ઉત્પન્ન કર્યા.

**૨.૪ :**

આ કારણોને લીધે બ્રહ્માજીને સૃષ્ટિના રચયિતા મનાય છે. હાલમાં તેઓને ચાર દિશામાં ચારમુખ (*) છે. તેઓ ચાર વદોના રચયિતા છે. પત્નીનું નામ સરસ્વતી, જે જ્ઞાન, સંગીત, કળા અને સાહિત્યના દેવી કહેવાય છે. બ્રહ્માજીની શકિત હંમેશા ઉપરી શકિત પર આધારિત છે. તેમનું વાહન હંસ છે. તેઓ ભગવાન તરીકે ભાગ્યેજ પૂજાય છે.

નોંધ : ૧ (*) : પુરાણિક કથા પ્રમાણે બ્રહ્માજીને પાંચ મુખ હતા. સંધ્યાની કથા અને શિવ, કપાલી કેમ કહેવાયા ? તેની કથા વાંચવાથી આ સત્ય ખબર પડશે.

નોંધ : ૨ : રૂદ્ર (મહેશ) નો જન્મ બ્રહ્માજીમાંથી જેઠ સુદ નોમને દિવસે થયો, જે મહેશ નવમી તરીકે ઓળખાય છે.

નોંધ : ૩ : બ્રહ્માજીના પત્ની સરસ્વતીનો જન્મ મહા સુદ પાંચમ, જે સરસ્વતી જયંતી તરીકે ઓળખાય છે.

નોંધ : ૪ : શ્રી વિષ્ણુભગવાનનો જન્મ પોષ સુદ અગિયારશ (વૈકુંઠ એકાદશી)

નોંધ : ૫ : લક્ષ્મીજીનું બીજુનામ કમલા. તેમનો જન્મ કારતક વદ અમાસ (કમલા જયંતી)

નોંધ : ૬ : શ્રી વિષ્ણુભગવાનના લગ્ન લક્ષ્મીજી સાથે શ્રાવણ સુદ અગિયારસે થયા હતા. (પુરૂષોત્તમ કમલા એકાદસી)

નોંધ : ૭ : અહીં ૨.૧.૨ માં દર્શાવેલ પંચમહાભૂત ઉત્પતિની સમજૂતી આ રીતે થાય.

- ✦ આકાશમાં ફકત એક મહાભૂતનો સમાવેશ છે. (આકાશ)
- ✦ હવામાં (વાયુ) બે મહાભૂતનો સમાવેશ છે. (હવા + આકાશ)
- ✦ અગ્નિમાં ત્રણ મહાભૂતનો સમાવેશ છે. (અગ્નિ + હવા + આકાશ)
- ✦ પાણીમાં ચાર મહાભૂતનો સમાવેશ છે. (પાણી+અગ્નિ + હવા + આકાશ)
- ✦ ધરતીમાં (પૃથ્વી) પાંચ મહાભૂતનો સમાવેશ છે. (ધરતી + પાણી + અગ્નિ + હવા +આકાશ)

નોંધ : ૮ : બ્રહ્માની રાત્રિ વખતે પ્રકૃતિ અને પુરુષ નિષ્ક્રિય અને નિર્વિકાર હોય છે. ત્રણે ગુણ એક બીજામાં ઓતપ્રોત હોય છે. જેમ તલમાં તેલ અને દુધમાં ઘી હોય છે.

લક્ષ્મીજી ભગવાન શ્રીવિષ્ણુના ચરણોની સેવા કરે છે. આનો અર્થ એમ થાય કે લક્ષ્મીની પ્રાપ્તિ માટે ઈશ્વરની કૃપા આવશ્યક છે. જો કોઈ વ્યકિત એવો અહંકાર સેવે કે તેણે પોતાના પરાક્રમથી આ લક્ષ્મી મેળવી છે તો એ લક્ષ્મી પોતાના કુળના સંહારને નિમંત્રણ આપે છે.

જયાં ભગવદ કાર્ય થતું હોય ત્યાં લક્ષ્મીજી (ધન) ઉપસ્થિત હોય છે. એનો અર્થ જ એમ થાય કે લક્ષ્મીકાંત એવા શ્રી વિષ્ણુ ભગવાન આ ભગવદ કાર્યના સંકલ્પ કરનારને લક્ષ્મી અર્પે છે.

## પૂર્વ ભૂમિકા : ૩

### બ્રહ્માજીના માનસપુત્રો

અગત્યની નોંધ : અહીં અને હવે પછી આપેલા દરેક પાત્રો અને વંશોના નામ ધ્યાનથી સમજવા. પુરાણોમાં આ નામોનો ઉલ્લેખ કથાઓમાં આવશે.

**૩.૦ :**

આપણે અગાઉ સમજ્યા તેમ બ્રહ્માજીએ સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે માનસપુત્રો ઉત્પન્ન કર્યા. આ માનસપુત્રોની વિગતો હવે આપણે ટૂંકમાં સમજીએ.

**૩.૧ :** સનકાદિકુમાર :

પ્રજોત્પતિના વિષયને અનુસરીને બ્રહ્માજી પ્રથમ ચાર કુમારોને ઉત્પન્ન કરે છે. જેમના નામ છે. ૧. સનકકુમાર, ૨. સનંદન, ૩. સનાતન, ૪. સનતકુમાર.

આ ચાર કુમારોનું અસ્તિત્વ આખા કલ્પ દરમિયાન અચળ રહે છે. આ ચાર કુમારો સનકાદિકુમાર થી ઓળખાય છે. આ ચાર સનકાદિકુમારોએ પ્રજોત્પતિના કાર્યમાં રસ દર્શાવ્યો નહિ, તેઓને ફકત જ્ઞાન આપવાના સાત્વિક અને પવિત્ર કાર્યમાં જ રસ હતો. આથી બ્રહ્માજીએ તેમને કુમારો તરીકે જ રહો તેવો શ્રાપ આપ્યો. આ ચાર કુમારોએ આપેલ ઉપદેશ ખુબ જ અદભુત, સાત્વિક, ધાર્મિક અને જ્ઞાનથી ભરપુર છે. દરેક વ્યકિતએ આ ઉપદેશ વાંચવો, સમજવો અને તેનું અમલીકરણ કરવું જોઈએ. પૃથુ અને નારદજીને પણ તેઓએ શિક્ષણ આપ્યું.

**૩.૨ :** મરીચી :

મરીચી નો અર્થ પ્રકાશનું કિરણ. પહેલા મન્વન્તરમાં સપ્તર્ષિ હતા. બ્રહ્માજીના માનસપુત્ર અને પ્રજાપતિ. બ્રહ્માજી દ્વારા ઉત્પન્ન કરાયેલ સૃષ્ટિ પર અજેય કરનાર. તેમના લગ્ન કર્દમ પ્રજાપતિની પુત્રી સંભૂતિ (કલા) સાથે થયા. તેમને ૨ પુત્રો અને ૧ પુત્રી થયા.

**પુત્રોના નામ :**

**૩.૨.૧ :** કશ્યપ :

જેઓ પછીથી પ્રજાપતિ તરીકે ઓળખાયા. મરીચી પાસે તેમણે એ પ્રકારે હકક લીધો. પ્રજોત્પતિના કાર્યમાં તેમણે ખુબજ અગત્યનો ભાગ ભજવ્યો. એમની છણાવટ પૂર્વભૂમિકા-૮ માં સમજશું.

**૩.૨.૨ :** પૂર્ણમાસ :

તેમના લગ્ન સરસ્વતી સાથે થયા. બે પુત્રો થયા, વિરજા અને સુધન્વા. વિરજાનો પુત્ર કીર્તિમાન થયો જેની પણ કથા વાંચવા જેવી છે.

**પુત્રીના નામ :**

**૩.૨.૩ :** દેવકૂલાઃ

જેઓ પાછળથી ગંગા નદીમાં પરિવર્તિત થયા.

**૩.૨.૪ :** શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે,

" દેવોમાં હું વિષ્ણુ છું, પ્રકાશમાં હું સૂર્ય છું,

મરૂત (રૂદ્ર) માં હું **મરીચી** છું અને તારાઓમાં હું ચંદ્ર છું"

**૩.૩ :** <u>અત્રિ:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. હાલના (સાતમાં) મન્વન્તરના સપ્તર્ષિ માંના એક. હાલનાં મનુષ્યોમાંથી કેટલાક બ્રાહ્મણ, પ્રજાપતિ, ક્ષત્રિય અને વૈશ્યના ગોત્રના નામ અત્રિ છે. અત્રિની પત્નીનું નામ અનસુયા દેવી. જેઓ કર્દમ પ્રજાપતિના પુત્રી છે. તમને ત્રણ પુત્રો અને એક પુત્રી થયા.

**૩.૩.૧ :**

પુત્રોના નામઃ દત્તાત્રેય, દુર્વાષા અને સોમ (ચંદ્ર).

**૩.૩.૨ :** પુત્રીનું નામ આમલા.

<u>નોંધ :</u>

૧ : ચંદ્ર અને તેના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારામતીની કથા વાંચવા જેવી છે.

૨. સોમ ના પુત્રનું નામ બુધ. બુધ કેવીરીતે ઉત્પન્ન થયા ? તે કથા વાંચવા જેવી છે.

૩. ભગવાન શિવ "સોમનાથ" કેમ કહેવાયા ? તે કથા વાંચવા જેવી છે.

૪. ચંદ્રના લગ્ન પ્રજાપતિ દક્ષની ૨૭ પુત્રી સાથે થયા. આ ચર્ચા પછીથી કરીશું.

૫. સોમ, દત્તાત્રેય અને દુર્વાષાને અનુક્રમે ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને શિવના અવતાર માનવામાં આવે છે.

૬. મહાભારતના યુદ્ધમાં જયારે દ્રોણાચાર્ય ખુબ માનવસંહાર કરી રહ્યા હતા ત્યારે તેમને સમજાવવા અત્રિ અન્ય **ઋ**ષિ સાથે આવ્યા હતા.

૭. ભગવાન શ્રી રામ વનવાસ દરમિયાન અત્રિ **ઋ**ષિના આશ્રમમાં આવ્યા હતા. અત્રીએ તેમને દંડકારણ્યનો રસ્તો બતાવ્યો હતો.

**૩.૪ :** <u>અંગીરા (અથવા અંગીરસ) :</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. પહેલા મન્વન્તરના સપ્તર્ષિ. અથર્વવેદ ના રચયિતા મનાય છે. બીજા ત્રણ વેદોમાં પણ તેમનું યોગદાન છે. તેમના પત્નીનું નામ શ્રદ્ધા. જેઓ કર્દમ પ્રજાપતિના પુત્રી છે. શ્રદ્ધાથી સ્મૃતિ નો જન્મ થયો. બ્રહ્માજીએ અંગીરાને ખુબ તેજ આપ્યું છે. તેઓ ડહાપણ, શકિત અને દેવત્વનો ભંડાર છે. ત્રણે લોકને તેજસ્વી કરી શકે તેવું તેમનું તેજ છે. માનવજાતિ અને પ્રજાતિના ઉદ્ધારનું કાર્ય બ્રહ્માજીએ તેમને સોંપ્યું છે. બ્રહ્માજીનું ફરમાન છે કે હું જયારે યાદ કરું ત્યારે તમારે હાજર થઈ જવું. વૈદિક મંત્રોની રચનામાં એમનો ખુબ મોટો ફાળો છે. ભૃગુ **ઋ**ષિ સાથે મળીને તેમણે યજ્ઞ પૂજા ની સ્થાપના કરી જે આખી દુનિયા માટે આશીર્વાદ રૂપ છે.

**૩.૪.૧ :**

તેમને સાત પુત્રો થયા.

૧. બૃહદ્કીર્તિ (ઉતથ્ય), ૨. બૃહદ્જયોતી (સંવર્ત), ૩. બૃહદબ્રહ્મ (ભારદ્વાજ), ૪. બૃહદમાનસ, ૫. બૃહદમંત્ર, ૬. બૃહદભાનું, ૭. બૃહદ્સ્પતી (જેને આપણે ગુરૂ ગ્રહ તરીકે ઓળખીએ છીએ.)

**૩.૪.૨ :**

તેમને સાત પુત્રી થઈ.

૧. ભાનુમતી, ૨. રાકા, ૩. સીની, ૪. વલી, ૫. એકાનેક, ૬. અર્ચિસ્મતી, ૭. મહિસ્મતી

<u>નોંધ :</u>

૧. ભારદ્વાજ આ મન્વતરમાં સપ્તર્ષિ છે.

૨. સંવર્ત હજુપણ વારાસણીની આજુબાજુના જંગલોમાં વૈરાગ્ય અવસ્થામાં ફરે છે તેમ કહેવાય છે.

૩. જેટલા **ઋ**ષિના નામ પાછળ અંગીરસ કે અંગીર લાગે છે તે બધા તેમના વંશજો છે.

**૩.૫ :** <u>પુલત્સ્ય:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. પહેલા મન્વન્તરના સપ્તર્ષિ. પુલત્સ્ય નું કાર્ય પુરાણોને લોકો સુધી પહોંચાડવાનું છે. એમણે વિષ્ણુપુરાણ બ્રહ્માજી પાસે પ્રાપ્ત કર્યું અને પરાશર મુનિને સોંપ્યું. જેમણે દુનિયામાં ખ્યાતનામ કર્યું. પુલત્સ્યના લગ્ન કર્દમ પ્રજાપતિની પુત્રી હવીબૂ સાથે થયા.

**૩.૫.૧ :** તેમને બે પુત્રો થયા. મહર્ષિ અગત્સ્ય અને વિશ્રવ.

**૩.૫.૧.૧ :** <u>મહર્ષિ અગત્સ્ય:</u>

તેમના પુત્ર ઉદ્ધવને ક્રતૂ એ દત્તક લીધા.

**૩.૫.૧.૨ :** <u>વિશ્રવ:</u>

તેમને બે પત્ની હતી, કેકાસી અને લવિદા (મંદાકિની)

**૩.૫.૧.૨.૧ :**

કેકાસીથી ત્રણ પુત્રો થયા. રાવણ, કુંભકર્ણ અને વિભીષણ. એક પુત્રી થઈ શુપર્ણખા. (આથી પુલત્સ્ય રાવણ, કુંભકર્ણ અને વિભીષણના દાદા (નાના) થયા. અહીં રાવણે બ્રહ્માજીને પ્રસન્ન કેમ કર્યા તે કથા વાચવા જેવી છે.)

**૩.૫.૧.૨.૨ :** લવિદાથી "કુબેર" નામના પુત્ર થયા જે સંપતિ ના રાજા થયા.

**૩.૫.૧.૨.૨.૧ :**

કુબેરના બે પુત્રો થયા. નલકુબેર અને મણીગ્રીવ. (જેઓને નારદે ઝાડ બની જવાનો શ્રાપ આપ્યો અને ભગવાન શ્રીકૃષ્ણએ શ્રાપમાંથી છોડાવ્યા. શ્રીમદ્ ભાગવતમાં તથા મહાભારતમાં આ કથા અવશ્ય વાંચવી.)

**૩.૬ :** <u>પુલાહા:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. તેમના લગ્ન કર્દમ પ્રજાપતિ ની પુત્રી ગતિ (અથવા ક્ષમા) સાથે થયા. સપ્તલોકની કાળજી રાખવાનું કાર્ય બ્રહ્માજીએ તેમને સોંપ્યું.

**૩.૬.૧ :** તેમના પુત્રો કર્મશ્રેષ્ઠ, મુનીશ્રેષ્ઠ અને સહિષ્ણુ થયા.

**૩.૭ :** <u>ક્રતુ (અથવા રીતુ) :</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. બ્રહ્માજીના અત્યંત ગર્વિષ્ઠ પુત્ર કહેવાય છે. કર્દમ પ્રજાપતિની પુત્રી સંતતિ (અથવા ક્રિયા) સાથે તેમના લગ્ન થયા.

**૩.૭.૧ :** તેમને ૬૦,૦૦૦ બાળકો થયા જે "વાલ્કીલ્ય" તરીકે ઓળખાય છે.

**૩.૭.૨ :**

તેમને બે બહેનો હતી. પુણ્ય અને સત્યવતી.

**૩.૭.૩ :**

ક્રતૂ સાથે મહાદેવ, દક્ષ અને સતી નો અધ્યાય સંકળાયેલો છે.

**૩.૭.૪ :**

હાલના મન્વન્તરમાં તેમનો જન્મ ભગવાન શિવના વરદાનને કારણે થયો. આ મન્વન્તરમાં તેમનું કોઈ કુટુંબ નથી. આથી અગત્સ્ય મુનીના પુત્ર ઉદ્ધવને (૩.૫.૧.૧) તેમણે દત્તક લીધો.

**૩.૮ :** <u>ભૃગુ:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. જ્યોતિષ વિદ્યાના પ્રણેતા. "ભૃગુસંહિતા" ના રચયિતા. મનુ ની સાથે "મનુસ્મૃતિ" રચવામાં સહાયક. પહેલા તેમનો આશ્રમ, ઘોષી ટેકરી (હમણાં હરિયાણા અને રાજસ્થાનની બોર્ડર) પર હતો. આ વિસ્તારમાં ભારે પૂર આવ્યા બાદ તેઓ ભૃગુકચ્છ (હાલનું ભરૂચ) નર્મદા નદીના કિનારે સ્થાયી થયા. એમના લગ્ન કર્દમ પ્રજાપતિ ની પુત્રી ખ્યાતિ અને દક્ષ પ્રજાપતિ ની પુત્રી પુલોમાં સાથે થયા.

**૩.૮.૧ :**

ખ્યાતી થી ૨ પુત્રો થયા. ધાતા અને વિધાતા, અને એક પુત્રી થયા. ભાર્ગવી (અથવા શ્રી અથવા લક્ષ્મી)

**૩.૮.૧.૧ :**

ધાતા અને વિધાતા ના લગ્ન દક્ષ પ્રજાપતિની પુત્રી આયાતી અને નિયતિ (૬.૪.૬) સાથે થયા અને પ્રાણ અને મ્રીકાંડ નામના પુત્રો ઉત્પન્ન થયા.

**૩.૮.૧.૧.૧ :**

પ્રાણમાંથી દ્યુતિમાન ઉત્પન્ન થયા.

**૩.૮.૧.૧.૨ :**

મ્રીકાંડ+મનસ્વીદેવી થી માર્કંડેય **ઋ**ષિ થયા.

માર્કંડેય+ધુમ્રવતી થી વેદાસ્ત્રીદા ઉત્પન્ન થયા જેમને કાવ્યમાતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

**૩.૮.૧.૧.૨.૧ :**

આ કાવ્યમાતાના પુત્ર કવીભાર્ગવ થયા. જે અસુરોના ગુરુ "શુક્રાચાર્ય" તરીકે ઓળખાયા. (શુક્રાચાર્યનો જન્મ શ્રાવણ સુદ આઠમ, એમનો જન્મ શુક્રવારે થયો હોવાથી અઠવાડીયાના એ દિવસને શુક્રવાર તરીકે માન્યતા મળી.)

**૩.૮.૧.૧.૨.૨ :**

માર્કંડેય **ઋ**ષિએ "મહામૃત્યુંજય" જપ બનાવ્યો. "દેવીસ્તોત્ર" પણ એમણે રચ્યું. જે માર્કંડેય પુરાણમાં સવિસ્તાર વર્ણવવામાં આવ્યું છે. વિષ્ણુ અને શિવ એક જ પરમાત્માના અંશ છે તે બતાવવા તેમણે પુરુષોત્તમ ક્ષેત્ર (પુરી) માં મંદિર બનાવ્યું જે ભુવનેશ્વર તરીકે

ઓળખાય છે.

**૩.૮.૧.૨ :** ભાર્ગવી (અથવા શ્રી અથવા લક્ષ્મી) ના લગ્ન વિષ્ણુ સાથે થયા.

**૩.૮.૨ :** પુલોમાંથી ચ્યવન નામના પુત્ર થયા. આ ચ્યવનના પુત્ર "જમદગ્નિ" (૪.૫) હાલના મન્વન્તરના સપ્તર્ષિ છે. જમદગ્નિના પુત્ર "પરશુરામ" થયા. ચ્યવનને ભૃગુ ઋષીએ ઘોષી ટેકરી પર જ છોડી દીધા હતા.

નોંધ : ભૃગુ ઋષીએ બ્રહ્માજી, વિષ્ણુ અને મહેશની શ્રેષ્ઠતા બાબતની લીધેલી પરીક્ષાની કથા વાંચવા જેવી છે. બ્રાહ્મણોને ત્યાં લક્ષ્મીજી કેમ પધારતા નથી ? તેનું સત્ય આમાં સમાયેલું છે.

**૩.૯ :** <u>પ્રજાપતિ દક્ષ:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. એક મહાન રાજા. પ્રજોત્પતિના કાર્યમાં એમની પુત્રીઓએ ખુબ અગત્યનો ભાગ ભજવ્યો. એક આખું પ્રકરણ પૂર્વભૂમિકા-૭ માં આપણે આગળ સમજશું.

**૩.૧૦ :** <u>કર્દમ પ્રજાપતિ:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. તેમના લગ્ન મનુ અને શતરૂપાના પુત્રી દેવાહુતી સાથે થયા. તેમને નવ પુત્રી અને એક પુત્ર હતા. કર્દમ પ્રજાપતિએ સરસ્વતી નદીના કિનારે તપસ્યા કરી હતી.

**૩.૧૦.૧ :**

કર્દમ પ્રજાપતિની પુત્રીઓના લગ્ન બ્રહ્માજીના માનસપુત્રો સાથે થયા. જે આ મુજબ છે.

૧. કલા (સંભૂતિ) - મરીચી, ૨. અનસુયા - અત્રિ, ૩. શ્રદ્ધા (સ્મૃતિ) - અંગીરસ ૪. હવીબુ - પુલત્સ્ય, ૫. ગતિ (ક્ષમા) - પુલાહા, ૬. સંતતિ (ક્રિયા) - ક્રતૂ, ૭. ખ્યાતી - ભૃગુ, ૮. ઉર્જા - વશિષ્ઠ, ૯. શાંતિ - અથર્વા (જેમના અશ્વશીરા નામના પુત્ર થયા)

**૩.૧૦.૨ :** એમના પુત્રનું નામ હતું "કપીલાચાર્ય" અથવા "કપીલમુનિ" જેઓ વિષ્ણુના અંશાવતાર કહેવાય છે.

**૩.૧૧ :** <u>વશિષ્ઠ:</u>

બ્રહ્માજીના એક માનસપુત્ર અને પ્રજાપતિ. હાલના સપ્તર્ષિ. તેમની પાસે કામધેનું નામની દિવ્ય ગાય અને નંદીની હતા. ઋગવેદ પ્રમાણે તેઓ મિત્રવરુણ અને ઉર્વશીના પુત્ર હતા. તેમની પત્ની નું નામ અરુંધતી, જેઓ બ્રહ્માજીની માનસપુત્રી સંધ્યા નો યજ્ઞમાંથી અવતરણ થયેલ અવતાર ગણાય છે. તેઓ "વશિષ્ઠ સંહિતા"ના રચયિતા અને "ઋગવેદ મંડળ સાત"ના રચયિતા છે. હમણાં આકાશમાં પત્ની સાથે ચમકે છે. વશિષ્ઠ ઋષિએ પુલત્સ્ય સાથે વિષ્ણુ પુરાણ નું વર્ણન કર્યુ છે. દ્વાપર યુગમાં વેદનું મહત્વ તેમણે વધાર્યુ.

**૩.૧૧.૧ :**

વશિષ્ઠને સો પુત્ર થયા. શકિત સહુથી મોટા પુત્ર, જેમના લગ્ન અદ્રીશાંતિ સાથે થયા

અને પરાશર નામે પુત્ર થયા જે પુરાણોમાં "પરાશર મુનિ" તરીકે જાણીતા છે.

**૩.૧૧.૧.૧ :**

પરાશરને મત્સ્યગંધા તરીકે ઓળખાતા સત્યવતીથી (જેઓ પછીથી શાન્તનું ના પત્ની બન્યા). વેદ વ્યાસ ઉત્પન્ન થયા. વ્યાસથી ધ્રુતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર ઉત્પન્ન થયા. વ્યાસથી શુકદેવજી પણ ઉત્પન્ન થયા. આમ પરાશર મહાભારતના બંને પક્ષેના દાદા થયા. મહાભારતમાં આ સંપૂર્ણ કથા અવશ્ય વાંચવીજ જોઈએ.

**૩.૧૧.૨ :**

બાકીના તમામ પુત્રોને ઈસ્વાકૂ (સૂર્યવંશના રાજા, આગળ પૂર્વભૂમિકા-૯ માં સમજશું) ની ૪૬ મી પેઢીના રાજા કલ્મશપદે વિશ્વામિત્રની દુશ્મનીથી મારી નાખ્યા હતા.

**૩.૧૨ :** <u>નારદ:</u>

માહિતીના મુખ્ય સ્ત્રોત. પૃથ્વીના પહેલા પત્રકાર તરીકે ઓળખાય છે. બ્રહ્માજીના જમણા હાથમાંથી પહેલી વખત તેમની ઉત્પત્તિ થઈ. તેમને ૬૦ પત્ની હતી. એક કથા પ્રમાણે નારદ પહેલા એક ગાંધર્વ હતા. જેઓને શ્રાપ ના કારણે બીજી વખતે પૃથ્વી પર દેવર્ષિ તરીકે (બીજી હરોળના દેવ) સ્થાન મળ્યું. ભગવાન શ્રીવિષ્ણુના વિરાટ સ્વરૂપનું તેમણે દર્શન કર્યું હતું.

હિંદુ ધર્મના સાહિત્યમાં નારદજીએ ખુબ અગત્યનો ભાગ ભજવ્યો છે. રામાયણ અને ભાગવતમાં પણ તેમનું સ્થાન ઘણું છે. પ્રાચીન સમયમાં સંગીતના પ્રખર જાણકાર તરીકે તેમની નામના હતી. "નારદસ્મૃતી" ની તેમણે રચના કરી હતી. સનકાદિકુમાર પાસે તેમણે શિક્ષા લીધી હતી.

**૩.૧૩ :** <u>ધર્મ:</u>

બ્રહ્માજીની છાતીમાંથી ધર્મનો જન્મ થયો. પ્રજાપતિ દક્ષની તેર પુત્રીઓ સાથે તેમના લગ્ન થયા. (પુરાણોમાં આ બાબતમાં વિસંગતતા છે. અહીં દર્શાવિલ વિગત વિષ્ણુ પુરાણ પ્રમાણે છે.) ધર્મ શબ્દ ધ્રૂ ધાતુ પરથી પડયો છે. જેનો અર્થ છે ટેકો આપવો, પકડવું, ખમવું. આ પ્રમાણે સમજતા જે સ્થાયી તત્વની, રિવાજોની, હકકોની, ફરજોની, ન્યાયની, કારણોની, ચરિત્રની, ગુણવત્તાની, સારા કાર્યોની, પ્રકૃતિની, સારા લક્ષણોની દ્રઢતા પૂર્વક સ્થાપના કરે તે ધર્મ કહેવાય.

**૩.૧૩.૧ :**

દક્ષ પ્રજાપતિની જે પુત્રીઓના લગ્ન ધર્મ સાથે થયા તેની વિગત નીચે મુજબ છે.

**૩.૧૩.૧.૧ :**

<u>શ્રદ્ધા:</u> તેમાંથી કામનો જન્મ થયો. કામના લગ્ન રતિ સાથે થયા. અને હર્પનો જન્મ થયો.

**૩.૧૩.૧.૨ :**

<u>લક્ષ્મી:</u> દર્પને (અધર્મ) જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૨. ૧ :** દર્પના લગ્ન હિંસા સાથે થયા અને અનૃત, નીકૃત, માયા, વેદના ઉત્પન્ન

થયા.

**૩.૧૩.૧.૨.૧.૧ :** અનૃતથી ભય, નીકૃતથી નરક, માયાથી મૃત્યુ અને વેદનાથી દુઃખ ઉત્પન્ન થયા.

**૩.૧૩.૧.૨.૧.૧.૧ :** મૃત્યુથી વ્યાધી, જરા, શોક, તૃષ્ણા, ક્રોધ ઉત્પન્ન થયા.

**૩.૧૩.૧.૩ :** દ્વિતીઃ નિયમને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૪ :** તુષ્ટિઃ સંતોષને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૫ :** પુષ્ટિઃ લોભને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૬ :** મેધાઃ શ્રુતને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૭ :** ક્રિયાઃ દંડ અને નય ને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૮ :** બુદ્ધિઃ બોધને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૯ :** લજ્જાઃ વિનયને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૧૦ :** વપુઃ વ્યવસાય ને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૧૧ :** શાંતિઃ ક્ષમાને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૧૨ :** સિદ્ધિઃ સુખને જન્મ આપ્યો.

**૩.૧૩.૧.૧૩ :** કીર્તિઃ યશને જન્મ આપ્યો.

**૩.૧૪ :**

કામદેવઃ

કામદેવનો જન્મ એક નોંધ પ્રમાણે બ્રહ્માજીના હાથમાંથી થયો હોવાનું કહેવાય છે. બીજી નોંધ પ્રમાણે હૃદયમાંથી થયો હોવાનું કહેવાય છે. ઘણા સાહિત્યોમાં કામદેવનો જન્મ શ્રદ્ધામાંથી થયો હોવાનું જણાવે છે. ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નને કામદેવનો અવતાર માનવામાં આવે છે. કામદેવ ઈન્દ્રને અનુસરે છે તેમ માનવામાં આવે છે.

કામદેવને ભગવાન શિવે પોતાના ત્રીજા લોચનથી ભસ્મ કર્યા. ત્યારબાદ બીજા દેવતાઓની વિનંતીથી ભગવાન શિવે બીજા જન્મ માં કામદેવ શ્રીકૃષ્ણ અને રૂકમણીના પુત્ર તરીકે દ્વાપરયુગમાં જન્મ લેશે એવા આશીર્વાદ આપ્યા હતા. જયાં તેઓ શામ્ભર નો નાશ કરશે.

નોંધ : અહિં ૩.૮.૧.૧.૨.૨ માં દર્શાવેલ “દેવીસ્તોત્ર” હાલમાં “દુર્ગાસપ્તશતિ” તરીકે પ્રચલિત છે. સપ્તશતિ એટલે સાતસો શ્લોકોનો સંપૂટ. આ અર્થમાં ગીતા પણ સપ્તશતિ કહેવાય.

## પૂર્વ ભૂમિકા : ૪

### હાલના સપ્તર્ષિ: (સાતમાં મન્વન્તરના)

**૪.૧ :** અત્રિ:

અગાઉ ૩.૩ માં વિસ્તૃત ચર્ચા કરી છે.

**૪.૨ :** વશિષ્ઠ:

અગાઉ ૩.૧૧ માં વિસ્તૃત ચર્ચા કરી છે.

**૪.૩ :** વિશ્વામિત્ર:

વિશ્વામિત્ર પહેલા કૌશિક નામના રાજા હતા. (કુશાનો પુત્ર કુશનાભ અને કુશનાભનો પુત્ર કૌશિક, આગળ વંશોના ચરિત્ર વર્ણન ૧૧.૧.૨ માં આવશે.) વશિષ્ઠ સાથેની લડાઇ પછી ઘણા વર્ષો સુધી તપ કર્યું. ત્યારબાદ વશિષ્ઠ પાસેથી જ મહર્ષિ નું બિરુદ પ્રાપ્ત કર્યું.

ઈન્દ્રે મેનકાને વિશ્વામિત્રના તપ ભંગ માટે મોકલી હતી. તે કથા જાણીતી છે.

**૪.૩.૧ :**

મેનકા અને વિશ્વામિત્રને શકુંતલા નામે પુત્રી હતી. શકુંતલા દુષ્યંત ના પત્ની હતા. તેમને ભારત નામના પુત્ર થયા. જેમના પરથી આપણી ધરતીનું નામ ભારત પડયું.

નોંધ :- દુષ્યંત કુરુવંશના રાજા હતા. હસ્તિનાપુરની ગાદી સંભાળી હતી. સીતા અને રતનતારાના પુત્ર હતા. વધુ કુરુવંશ (પૂર્વભૂમિકા-૧૩) ના પ્રકરણ માં સમજશું.

**૪.૩.૨ :**

કૌશિક મહર્ષિ બન્યા પછી પણ તેમનો સ્વભાવ ખુબ ગુસ્સાવાળો હતો. "ગાયત્રીમંત્ર"ની રચના વિશ્વામિત્રે કરી હતી. તેઓ રામ અને લક્ષ્મણના ગુરૂ હતા. તેઓ યુદ્ધ કળા અને દેવશસ્ત્રો શીખ્યા હતા. સશકત રાક્ષસોને હણવામાં રામને મદદ કરી હતી. સીતા સ્વયંવરમાં પણ રામ ને મદદ કરી હતી.

**૪.૪ :** ગૌતમ: (ગૌતમ **ઋ**ષિ)

અંગીરસ (૩.૪) ના વંશજ રાહુગણ ના પુત્ર. તેમની પત્નીનું નામ અહલ્યા. (અહલ્યા બ્રહ્માજીની માનસપુત્રી કહેવાય છે) અહલ્યા-ગૌતમ **ઋ**ષિની ૬૦ વર્ષ લાંબી તપસ્યા મહાભારતમાં "શાંતિપર્વ" તરીકે ઓળખાય છે.

**૪.૪.૧ :**

તેમના ૨ પુત્રો હતા. વામદેવ (આ વામદેવ એટલે રુદ્ર નહિ) અને નોંધસ. (નોંધસ શતાનંદ તરીકે ઓળખાયા).

**૪.૪.૨ :**

તેમને ૩ પુત્રી હતી. જયા, જયંતી અને અપરાજિતા.

**૪.૪.૩ :**

ભગવાન શિવની ત્રંબકેશ્વરની કથા ગૌતમ**ઋ**ષિ સાથે સંકળાયેલ છે. ગૌતમ**ઋ**ષિએ ગૌતમીગંગા નું અનાવરણ કર્યું હતું. બ્રહ્મ પુરાણમાં સવિસ્તાર વર્ણન છે. આ

ગૌતમી ગંગા હવે ગોદાવરી કહેવાય છે. જયા પાર્વતી ની કથા, કપોતાતીર્થ, ગરુડતીર્થ, વિશ્વામિત્રતીર્થ અને વૃદ્ધાસંગમ ની કથા પણ અહીં સંકળાયેલ છે.

**૪.૪.૪ :**

ગૌતમ ના પુત્ર શતાનંદ "ધર્મસૂત્ર" ના રચયિતા હતા. મીથીલાના રાજા જનકના પુરોહિત હતા. હિંદુ ધર્મના દરેક રીવાજો, ચાર આશ્રમ, સંસ્કારો, ચાર વર્ણો, રાજાની જવાબદારી, ભોજનની પ્રકૃતિ, સ્ત્રીઓનો ધર્મ, પાપની સજા, વારસાઈના નિયમો વગેરે ધર્મસૂત્રમાં આપવામાં આવ્યા છે.

**૪.૪.૫ :** ગૌતમના અગત્યના શિષ્યો પ્રચિનયોગ, સંધીલ્ય, ગર્ગ, ભારદ્વાજ હતા.

**૪.૫ :** જમદગ્નિ:

હાલના સપ્તર્ષિ, ભૃગુ **ઋ**ષિના પુત્ર ચ્યવનના પુત્ર. અને ભગવાન શ્રીવિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામ ના પિતા. પત્નીનું નામ રેણુકા.

**૪.૫.૧ :**

પુત્રો: વાસુ, વિશ્વ, બૃહદયા, બૃત્વંકવા અને રામભદ્ર (જે પછીથી પરશુરામ તરીકે ઓળખાયા)

**૪.૬ :** ભારદ્વાજ:

હાલના સપ્તર્ષિ. વૈદિક સમયના સંત હતા. યોગ, મેડિટેશનના મહાન કર્તા હતા. હજુપણ એમનો આશ્રમ પ્રયાગમાં છે.

**૪.૬.૧ :** ગુરૂ દ્રોણાચાર્યના પિતાજી અને અશ્વત્થામાના દાદા. દેવર્ષિ બૃહસ્પતીના પુત્ર. (બૃહસ્પતી અંગીરા ના પુત્ર)

**૪.૬.૨ :** તેમના લગ્ન સુશીલા સાથે થયા. તેમના પુત્રનું નામ ગર્ગ હતું.

**૪.૬.૩ :** ગુરૂ દ્રોણાચાર્યનો જન્મ અપ્સરા ગ્રીતાચીના સંસર્ગથી થયો.

**૪.૬.૪ :** તેમની પુત્રીનું નામ દેવ વર્ણી હતું.

**૪.૬.૫ :** તેમણે દ્રોણાચાર્ય ને શસ્ત્રોની તાલીમ આપી. ગુરૂ દ્રોણાચાર્ય તાલીમ લીધા પછી કૌરવો અને પાંડવોના ગુરૂ બન્યા.

**૪.૬.૬ :** દ્રોણાચાર્યને એક પુત્ર હતા. અશ્વત્થામા. જે ભગવાન શિવના અવતાર મનાય છે.

**૪.૭ :** કશ્યપ:

"કશ્યપસંહિતા" ના રચયિતા. દક્ષ પ્રજાપતિની તેર પુત્રી સાથે લગ્ન થયા અને આખો સંસાર ઉત્પન્ન થયો. તેઓ બ્રહ્માજીના માનસપુત્ર પણ કહેવાયા. (મરીચી પાસે તેમણે આ પદવી પ્રાપ્ત કરી હતી). હિમાલયમાં આવેલ કાશ્મીરનું નામ કશ્યપ પરથી પડયું છે. કશ્યપના વિગતવાર પ્રકરણની ચર્ચા હવે પછી પૂર્વભૂમિકા-૮ માં કરીશું.

**આ સાત મહર્ષિઓ હમણા સપ્તર્ષિ તરીકે આકાશમાં ચમકે છે.**

# પૂર્વ ભૂમિકા : ૫

## વિવિધ મન્વન્તરનો પરિચય

**૫.૦ :** આપણે અગાઉ મન્વન્તરની વ્યાખ્યા જોઈ ગયા (૧ મન્વન્તર = ૭૧ ચતુર્યુગ અને ૧૪ મન્વન્તર = ૧ કલ્પ )

હવે હાલ ના "શ્વેત વરાહ કલ્પ" ના ૧૪ મન્વન્તર વિષે આપણે સમજશું.

આ કલ્પના ૧૪ મન્વન્તર તેમના મનુના નામ વગેરે નું વર્ણન નીચે મુજબ છે. (નોંધ : હાલમાં ૭ માં વૈવસ્વત મનુનો મન્વન્તર ચાલી રહ્યો છે.)

**૫.૧ :** પહેલું મન્વન્તર (સ્વયંભૂ મનુ)

"સ્વયંભૂ મનુ" ના આખા પ્રકરણની ચર્ચા આપણે હવે પછીના પ્રકરણ પૂર્વભૂમિકા-૬ માં કરીશું. અત્યારે ટૂંકમાં મન્વન્તરની વિગત જોઈએ તો,

**૫.૧.૧ :**

આ મન્વન્તરના સપ્તર્ષિઓ હતા.

૧. મરીચી, ૨. અત્રિ, ૩. પુલાહા, ૪. ક્રતૂ, ૫. પુલત્સ્ય, ૬. વશિષ્ઠ, ૭. અંગીરા

**૫.૧.૨ :** પ્રભુના અવતારનું નામ યજના હતું.

**૫.૨ :** બીજું મન્વન્તર (સ્વરોચિ મનુ) :

**૫.૨.૧:** કલીન્ગવર્ધન નામના મુની અને વરૂથીની નામની અપ્સરાથી વૈશાખ વદ આગિયારસ (વરૂથીની એકાદશી) ના દિવસે "સ્વરોચિ" નો જન્મ થયો.

**૫.૨.૨ :** એમને ત્રણ પત્ની હતી. ૧. મનોરમા, ૨. કલાવતી, ૩. વિભાવરી

**૫.૨.૩ :** આ ત્રણ પત્નીથી એમને ત્રણ પુત્રો થયા. ૧. વિજય, ૨. મેરુનંદ, ૩. પ્રભવ

**૫.૨.૪ :** આ ઉપરાંત તેમના અપ્સરા મૃગીના સંસર્ગથી ૪ પુત્રો થયા.

૧. ચૈત્ર, ૨. ધ્રુમત, ૩. સુસેના, ૪. રચસ્મિત (ધ્રુતિમાન).

આમાંથી ધ્રુતિમાન "સ્વરોચિ મનુ" તરીકે ઓળખાયા.

**૫.૨.૫ :** ચૈત્રના પુત્ર રાજા સુરથ થયા. આ રાજા સુરથ, ઋષિ મેધ અને વૈશ્ય સમાધિની કથા દુર્ગા સપ્તશતીમાં છે. જેમાં મધુ-કૈટભ વધ, ધુમ્રલોચન વધ, ચંડ-મુંડ વધ, રકતબીજ વધ, શુંભ-નીશુમ્ભ વધની કથા છે. આ દાનવોનો વધ કર્યા પછી જયારે દેવોએ, ઈન્દ્ર અને અગ્નિના નેતૃત્વમાં દેવીની પ્રાર્થના કરી પૃથ્વી પર અવતરણ કરવા વિનવ્યા ત્યારે દેવીએ તેમને વરદાન આપ્યું કે તેઓ "વૈવસ્વત મન્વન્તર" માં યશોદાના ગર્ભમાં જન્મ લેશે અને દૈત્યોનો નાશ કરશે. વિપ્રચિતનો પણ તેઓ નાશ કરશે. રાજા સુરથ અને વૈશ્યએ પણ દેવીની સ્તુતિ કરી અને તેમને પ્રસન્ન કર્યા. દેવીએ તેમને બીજા જન્મમાં તેઓ "સંવર્ણિમનુ" (સૂર્યપુત્ર) થશે તેવું વરદાન આપ્યું. દુર્ગાસપ્તશતીમાં આ કથા અવશ્ય વાંચવી.

**૫.૨.૬ :** સ્વરોચિ મનુને નવ પુત્રો હતા.

૧. હવીદ્ર, ૨. સુકૃતિ, ૩. જયોતિ, ૪. અપોમૂર્તિ, ૫. અયસ્મય, ૬. પ્રથિત, ૭. નાભાસ્ય, ૮. ઉર્જા, ૯. નાભ

**૫.૨.૭ :** આ મન્વન્તરના સપ્તર્ષિ હતા.

૧. ઉર્જા, ૨. સ્તંભ, ૩. પ્રાણ, ૪. ઋષભ, ૫. દત્તોલી, ૬. નિશ્વર, ૭. અર્વવીર

(નોંધ : દરેક મન્વન્તરમાં અલગ સપ્તર્ષિ નીમવાની પ્રથા આ મન્વન્તરમાં શરૂ થઈ. આ દિવસ હતો ભાદરવા સુદ પાંચમ, જે ઋષિ પંચમી તરીકે ઓળખાય છે.)

**૫.૨.૮ :** આ મન્વન્તરના ઈન્દ્ર હતા વિસ્પજીત

**૫.૨.૯ :** પ્રભુના અવતારનું નામ હતું વિભુ.

**૫.૨.૧૦ :** પારાવત ગણ અને તુષિત ગણ દેવગણ હતા.

**૫.૩ :** ત્રીજું મન્વન્તર: "ઉત્તમ મનુ"

**૫.૩.૧ :** પ્રિયવ્રતના પુત્ર અને ધ્રુવના ભાઈ. (હવે પછીના પ્રકરણ પૂર્વભૂમિકા-૬ માં વિગત આવશે)

**૫.૩.૨ :** તેમને ૧૩ પુત્રો હતા.

૧. અજા, ૨. પરશુચી, ૩. દિવ્ય, ૪. દિવ્યસંધી, ૫. નય, ૬. દેવામ્બુજ, ૭. અપ્રતિમ, ૮. ગજ, ૯. વિનીત, ૧૦. સુકેતુ, ૧૧. સુમીત્ર, ૧૨. સુમતિ, ૧૩. પ્લુતી

**૫.૩.૩ :** ઈન્દ્રનું નામ સુશાંતિ હતું. (આજે પણ વિધ્નોનો નાશ કરવા સુશાંતિ ગાથા ગવાય છે.)

**૫.૩.૪ :** સ્વધામાં, પ્રતર્દન, વશવર્તી, શિવ, અને સત્ય દેવગણ હતા.

**૫.૩.૫ :** પ્રભુના અવતારનું નામ સત્યસેના હતું.

**૫.૪ :** ચોથો મન્વન્તર: 'તામસ મનુ"

**૫.૪.૧ :** સ્વરસ્ત્રના લગ્ન ધ્રુધન્વની પુત્રી ઉત્પલવતી સાથે થયા. મનુનો જન્મ તામસી યોનીમાં થયો આથી તેમનું નામ "તામસ મનુ" પડયું.

**૫.૪.૨ :** તેમને દશ પુત્રો હતા.

૧. ધૃતિ, ૨. તપસ્ય, ૩. સુતપ, ૪. તપોમૂલ, ૫. તપોધન, ૬. તપોરતી, ૭. કલ્મશ, ૮. તન્વી, ૯. ધન્વી, ૧૦. પ્રતંપ (નોંધ : માર્કંડેય પુરાણમાં પુત્રો ના નામ નર, શાંતિ, શત, દંત, જહનું અને જંઘા છે.)

**૫.૪.૩ :** સપ્તર્ષિના નામ:

૧. કાવ્ય, ૨. પ્રિથું, ૩. અગ્નિ, ૪. જયોતીધર્મ, ૫. બલક, ૬. પિવર, ૭. ચૈત્ર

**૫.૪.૪ :** ઈન્દ્રનું નામ શીખી હતું.

**૫.૪.૫ :** સત્ય, સુરૂપ, સુધ્ય, અને હરિ દેવગણ હતા. દરેકને ૨૭ દેવ હતા.

(નોંધ : આ મન્વન્તરમાં ગજેન્દ્રમોક્ષની કથા જાણતી છે.)

**૫.૫ :** પાંચમો મન્વન્તર: "રૈવત મનુ"

**૫.૫.૧ :** રૈવત મનુ ભારતના વંશજ હતા. વિક્રમાશીલ+કાલિન્દી=દુર્ગમ (રીત્વક), દુર્ગમ + રૈવતી = રૈવત (નોંધ : પ્રમુચી ઋષિ અને રેવતી નક્ષત્રની કથા વાંચવા જેવી છે.)

**૫.૫.૨ :** રૈવત મનુના દશ પુત્રો હતા.

૧. ધ્રુતિમાન, ૨. અવ્યય, ૩. યુકત, ૪. તત્વદોશી, ૫. નિરુત્સક, ૬. અરણ્ય, ૭. પ્રકાશ, ૮. નિર્મોહ, ૯. સત્યવાક, ૧૦. કવિ

(નોંધ :માર્કંડેય પુરાણ પ્રમાણે બલ્બંધુ, મહાવિર્ય, સત્યવક, સુવાસ્ત્વ પુત્રો હતા.)

**૫.૫.૩ :** આ મન્વન્તરના સપ્તર્ષિ

૧. હિરણ્યરોમ, ૨. વેદશ્રી, ૩. ઊર્ધ્વબાહુ, ૪. પર્જન્ય, ૫. મહામુની વશિષ્ઠ, ૬. દેવબાહુ, ૭. સુધામાં

**૫.૫.૪ :** ઈન્દ્રનું નામ વિભુ હતું.

**૫.૫.૫ :** પ્રભુના અવતારનું નામ વૈકુંઠ હતું.

**૫.૫.૬ :** અમર્તમાં, ભૂપતિ, વિકુન્થ, સુમેઘા દેવગણ હતા. દરેક ગણમાં ચૌદ દેવતા હતા.

**૫.૬ :** છઠ્ઠો મન્વન્તર: "ચક્ષુસ મનુ"

**૫.૬.૧ :** ધ્રુવ વંશના હતા. સ્વયંભુ મનુના અવતાર કહેવાય છે. તેમના પહેલા જન્મમાં તઓ બ્રહ્માની આંખમાંથી જનમ્યા હોવાથી "ચક્ષુસ મનુ" કહેવાયા. આ જન્મમાં તેઓ અમિત્ર+ગીરીભદ્રા થી જનમ્યા. (૬.૨.૨.૨.૧.) ચક્ષુસ મનુના લગ્ન ઉગ્રની પુત્રી વિદર્ભ સાથે થયા.

**૫.૬.૨ :** તેમના નવ પુત્રો હતા.

૧. ઉરૂ, ૨. પૂરૂ, ૩. શત્દ્યુમન, ૪. તપસ્વી, ૫. સીબી, ૬. અભિમન્યુ, ૭. અગ્નિસ્તંભ, ૮. અત્રીસ્ત, ૯. સુદ્યુમાન

**૫.૬.૩ :** આ મન્વન્તરના સત્પર્ષિ

૧. ઉન્ન્ત, ૨. હવીશ્માન, ૩. સુમેધા, ૪. વિરજા, ૫. અતિનામ, ૬. સહિષ્ણુ, ૭. મઘુ

**૫.૬.૪ :** ઈન્દ્રનું નામ મનોજવ હતું.

**૫.૬.૫ :** આપ્ય, પ્રસૂત, ભવ્ય, પ્રથુકા, મહાનુભવ, અને લેખ દેવગણ હતા.

**૫.૬.૬ :** પ્રભુના અવતારનું નામ અજીતા હતું.

**૫.૭ :** સાતમો મન્વન્તર: "વૈવસ્વત મન્વન્તર" : (હાલનો મન્વન્તર)

**૫.૭.૧ :** આ મન્વન્તર હાલમાં ચાલી રહ્યો છે. એક આખા પ્રકરણ પૂર્વભૂમિકા-૯ માં આ મન્વન્તરની ચર્ચા કરીશું.

**૫.૭.૨ :** ટૂંકમાં જોઈએ તો વૈવસ્વત એ વિવાસ્વાન (સૂર્યદેવ) ના પુત્ર. બીજું નામ શ્રદ્ધાદેવ . તેમને નવ પુત્રો અને એક પુત્રી છે. જેનો વિગતવાર અભ્યાસ "સૂર્યવંશ" માં કરીશું.

**૫.૭.૩ :** આ મન્વન્તરના સપ્તર્ષિ છે.

૧. કશ્યપ, ૨. અત્રિ, ૩. વશિષ્ઠ, ૪. વિશ્વામિત્ર, ૫. ગૌતમ, ૬. જમદગ્નિ, ૭. ભારદ્વાજ (બધા નો પરિચય પૂર્વ ભૂમિકા-૪ માં જોઈ ગયા.)

**૫.૭.૪ :** ઈન્દ્રનું નામ પુરંદર છે.

**૫.૭.૫ :** આદિત્ય, વસુ, રુદ્ર, મરુતગણ, અશ્વિનીકુમારો દેવતા છે. આપણે હાલમાં ૩૩ દેવતાઓને પૂજીએ છીએ. જેમાં ૧૨ આદિત્યો (વરુણ, મિત્ર, આર્ય, ભગ, અંશ, ધાતા, ઈન્દ્ર, સવિત્ર, ત્વસ્થ, વિષ્ણુ, પૂષા, વિવાસ્વાન), આઠ વસુઓ (પૃથ્વી, અગ્નિ, અન્તરિક્ષ, જળ, વાયુ, ધ્યાસ એટલે આકાશ, સૂર્ય, ચંદ્ર અને નક્ષત્ર), અગિયાર રુદ્રો (જેમાં પાંચ શિવના નામ, ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ, સદ્યોજન અને પાંચ ગુણ આનંદ, વિજન એટલે જ્ઞાન, માનસ, પ્રાણ, વાણી અને અગિયારમો આત્મા (પોતે), બે અશ્વિનીકુમારો (રેતાસ્ત્રાવ અને રેવંત)

આ મન્વન્તરમાં શ્રી વિષ્ણુ ભગવાન નો અવતાર કશ્યપના પુત્ર તરીકે થયો.

નોંધ :

૧. અહિં દર્શાવેલ એક થી છ મન્વન્તર ભૂતકાળના છે. સાતમો મન્વન્તર હાલમાં ચાલી રહ્યો છે. હવે પછી આઠ થી ચૌદ મન્વન્તર ભવિષ્યમાં થશે, જેની કલ્પના પુરાણોમાં કરવામાં આવી છે.

૨. હવે પછીના પ્રકરણોમાં જે ચર્ચા થશે તે મોટાભાગે વૈવસ્વત મન્વન્તરની હશે

**૫.૮ :** આઠમો મન્વન્તર: 'સંવર્ણિ મનુ:'

**૫.૮.૧ :** સપ્તર્ષિ હશે.

૧. દીપ્તિમાન, ૨. ગલવ, ૩. પરશુરામ, ૪. કૃપ, ૫. અશ્વત્થામા, ૬. વ્યાસ, ૭. ઋષિશ્રુંગ,

**૫.૮.૨ :** પ્રભુના અવતારનું નામ સર્વભોમ હશે. એમના પિતાનું નામ દેવગુહ્ય અને માતાનું નામ સરસ્વતી હશે.

**૫.૮.૩ :** સુતાપ, અમિતાભ મુખ્ય દેવો હશે.

**૫.૮.૪ :** વિરોચનનો પુત્ર બલી ઈન્દ્ર બનશે. (બલી આજે પણ પ્રતિજ્ઞાથી બંધાઈને પાતાળ લોકમાં છે.)

**૫.૯ :** નવમો મન્વન્તર: " દક્ષ સંવર્ણિ મનુ: "

**૫.૯.૧ :** સપ્તર્ષિ હશે.

૧. સાવન, ૨. દ્યુતિમાન, ૩. ભવ્ય, ૪. વસુ, ૫. મેધતીથી, ૬. જયોતિશ્માન, ૭. સત્ય

**૫.૯.૨ :** પ્રભુ ના અવતારનું નામ ઋષભ હશે.

**૫.૯.૩ :** ઈન્દ્રનું નામ અદભૂત હશે.

**૫.૯.૪ :** પર, મરીચગર્વ, સુધર્મા, દેવગણ હશે.

**૫.૯.૫ :** તેમના આઠ પુત્રો હશે

૧. દ્રશ્તીકેતું, ૨. બર્હીકેતુ, ૩. પંચહસ્ત, ૪. નિર્મોહ, ૫. પીહુંશ્રવ, ૬. અચીસ્માન, ૭. ભુરીદુમ્ન, ૮. બૃહદ્યાય

**૫.૧૦ :** દશમો મન્વન્તર: "બ્રહ્મ સંવર્ણિ મનુ":

**૫.૧૦.૧ :** સપ્તર્ષિના નામ

૧. હવીશ્માન, ૨. સુકૃત, ૩. સત્ય, ૪. તપોમૂર્તિ, ૫. નાભાગ, ૬. અપ્રતીમજ, ૭. સત્યકેતુ

**૫.૧૦.૨ :** પ્રભુના અવતારનું નામ વિશ્વસેના હશે.

**૫.૧૦.૩ :** ઈન્દ્રના અવતારનું નામ શાંતિ હશે.

**૫.૧૦.૪ :** સુધામાં અને નિરુદ્ધ દેવગણ હશે.

**૫.૧૦.૫ :** તેમને દશ પુત્રો હશે.

૧. સુક્ક્ષેત્ર, ૨. ઉત્તમોજા, ૩. ભુરીસેન, ૪. વીર્યવાન, ૫. શતનીક, ૬. વૃષભ, ૭. અમ્મિત્ર, ૮. જયદ્રથ, ૯. ભુરીધ્યુંમાન, ૧૦. સુપર્વ

**૫.૧૧ :** અગિયારમો મન્વન્તર: "ધર્મ સંવર્ણિ મનુ":

**૫.૧૧.૧ :** સપ્તર્ષિના નામ

૧. નીશ્ચર, ૨. અગ્નિતેજ, ૩. વાયુસ્માન, ૪. ગ્રીની, ૫. અરુણી, ૬. અવીશ્મન, ૭.

અનઘ

**પ.૧૧.૨ :** પ્રભુના અવતારનું નામ ધર્મસેતુ હશે.

**પ.૧૧.૩ :** ઈન્દ્રનું નામ વૃશ્કાપ (વિશ) હશે.

**પ.૧૧.૪ :** વિહ્ગમ, કમ્ગમ, નીર્વાણગતી દેવગણ હશે.

**પ.૧૧.૫ :** તેમના સાત પુત્રો હશે.

૧. સત્યધર્મા, ૨. સર્વાત્રક, ૩. સુશર્મ, ૪. દેવાનીક, ૫. પુરુદ્રા, ૬. હેમાંધ્વ્ય, ૭. દ્રીધાયું

**પ.૧૨ :** <u>બારમો મન્વન્તર: "રુદ્ર સંવર્ણિ મનુ":</u>

**પ.૧૨.૧ :** સપ્તર્ષિના નામ

૧. તપસ્વી, ૨. સુતપ, ૩. તપોમૂર્તિ, ૪. તપોરતી, ૫. તપોનીધી, ૬. તપોદ્યુતી, ૭. તપોધન

**પ.૧૨.૨ :** ઈન્દ્રનું નામ **ઋ**ત્માન હશે.

**પ.૧૨.૩ :** પ્રભુના અવતાર નું નામ કૃતધર્મ હશે.

**પ.૧૨.૪ :** હરિત, રોહિત, સુમ્ના, સુકર્મા, સુરાગ દેવગણ હશે.

**પ.૧૨.૫ :** તેમને છ પુત્રો હશે.

૧. દેવવાણ, ૨. ઉપદેવ, ૩. દેવશ્રેષ્ઠ, ૪. વિદુરપ, ૫. મીત્રવન, ૬. મીત્રવિંદ

**પ.૧૩ :** <u>તેરમો મન્વન્તર: "દેવ સંવર્ણિ મનુ"</u> (અથવા <u>રુચી સંવર્ણિ મનુ</u>)

**પ.૧૩.૧ :** સપ્તર્ષિના નામ.

૧. નિર્મોહ, ૨. તત્વદર્શી, ૩. નીશ્પ્રકમ્પા, ૪. નીરુત્સક, ૫. ધ્રુતિમાન, ૬. અવ્યય, ૭. સુતાપ

**પ.૧૩.૨ :** પ્રભુના અવતારનું નામ યોગેશ્વર હશે.

**પ.૧૩.૩ :** ઈન્દ્રનું નામ દેવસ્પતી હશે.

**પ.૧૩.૪ :** સૂત્રમા, સુકર્મા, સુધર્મા દેવગણ હશે.

**પ.૧૩.૫ :** આ મનુના આઠ પુત્રો હશે.

૧. ચિત્રસેન, ૨. વિચિત્ર, ૩. નિયતિ, ૪. નિર્ભય, ૫. ધ્રિધ, ૬. સૂનેત્ર, ૭. ક્ષત્રવૃદ્ધિ, ૮. સુવ્રત

**પ.૧૪ :** <u>ચૌદમું મન્વન્તર: "ઈન્દ્ર સંવર્ણિ મનુ": (અથવા ભૌમ)</u>

**પ.૧૪.૧ :** સપ્તર્ષિના નામ

૧. અગ્નીબાહુ, ૨. સૂચી, ૩. શુક્ર, ૪. મગધ, ૫. અગ્નીધ, ૬. મુકત, ૭. અજીત

**પ.૧૪.૨ :** પ્રભુના અવતાર નું નામ બૃહદભાનુ હશે.

**પ.૧૪.૩ :** ઈન્દ્રનું નામ સૂચી હશે.

**પ.૧૪.૪ :** ચાક્ષુષ, પવિત્ર, ભુજક, વયવૃદ્ધ, કનિષ્ઠ દેવગણ હશે.

**પ.૧૪.૫ :** તેમને દશ પુત્રો હશે.

૧. ગૃહ, ૨. ગંભીર, ૩. બૃહન, ૪. ભારત, ૫. અનુગ્રહ, ૬. શ્રમની, ૭. પ્રતિર, ૮. વિષ્ણુ, ૯. સંક્રમણ, ૧૦. સુબલ

## પૂર્વ ભૂમિકા : ૬

### સ્વયંભુ મનુ (પહેલો મન્વન્તર):

અગાઉ આપણે ૨.૩.૪ માં જોયું કે બ્રહ્માજીએ તેમના ડાબા હાથમાંથી સ્ત્રી અને જમણા હાથમાંથી પુરુષ ઉત્પન્ન કર્યા જે શતરૂપા અને મનુ તરીકે ઓળખાયા. જે આ મન્વન્તરની પ્રથમ જોડી બની. તેઓના લગ્ન મહા વદ અમાસના દિવસે થયા જે મૌની અમાસ તરીકે ઓળખાય છે. આ **મનુ સ્વયંભુ** બન્યા જે પહેલા મન્વન્તરના મનુ તરીકે ઓળખાયા.

આ પ્રથમ જોડી ને ત્રણ પુત્રો તથા ત્રણ પુત્રી થયા.

પુત્રોના નામ : ૧. પ્રીયવર્ત, ૨. ઉત્તાન્પદ, ૩. વિર

પુત્રીના નામ :૧. પ્રસૂતિ, ૨. આકૂતી, ૩. દેવાહૂતી

દરેકને આપણે વિગતવાર સમજીશું. પ્રથમ પુત્રો વિષે સમજીશું.

**૬.૧ :** પ્રીયવર્ત:

પ્રીયવર્તના લગ્ન કર્દમ **ઋ**ષિની પુત્રી બૃહસ્પીતી (કામ્યા) સાથે થયા.

**૬.૧.૧ :** તેમને દશ પુત્રો થયા.

**૬.૧.૧.૧ :** અગ્નિધર: જંબુદ્વિપના રાજા બન્યા.

**૬.૧.૧.૨ :** મેઘાતીથી: શકદ્વિપ ના રાજા બન્યા.

તેમના સાત પુત્રો હતા. નાભી, સંતમય, શિશિર, મુખોદય, નન્દ્શીવ, ક્ષેમક, ધ્રુવ. જેમાં "નાભીની પત્ની મેરુદેવે **ઋ**ષભને જન્મ આપ્યો. તેમાંથી ભારતનો જન્મ થયો"

**૧.૧.૩ :** વિતીહોત્ર (જયોતિશ્માન): ક્રૂંચ દ્વીપ ના રાજા થયા.

સાત પુત્રો હતા. કુશલ, મનુંગવ્ય, પિવર, અંધર, અન્દ્રકાયક, મુની, દુદુમ્ભી

**૬.૧.૧.૪ :** હિરણ્યરોમ (દ્યુતિમાન) : શાલ્માંલી દ્વીપના રાજા થયા.

ત્રણ પુત્રો હતા. કુશ, વૈદ્યુત, જીમુત્વહન

**૬.૧.૧.૫ :** ઘરતપ્રસ્ત: (વાયુશ્માન) : પ્લક્ષ દ્વીપના રાજા થયા.

**૬.૧.૧.૬ :** ભવ્ય: ગોમેદ દ્વીપના રાજા થયા.

સાત પુત્રો થયા. ઉદબીદ, વેણુંમાન, રથપાલ, મનુ, ધૃતિ, પ્રભાકર, પપીલ.

**૬.૧.૧.૭ :** સાવન: પુષ્કર દ્વીપના રાજા થયા.

બે પુત્રો હતા. ઘાત જે ઘાતકીના રાજા થયા અને મહાવીતી જે કૌમુદના રાજા થયા.

આ ઉપરાંત યગ્યાબાહુ, એઘમજીવ, મેઘા થયા જેઓ અગાઉના જન્મોનું બધું જાણતા હતા. આથી તેમણે સંસારમાં રસ લીધો નહિં.

**૬.૧.૨ :** પ્રીયવર્તનો વંશ:

પ્રીયવર્તે તેમના સાત પુત્રોને સાત દ્વીપ વહેંચી આપ્યા અને તેઓ શાલીગ્રામ નામની જગ્યાએ રહેવા ગયા. તેમના વંશમાં ઘણા પુત્રો થયા. પરંતુ જે અગત્યના છે તેમાં

**૬.૧.૨.૧ :** **ઋ**ષભ:

નાભી+ મેરુદેવ (જુઓ ૬.૧.૧.૨) થી જનમ્યા. તેમનો જન્મ ચૈત્ર વદ આઠમ (**ઋ**ષભદેવ જયંતિ). તેમને ત્રણ પત્નિ હતી. જયંતી, યશસ્વતી અને સુનંદા. તેમને સો થી

વધુ પુત્રો થયા. જેમાં ભારત અને બાહુબલી મુખ્ય હતા. **ઋ**ષભ, શ્રમણ અને જૈન ધર્મ અનુસર્યા. જૈનોના "પહેલા તીર્થંકર" થયા. "બ્રાહ્મી સ્ક્રીપ્ટ" ની સ્થાપના કરી.

**૬.૧.૨.૨ :** ભારતઃ

**૬.૧.૨.૩ :** ભારતનો વંશ નીચે મુજબ છે.

સુમતિ (જૈનોના "બીજા તીર્થંકર") → તેજ → સતસુત → ઈન્દ્રધુમન → પરમેષ્ઠી → પ્રતિહર → પ્રતીહર્ત → ભવ → ઉદગિત → પ્રસ્તોત → વિભુ → પ્રિથું → નક → ગયા → નય → વિરાટ → મહાવીર્ય → સુધિમાન → મહંત → ભુવન → ત્વસ્થ → વિરજ → રજ → શતજિત (નોંધ : આ શતજિતના સો પુત્રો હતા તેમણે પૃથ્વીને સો ભાગમાં વહેંચી) → વિશ્વજયોતી → વિક્રમશીલ → દુર્ગમ → "રૈવત મનુ" (પાંચમો મન્વન્તર, ૫.૫ ) → દશજયોતી → સતજયોતી (અહીં ભારત વંશની સમાપ્તિ થઈ)

(ખાસ નોંધ :- અહીં આપેલ અને હવે પછી વંશોની વંશાવલી એરો (→) ચિન્હ થી બતાવી છે. જેનો અર્થ એવો છે કે પુત્રો ઘણા હોઈ શકે પરંતુ આ પુત્રે ગાદી સંભાળી.)

**૬.૨ :** ઉત્તનપદ:

મનુ અને શતરૂપાના બીજા પુત્ર. તેમને બે પત્ની હતી. સુરુચિ અને સુનીતા.

**૬.૨.૧ :** ઉત્તનપદને સુરુચિથી એક પુત્ર હતા જેમનું નામ ઉત્તમ. ઉત્તમના પત્ની નું નામ બહુલા. તેમના પુત્ર "ઉત્તમ મનુ" (ત્રીજો મન્વન્તર, ૫.૩) તરીકે ઓળખાયા.

**૬.૨.૨ :** ઉત્તનપદને સુનીતાથી ચાર પુત્રો થયા.

૧. ધ્રુવ, ૨. કીર્તિમાન, ૩. આયુષ્યમાન, ૪. વસુ

**૬.૨.૨.૧ :** ધ્રુવનો જન્મ કારતક વદ બારસ (ગોવત્સ બારસ) ના દિવસે થયો. ધ્રુવના પત્ની નું નામ શીષ્ટિ (ઘણા પુરાણમાં શંભુ છે.) તેઓ વિષ્ણુભકત હતા.

ધ્રુવના બે પુત્રો હતા. શૈલૈષ્ટિ અને ભવ્ય.

**૬.૨.૨.૨ :** શૈલૈષ્ટિનો વંશઃ શૈલેષ્ટિને તેમના પત્ની સુછાયા થી પાંચ પુત્રો થયા.

રિપુ (વ્યુસ્ત), રીપુન્જય, વિર, વૃકલ, વૃકતેજ.

**૬.૨.૨.૨.૧ :** રિપુ (વ્યુસ્ત): તેમના પત્ની નું નામ બ્રહતી હતું.

તેમના પુત્રનું નામ ચક્ષુસ (અથવા અમિત્ર). ચક્ષુસના પત્ની નું નામ પુસ્કરિની (ગીરીભદ્રા) અને પુત્ર "ચક્ષુસ મનુ" કહેવાય. (છઠ્ઠો મન્વન્તર, ૫.૬)

**૬.૨.૩ :** ચક્ષુસ મનુના પુત્રો :

૧. ઉરૂ, ૨. પૂરૂ, ૩. શતધુમન, ૪. તપસ્વી, ૫. સીબી, ૬. અભિમન્યુ, ૭. અગ્નીસ્તંભ, ૮. અત્રીસ્ત, ૯. સુધુમાન

**૬.૨.૩.૧ :** ઉરૂની પત્નીનું નામ અગ્નેયી. તેમને ત્રણ પુત્રો અને એક પુત્રી થયા.

પુત્રોઃ અંગ, સુમન, ખ્યાતી, પુત્રીઃ વિરજા

**૬.૨.૩.૨ :** અંગના પુત્ર વેણ. અને વેણ ના પુત્ર પૃથુ.

**૬.૨.૩.૩ :** પૃથુના બે પુત્રો.

અંતર્ધાન અને વહી.

અંતર્ધાનની પત્ની શિખંડીએ હરીવર્ધન ને જન્મ આપ્યો. હરીવર્ધને પ્રચિનબર્હી ને જન્મ આપ્યો. જેમણે "ઋગ્વેદ" ના શ્લોકો રચ્યા. આ ઉપરાંત હરીવર્ધન ના લગ્ન સમુદ્રપુત્રી સવર્ણ સાથે થયા. જેમના દશ પુત્રો "પ્રચેત" તરીકે ઓળખાયા. બધા પ્રચેતના લગ્ન મરીષા સાથે થયા અને દક્ષ પ્રજાપતિનો ફરી જન્મ થયો. આ દક્ષ પ્રજાપતિની પુત્રીઓએ કશ્યપ સાથે આખો સંસાર રચ્યો. જે હવે પછી પૂર્વભૂમિકા - ૮ માં સમજીશું.

નોંધ :

૧. "ઉત્તમ મનુ" ની કથા વાંચવા જેવી છે.

૨. ધ્રુવ જેઓ અચળ તારા તરીકે સ્થાન પામ્યા તેમનું જીવનચરિત્ર વાંચવા જેવું છે.

૩. પૃથુની ઉત્પતિની કથા વાંચવા જેવી છે. તેમને ભગવાન શ્રીવિષ્ણુના અંશાવતાર કહેવામાં આવે છે.

૪. પૃથુના સમયમાં બ્રહ્માજી એ...

૪.૧ સોમ (ચંદ્ર) ને વેલ, વનસ્પતિ, તારા, નક્ષત્રો, ગ્રહો, તપસ્વીઓ અને બ્રાહ્મણો ના દેવ બનાવ્યા.

૪.૨ વરુણને દરિયાના, કુબેરના અને બધા રાજાના દેવ બનાવ્યા.

૪.૩ વિષ્ણુને આદિત્ય, વસુ, દૈત્યો, દાનવોના દેવ બનાવ્યા.

૪.૪ યમને પિતૃના દેવ બનાવ્યા.

૪.૫ શિવને યક્ષો, રાક્ષશો, પિશાચો અને હિમાલયના દેવ બનાવ્યા.

૪.૬ ચિત્રરથને ગાંધર્વોમાં મુખ્ય, વાસુકીને નાગમાં મુખ્ય, તક્ષકને સાપના મુખ્ય, ગરુડને પક્ષીમાં મુખ્ય, વાઘને હિરણના મુખ્ય, ઐરાવતને હાથીમાં મુખ્ય અને વડ ને ઝાડમાં મુખ્ય બનાવ્યા.

૪.૭ દિક્પાલ (બ્રહ્માજીના ચાર મુખ) ની નિંમણુક ચાર દિશાની રક્ષા માટે કરી. પૂર્વમાં સુવંધા. દક્ષીણે, શંખ્પદ, પશ્ચિમે ક્રતુંમાન, ઉત્તરે હિરણ્યરોમ

૪.૮ દક્ષને પ્રજાપતિમાં મુખ્ય બનાવ્યા.

૪.૯ ઈન્દ્રને મરુતગણના દેવ બનાવ્યા.

૪.૧૦ **પૃથુ નો સમય સુવર્ણકાળ કહેવાયો અને ધરતીનું નામ પૃથ્વી પડયું.**

**૬.૩ :** વિરઃ

વિરના લગ્ન કામ્યાપુત્રી સાથે થયા.

તેમને ચાર પુત્રો થયા. સમ્રાટ, કુક્ષી, વિરાટ, પ્રભુ.

ઘણા પુરાણોના વર્ણનમાં મનુના બે પુત્રોનો જ ઉલ્લેખ છે. આથી વિરની વધુ વિગત મળતી નથી.

હવે આપણે મનુની પુત્રીઓ વિશે સમજશું.

**૬.૪ :** પ્રસૂતિઃ

પ્રસૂતિના લગ્ન પ્રજાપતિ દક્ષ સાથે થયા. તેમણે ૬૨ પુત્રીઓને જન્મ આપ્યો.

**૬.૪.૧ :** તેમની ૧૩ પુત્રીઓના લગ્ન ધર્મ સાથે થયા. આ ૧૩ પુત્રીઓની વિગત અગાઉ આપણે માનસપુત્ર વિભાગ ૩.૧૩.૧ માં જોઈ ગયા.

**૬.૪.૨ :** તેમની બીજી ૧૩ પુત્રીઓના લગ્ન કશ્યપ સાથે થયા. જે વિગતવાર હવે પછી પૂર્વભૂમિકા - ૮ માં સમજશું.

**૬.૪.૩ :** ૨૭ પુત્રીઓના લગ્ન ચંદ્ર (સોમ) સાથે થયા. જે દરેક નક્ષત્ર તરીકે ઓળખાય છે. તેમના નામ નીચે મુજબ છે. (નોંધ : અગાઉ ૨૬ પુત્રીઓનો ઉલ્લેખ થઈ ગયો હોવાથી અનુક્રમ ૨૭ થી શરૂ કરેલ છે.)

૨૭. અશ્વિની, ૨૮ ભરણી, ૨૯ કૃતિકા, ૩૦ રોહિણી, ૩૧ મૃગશીર્ષ, ૩૨ આર્દ્રા, ૩૩ પુનર્વસુ, ૩૪ પુષ્ય, ૩૫ આશ્લેષા, ૩૬ મઘા, ૩૭ પૂર્વ ફાલ્ગુની (પુભા) ૩૮ ઉત્તરા ફાલ્ગુની (ઉત્તરા) ૩૯ હસ્ત, ૪૦ ચિત્રા, ૪૧ સ્વાતિ, ૪૨ વિશાખા, ૪૩ અનુરાધા, ૪૪ જયેષ્ઠા, ૪૫ મૂળ, ૪૬ પુર્વાષાઢા, ૪૭ ઉત્તરષાઢા, ૪૮ શ્રવણ, ૪૯ ધનિષ્ઠા, ૫૦ શતભિષા, ૫૧ પૂર્વ ભાદ્રપદ, ૫૨ ઉત્તર ભાદ્રપદ, ૫૩ રેવતી

**૬.૪.૪ :** સતી (૫૪) ના લગ્ન ભગવાન શિવ સાથે થયા.

**૬.૪.૫ :** રતી (૫૫) ના લગ્ન કામદેવ સાથે થયા.

**૬.૪.૬ :** આયતી (૫૬) અને નિયતિ (૫૭) ના લગ્ન ભૃગુ **ઋ**ષિના પુત્રો ધાતા અને વિધાતા સાથે થયા. (જુઓ વિગતે ૩.૮.૧.૧ માં)

**૬.૪.૭ :** ત્રણ પુત્રીઓના લગ્ન અરીષ્ઠાનેમી સાથે થયા. જેમાં

અર્ચી (૫૮) થી ધ્રુમકેશ,

દિશાના (૫૯) થી વેદશીરા, દેવલ, વાયુ અને

સુરપા (૬૦) થી રુદ્રગણ થયા.

**૬.૪.૮ :** સ્વાધા (૬૧) ના લગ્ન પિતૃ સાથે થયા. ત્રણ પુત્રી થઈ. મૈના, ધન્યા(ધરતી), કલાવતી.

**૬.૪.૯ :** સ્વાહા (૬૨) ના લગ્ન અગ્નિ સાથે થયા.

**૬.૫ :** <u>આકૂતી:</u>

મનુની બીજી પુત્રી આકૂતીના લગ્ન પ્રજાપતિ રૂચી સાથે થયા. તેમને એક પુત્ર અને એક પુત્રી થયા.

પુત્રનું નામ યજ્ઞ જે નારાયણના યજ્ઞાવતાર કહેવાય છે. પુત્રીનું નામ દક્ષિણા.

**૬.૫.૧ :** યમ અને દક્ષિણાના લગ્નથી બાર પુત્રો થયા.

૧. તોષ, ૨. પ્રતોષ, ૩. સંતોષ, ૪. ભદ્ર, ૫. શાંતિ, ૬. ઈન્દ્રસ્પતી, ૭. એધામાં, ૮. કવ્ય, ૯. વિભુ, ૧૦. સ્વહા, ૧૧. સુદેવ, ૧૨. રોચન. જે સ્વયંભૂ મનૂના બાર દેવતા બન્યા.

**૬.૬ :** <u>દેવાહૂતી :</u>

મનુની ત્રીજી પુત્રી દેવાહૂતી ના લગ્ન કર્દમ પ્રજાપતિ સાથે થયા.

તેમને નવ પુત્રી અને એક પુત્ર થયા. જે અગાઉ માનસપુત્ર વિભાગ ૩.૧૦ માં જોઈ ગયા.

નોંધ :

૧. સોમનાથ ની કથા સોમ (ચંદ્ર) સાથે સંકળાયેલ છે. જે વાંચવા જેવી છે.

૨. અહીં ૬.૪.૪ માં દર્શાવેલ સતીના લગ્ન ભગવાન શિવ સાથે થયા બાદ, દક્ષ યજ્ઞનો વિનાશ, સતીનું અગ્નિમાં બળી જવું તથા ૫૧ શકિતપીઠો કેવીરીતે અસ્તિત્વમાં આવ્યા તે તમામ કથા વાંચવા જેવી છે.

૩. અહીં ૬.૪.૮ માં દર્શાવેલ મૈના, ધન્યા, અને કલાવતીએ સનકાદિકુમારોના શાપથી બીજા જન્મમાં મનુષ્ય અવતાર ધારણ કર્યો.

✦ આ મન્વન્તરમાં "મૈના" ના લગ્ન હિમાલય સાથે થયા અને "પાર્વતી" નો જન્મ થયો. જેમના લગ્ન ભગવાન શિવ સાથે થયા.

✦ "ધન્યા" ના લગ્ન જનક રાજા સાથે થયા અને "સીતા" નો જન્મ થયો.

✦ "કલાવતી"ના લગ્ન વૃષભાન સાથે થયા અને "રાધા"નો જન્મ થયો.

૪. શ્રી રાધાજીનો જન્મ બે વર્ષની બાળકીના રૂપમાં વ્રજમાં આવેલ રાવલી ગામે આવેલ તળાવમાં ખીલેલા કમળના ફુલ પર ભાદરવા સુદ આઠમે થયો. વૃષભાનને સ્વપ્ન દ્વારા રાધાજીના સાક્ષાત્કારની માહિતી મળી, અને તેઓ રાધાને લેવા માટે વૃષભાનપુર (હાલનું બરસાના) થી ત્યાં પહોંચ્યા હતા. બાર વર્ષની ઉંમરે શ્રી રાધાજી, શ્રી કૃષ્ણની રાસલીલામાં લીન થઈ ગયા. આથી તેઓ "સદા દ્વાદશ વર્ષિય" કહેવાય છે. શ્રીમદ્ ભાગવત્માં અને મહાભારતમાં આપણને શ્રી રાધાના નામનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ રાધાભાવનો ઉલ્લેખ મળે છે. શ્રીમદ્ ભાગવત્ વાંચવાથી જે આનંદ અનુભવીએ છીએ તે રાધાભાવ પ્રાપ્ત થવાથી થાય છે.

૫. શ્રી રાધાના વેદોમાં ઉલ્લેખાયેલા નામ નીચે મુજબ છે.

૧. શ્રી રાધા, ૨. રસેશ્વરી, ૩. રમ્ય, ૪. ક્રિષ્ણામંથર્ભ દેવતા, ૫. સર્વવધ, ૬. સર્વવંદ્ય, ૭. વૃંદાવન વિહારીણી, ૮. વૃંદારાધ્ય, ૯. રમા, ૧૦. અશેષ ગોપી મંડળ પુજીતા, ૧૧. સત્યસત્યાપરા, ૧૨. સત્યભામા, ૧૩. શ્રી ક્રિષ્ણવલ્લભ, ૧૪. વૃષભાનુસુત, ૧૫. ગોપી, ૧૬. મૂળ પ્રકૃતિ, ૧૭. ઐશ્વરી, ૧૮. ગાંધર્વા, ૧૯. રાધીકા, ૨૦. રૂકમણી, ૨૧. પરમેશ્વરી, ૨૨. પૂર્ણા, ૨૩. ભુકિત મુકિત પ્રદા, ૨૪. ભવવ્યાધિવિનાશીની.

૬. શ્રી રાધાજીને પરમાત્માના મુળ પ્રકૃતિ રૂપ (દેવી સ્વરૂપ) ગણવામાં આવે છે. આથી જ રાધાનો શ્રી કૃષ્ણ (બ્રહ્મ, પુરૂષ) સાથે શુદ્ધ અને અદ્વૈત પ્રેમ દર્શાવવામાં આવ્યો છે. આજ પ્રેમને સુકદેવજીએ સુક (પોપટ) સ્વરૂપમાં નિહાળ્યો હતો, અને આથી જ સુકદેવજીએ રાધાજીનો શ્રી રાધા તરીકે ઉલ્લેખ કર્યો નથી. શ્રી કૃષ્ણ ભગવાનના દૈહિક સ્વરૂપના લગ્ન રાધાજી સાથે થયા ન હતા.

## દક્ષ અને દક્ષ પ્રજાપતિ:

દક્ષ પ્રજાપતિ ની વિગત પુરાણોમાં વિસંગતતા ભરેલી છે. મારા અભ્યાસમાં મને નીચે મુજબની વિગત યોગ્ય લાગી છે. જેમાં પહેલા મન્વન્તરના દક્ષ ને ફક્ત દક્ષ તરીકે ઓળખશું. હાલના મન્વન્તરમાં તેમનો જન્મ ફરીથી પ્રચેતમાંથી થયો (જુઓ. ૬.૨.૩.૩) સરળ સમજ માટે હાલના દક્ષ ને આપણે દક્ષ પ્રજાપતિ તરીકે ઓળખશું.

**૭.૧.:** સૌ પ્રથમ દક્ષ બ્રહ્માજીના માનસ પુત્ર તરીકે ઉત્પન્ન થયા. (પહેલા મન્વન્તરમાં). બ્રહ્માજીની આજ્ઞાથી તેમણે વિરણ ની પુત્રી જે "વિરણી" અથવા "અશીક"ની તરીકે ઓળખાય છે, તેની સાથે મૈથુન ધર્મનો પ્રારંભ કર્યો. અને પ્રજોત્સર્ગ કર્યો.

**૭.૧.૧ :** આ વિરણીના ગર્ભથી પ્રથમ વખતે દક્ષને ૧૦૦૦૦ પુત્રો પ્રાપ્ત થયા જે "હરશ્ચવ" કહેવાયા. નારદની સલાહથી તેઓ પૃથ્વીને જાણવા અને સમજવા માટે નીકળી પડયા અને પાછા નહિ ફર્યા. તેમનો નાશ થયો.

**૭.૧.૨ :** ત્યારબાદ ફરીથી વિરણીના ગર્ભથી ૧૦૦૦ પુત્રો પ્રાપ્ત થયા જે "શાલાશ્ચ" તરીકે ઓળખાયા. જેઓ પણ નારદની સલાહથી પૃથ્વીને જાણવા અને સમજવા માટે નીકળી પડયા અને પાછા નહિ ફર્યા. તેમનો નાશ થયો.

**૭.૧.૩ :** આ બંને પ્રસંગ પછી દક્ષ, નારદ પર ગુસ્સે થયા. તેમને મારી નાખવાનો વિચાર કર્યો. બ્રહ્માજી વચ્ચે પડયા અને દક્ષને શાંત કર્યા. દક્ષે શરત મૂકી કે બ્રહ્માજીએ મારી પુત્રી સાથે લગ્ન કરવા અને નારદનો ફરી જન્મ મારી પુત્રીથી થાય.

**૭.૧.૪ :** ત્યાર બાદ ફરીથી વિરણીના ગર્ભ થી ૧૦ પુત્રીઓ પ્રાપ્ત થયી. જેમના લગ્ન ધર્મ સાથે થયા.

દક્ષ અને વિરણીની જે દક્ષ પુત્રીના લગ્ન ધર્મ સાથે થયા તેની વિગત નીચે મુજબ છે. (નોંધ : અગાઉ ૩.૧૩.૧ માં જે વિગત છે તે દક્ષ પ્રજાપતિની તેર પુત્રીની વિગત આ મન્વન્તર ની છે.)

**૭.૧.૪.૧ :** <u>કાકુભી (અરૂંધતી) :</u>

પૃથ્વી પરના બધાની માતા. એમના પુત્રો વિષય (વસ્તુ) કહેવાયા.

**૭.૧.૪.૨ :** <u>વસુ:</u>

વસુએ આઠ પુત્રોને જન્મ આપ્યો. જે આઠ વસુઓ કહેવાયા. (નોંધઃ આ મન્વન્તરના વસુ જે દેવ તરીકે ઓળખાય છે તે અલગ છે. તેમની સમજ આપણે ૫.૭.૫ માં કેળવી.)

**૭.૧.૪.૨.૧ :**

પહેલા વસુ: હાલના મન્વન્તરના ભીષ્મપિતા (ગંગાપુત્ર, પુરાણોના સંવાદમાં સામેલ હોવાથી "આપ" તરીકે ઉલ્લેખ છે.) પહેલા વસુ હતા. જેમને ચાર પુત્રો થયા. સંત, વૈતંદ, સમ, મની.

**૭.૧.૪.૨.૨ :**

બીજા વસુ: ધ્રુવ: આ ધ્રુવ અલગ છે. તેમના પુત્ર કાળ કહેવાયા.

**૭.૧.૪.૨.૩ :**

ત્રીજા વસુ: સોમ: જેમના પુત્ર વર્ચા કહેવાયા.

**૭.૧.૪.૨.૪ :**

ચોથા વસુ: ધારા: પુત્રો દ્રવીન, હુતા, હવ્યાશ

**૭.૧.૪.૨.૫ :**

પાંચમાં વસુ: અનીલ: પુત્રો પ્રાણ, રમણ, શીશીરથા.

**૭.૧.૪.૨.૬ :**

છઠ્ઠા વસુ: અનલ: પુત્રો શખ, વૈશાખ, ઉપશખ (એટલે જ કુમાર કાર્તિકેય) અને નાગમૈયા.

**૭.૧.૪.૨.૭ :**

સાતમાં વસુ: પ્રત્યુષ: પુત્ર દેવલ, જે પછીથી દેવલ **ઋ**ષિ બન્યા.

**૭.૧.૪.૨.૮ :**

આઠમાં વસુ: પ્રભાસ: જેમના પુત્ર વિશ્વકર્મા થયા. વિશ્વકર્મા ની પુત્રી ચિત્રાંગદા થઈ.

**૭.૧.૪.૩ :**

યામિ: પુત્રો નાગ્વીથી થયા.

**૭.૧.૪.૪ :**

લંબ: પુત્ર ઘોષ કહેવાયા.

**૭.૧.૪.૫ :**

ભાનુ: પુત્ર ભાનુદેવ

**૭.૧.૪.૬ :**

મરુત્વતી: પુત્રો મરુત્વન, મરુત્વન ના પુત્રો મરુત

**૭.૧.૪.૭ :**

સંકલ્પ: પુત્રો સંકલ્પ.

**૭.૧.૪.૮ :**

સંઘ્યા: જેમના પુત્રો સાંધ્ય ગણ કહેવાય. (સાંધ્ય દેવ)

**૭.૧.૪.૯ :**

મુર્હુત: પુત્રો મુહુર્ત્વા.

**૭.૧.૪.૧૦ :**

વિશ્વા: પુત્રો વિશ્વદેવ (વિશ્વરૂપ) કહેવાયા. જેમણે "નારાયણ કવચ" પ્રસિદ્ધ કર્યો અને ઈન્દ્ર ને શીખવ્યો)

**૭.૨ :** દક્ષ પ્રજાપતિના લગ્ન પ્રસુતિ સાથે થયા. અગાઉ ૬.૪ માં તેમની વિગતો સમજયા. વધુ વિગત કશ્યપ વિભાગ પૂર્વભૂમિકા-૮ માં સમજશું.

# પૂર્વ ભૂમિકા : ૮

## કશ્યપઃ (કશ્યપ ઋષિ, કશ્યપ મુનિ)

અગાઉ કશ્યપને આપણે સપ્તર્ષિ વિભાગમાં ટૂંકમાં સમજયા. (જુઓ. ૪.૭) આ વિભાગ ખુબ અગત્યનો છે. હાલના મન્વન્તરની સમગ્ર સૃષ્ટિ કશ્યપ અને પ્રજાપતિ દક્ષની તેર પુત્રીઓથી થઈ. આપણી ઉત્પતિના છેડા પણ કશ્યપ સાથે સંકળાયેલ છે, તેમ કહીએ તો ખોટું નથી. જે હવે પછીના વિભાગો સમજવાથી સ્પષ્ટ થશે. કશ્યપ **ઋ**ષિ, "કશ્યપ સંહિતા" ના રચયિતા છે. જે આયુર્વેદ પર આધારિત છે. ઘણા સાહિત્યો તેમને બ્રહ્માજીના માનસપુત્ર તરીકે દર્શાવે છે. કારણ કે તેમણે મરીચી પાસેથી આ પદ પ્રાપ્ત કર્યુ હતું.

**૮.૧.:** અગાઉ ૬.૪.૨ માં જોયું કે પ્રજાપતિ દક્ષ અને પ્રસૂતિની તેર પુત્રીઓના લગ્ન કશ્યપ સાથે થયા. આ તેર પુત્રીઓના નામ નીચે મુજબ છે.

૧. અદિતિ, ૨. દિતિ, ૩. કદ્રું, ૪. સુરસા, ૫. દનુ, ૬. અરીષ્ઠા, ૭. સુરભી, ૮. વીનતા, ૯. તમરા, ૧૦. ક્રોધાવસ, ૧૧. ઈરા, ૧૨. ખસ (વિશ્વા), ૧૩. મુની.

આ બધી પુત્રીઓના વંશને વિગતવાર સમજીએ.

**૮.૧.૧.:** કશ્યપ અને અદિતિ ના પુત્રો :

કુલ ૧૨ પુત્રો ઉત્પન્ન થયા. જે "આદિત્યો" તરીકે ઓળખાય છે. જેઓ સૂર્ય તરીકે દર મહિને આકાશમાં અલગ અલગ હોય છે. ભાગવત પુરાણ પ્રમાણે આ બારે આદિત્યો શ્રી વિષ્ણુ ભગવાનની લાક્ષણિકતાઓ છે. દર મહિને પ્રકાશતા આદિત્યો અને તેમના કાર્યો નીચે મુજબ છે.

૧. ઈન્દ્ર : આસો મહિનામાં પ્રકાશે છે. ઈન્દ્ર તરીકે સૂર્ય દુશ્મનો નો નાશ કરે છે.
૨. ધાતા : કારતક મહિનામાં પ્રકાશે છે. ધાતા તરીકે સુર્ય સજીવ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે.
૩. મિત્ર : માગસર મહિનામાં પ્રકાશે છે. મિત્ર તરીકે સૂર્ય, ચંદ્ર અને સાગરમાં છે.
૪. પૂષા : પોષ મહિનામાં પ્રકાશે છે. પૂષા તરીકે સૂર્ય અનાજ ઉગાડે છે.
૫. ભગ : મહા મહિનામાં પ્રકાશે છે. ભગ તરીકે સૂર્ય દરેક જીવિત પ્રાણીનું શરીર તત્વ છે.
૬. ત્વસ્થ : ફાગણ મહિનામાં પ્રકાશે છે. ત્વસ્થ તરીકે સૂર્ય, ઝાડ, પાન, જડીબુટ્ટી ઉગાડે છે.
૭. વિષ્ણુ : ચૈત્ર મહિનામાં પ્રકાશે છે. વિષ્ણુ તરીકે સૂર્ય, દેવોના દુશ્મનનો નાશ કરે છે.
૮. આર્યમ: વૈશાખ મહિનામાં પ્રકાશે છે. આર્યમ તરીકે સૂર્ય, પવન છે. (આકાશમાં દૂધગંગા આર્યમ છે.)
૯. વિવાસ્વાન : જેઠ મહિનામાં પ્રકાશે છે. વિવાસ્વાન તરીકે સૂર્ય અગ્નિદેવ છે. જે રસોઈ પકાવવામાં મદદ કરે છે.
૧૦. અંશુમાન : અષાઢ મહિનામાં પ્રકાશે છે. અંશુમાન તરીકે સૂર્ય પવન છે.
૧૧. પર્જન્ય : (અથવા સવિત્ર) : શ્રાવણ મહિનામાં પ્રકાશે છે. પર્જન્ય તરીકે સૂર્ય વરસાદ લાવે છે.
૧૨. વરુણ : ભાદરવા મહિનામાં પ્રકાશે છે. વરુણ તરીકે સૂર્ય પાણી, વરસાદ છે.

**૮.૧.૧.૧. :** વિવાસ્વાન :

હવે આપણે વિવાસ્વાન (સૂર્ય) વિષે સમજશું. વિવાસ્વાન એટલે જ સૂર્ય અથવા માર્તંડદેવ. કશ્યપ અને અદિતિના પુત્ર. એમનો જન્મ કારતક સુદ સાતમે (રવિ સાતમ) થયો.

સૂર્યની ત્રણ પત્ની હતી. ૧. સંજ્ઞા (અથવા શરણું, વિશ્વામિત્ર ની પુત્રી, જે વાદળો ની દેવી કહેવાયા.) ૨. રાગી, ૩. પ્રભા.

**૮.૧.૧.૧.૨.:** સૂર્ય અને સંજ્ઞા થી વૈવસ્વત, યમ અને યામી (યમુના) અને અશ્વનીકુમારો ઉત્પન્ન થયા.

નોંધ :

૧. યમ અને યામી (યમુના) જોડકા હતા. તેમનો જન્મ કારતક સુદ બીજ, ભાઈબીજે થયો.
૨. વૈવસ્વતનો જન્મ આષાઢ સુદ સાતમ (વૈવસ્વત સપ્તમી) થયો.
૩. વૈવસ્વતના નામ પરથી હાલના (સાતમાં) મન્વન્તરનું નામ "વૈવસ્વત મન્વન્તર" પડયું.
૪. અહીં અગત્યની કથા છે. જે ટૂંકમાં સમજશું. (પુરાણોમાં વિસ્તારથી ખાસ સમજવી)

સંજ્ઞા થી સૂર્યનો તાપ સહન નહિ થવાથી, તેના જેવીજ દેખાતી છાયા નામની સ્ત્રી ઉત્પન્ન કરી, પોતાની ગેરહાજરીમાં સૂર્યની પત્ની બની રહેવા આદેશ આપ્યો. ત્યારબાદ સંજ્ઞા ઉત્તરકુરું નામના સ્થળે ગયા. અને ત્યાં ઘોડી રૂપે રહ્યા. સૂર્યને આ વાતની ખબર નહોતી. સૂર્ય અને છાયાથી બે પુત્રો અને બે પુત્રી ઉત્પન્ન થયા.

પુત્રોના નામ સવર્ણ મનુ અને શનિ. (શનિ નો જન્મ જેઠ વદ ચૌદસ, શનિ જયંતી થયો, અને માગસર મહિનાની અમાસે શિવભકત બન્યા. શનિ અમાસ)

પુત્રીઓના નામ તાપી અને વિશ્તી (તાપીના લગ્ન ચન્દ્રવંશ ના સવર્ણ સાથે થયા. એમનો જે પુત્ર થયો તે કુરુ કહેવાયો. કુરુએ ચન્દ્રવંશ પછી કુરુવંશની સ્થાપના કરી જે આપણે હવે પછી પૂર્વભૂમિકા-૧૩ માં સમજશું. વિશ્તી ના લગ્ન વિશ્વરૂપ (૭.૧.૪.૧૦) સાથે થયા).

પોતાના પુત્ર ઉત્પન્ન થવાથી છાયા, સંજ્ઞા ના પુત્રો (વૈવસ્વત, યમ, યમુના)ને ધિક્કારવા લાગી. વૈવસ્વત સહનશીલ હતા પણ યમથી સહન નહિ થયું. તેમણે છાયાને લાત મારવા પગ ઉગામ્યો ત્યારે છાયાએ શ્રાપ આપ્યો કે તારો પગ પડી જશે.

સૂર્યને લાગ્યું કે માતા કોઈ દિવસ પુત્રને શ્રાપ નહિ આપે. આથી ગુસ્સે થઈ છાયાના વાળ ખેંચી સાચી હકીકત પૂછી ત્યારે છાયા સાચું બોલ્યા.

સૂર્ય ગુસ્સાથી વિશ્વકર્મા (સંજ્ઞાના પિતા) પાસે ગયા. વિશ્વકર્માએ સમજાવ્યું કે તમારી ગરમી સહન નહિ થવાથી આ બધું બન્યું છે. પરવાનગી આપો તો ગરમી ઓછી કરી દઉં. સૂર્ય સહમત થયા. વિશ્વકર્માએ વિષ્ણુચક્ર ઉત્પન્ન કર્યું. સૂર્યે ઉત્તરકુરું માં સંજ્ઞા ને જોઈ, ત્યાં ઘોડા રૂપે ગયા. ત્યાં સંજ્ઞા સાથે બે પુત્રો ઉત્પન્ન થયા તે અશ્વિનીકુમારો તરીકે ઓળખાયા. (અશ્વ એટલે ઘોડો). આ અશ્વિનીકુમારોના નામ વિષ્ણુપુરાણમાં રેતસ્ત્રવ અને રેવંત છે. બીજા પુરાણોમાં નાસત્વ અને દસરા છે. આ અશ્વિનીકુમારો દિવ્ય ઘોડેસવારો અને દેવ

ચિકિત્સક બન્યા. સુરત (સૂર્યપુર) માં આવેલ નદીને સૂર્યપુત્રી અને તેના કાંઠે અશ્વિનીકુમારોનું મહત્વ આ કથા માં છે.

આ અશ્વિનીકુમારોથી પાંડુ પત્ની માદ્રી ને અનુક્રમે નકુલ અને સહદેવ થયા જે કથા મહાભારતમાં સમજવી.

**૮.૧.૧.૧.૩ :** સૂર્યને રાગીથી જે પુત્ર થયા તેનું નામ રૈવંત.

**૮.૧.૧.૧.૪ :** સૂર્યને પ્રભાથી જે પુત્ર થયા તેનું નામ પ્રભાત.

**૮.૧.૧.૧.૫ :** આ ઉપરાંત સૂર્યથી કુંતીને કર્ણ નામનો પુત્ર પ્રાપ્ત થયો. (મહાભારતમાં કથા વાંચવી)

**૮.૨ :** <u>કશ્યપ અને દિતિ થી ઉત્પન્ન થયેલા પુત્રો:</u>

આ પુત્રો દૈત્યો કહેવાયા.

બે પુત્રો હિરણ્યકશ્યપ અને હિરણ્યાંક્ષ, અને એક પુત્રી સીંહીંકા થયા.

**૮.૨.૧ :** <u>હિરણ્યકશ્યપ:</u>

હિરણ્યકશ્યપનો સંસ્કૃતમાં અર્થ થાય સોનાનું સુવાળું કપડું. મત્સ્યવંશના રાજા કહેવાયા. ભાગવતપુરાણ પ્રમાણે હિરણ્યકશ્યપ અને હિરણ્યાંક્ષ બંને શ્રીવિષ્ણુ ભગવાનના દરવાન જય અને વિજય હતા. સનકાદિકુમારોના શ્રાપથી પૃથ્વી પર દૈત્ય તરીકે જન્મ્યા.

જયારે હિરણ્યાંક્ષએ પૃથ્વીને પાણીમાં સંતાડી ત્યારે ભગવાન શ્રીવિષ્ણુએ ત્રીજો અવતાર "વરાહ અવતાર" ધારણ કરી પૃથ્વીને ઉગારી હતી. આથી હિરણ્યકશ્યપે ગુસ્સે થઈ બ્રહ્માજી પાસે સ્તુતિ કરી વરદાન માંગ્યું. બ્રહ્માજીએ કેટલીક શરતોને આધિન વરદાન આપ્યું. આ વરદાનની શરતોને આધીન શ્રીવિષ્ણુ ભગવાને નરસિંહ અવતાર (વૈશાખ સુદ ચૌદસ, નરસિંહ જયંતી) દ્વારા હિરણ્યકશ્યપને માર્યા.

હિરણ્યકશ્યપનું જન્મ સ્થાન હાલનું મુલતાન છે. પત્નીનું નામ કાયાધુ (કલ્યાણી, ઉત્તનપદ ની પુત્રી) હતું.

હિરણ્યકશ્યપના ચાર પુત્રો હતા. પ્રહલ્લાદ, અનહલ્લાદ, લાદ, અને સનહલ્લાદ અને એક પુત્રી હતી દિવ્યા.

**૮.૨.૧.૧ :** <u>પ્રહલ્લાદ:</u>

દૈત્યોના રાજા બન્યા. તેમની કથા બધાએ વાંચી હશે. તેઓ વિષ્ણુ ભકત હતા. પ્રહલ્લાદના ચાર પુત્રો હતા. <u>વિરોચન</u>, <u>હૃદ</u>, <u>નીશુંદ</u>, કપિલ અને એક પુત્રી હતી <u>યશોધરા</u>.

**૮.૨.૧.૧.૧ :** <u>વિરોચન :</u>

તેમના પત્નીનું નામ દેવાંબા હતું. તેમને ખુબજ શકિતશાળી પુત્ર હતો બલી. બલીને સો પુત્રો હતા. તેમણે ત્રણે લોક પર વિજય મેળવ્યો હતો. તેમણે અશ્વમેઘ યજ્ઞ કર્યો હતો. અહીં ભગવાન શ્રી વિષ્ણુના "વામન અવતાર"ની કથા છે જુદા જુદા રત્નો નો જન્મ બલીના શરીરના જુદા જુદા ભાગમાંથી થયો હોવાનો ઉલ્લેખ છે. બલી નો મુખ્ય પુત્ર બાણાસુર, જેમને હજાર હાથ હતા. બાણાસુરની પત્નીનું નામ સુપ્રદિકા. દેવી ભદ્રકાળીએ બાણાસુરનો વધ કર્યો.

આ બાણાસુરની પુત્રી ઉષાના લગ્ન પ્રદ્યુમ્નના પુત્ર (શ્રીકૃષ્ણના પૌત્ર) અનિરુદ્ધ સાથે કેદારનાથ પાસે આવેલા ઉકીમઠ ખાતે થયા. અને તેમને વ્રજ નામનો પુત્ર થયો. આ વ્રજ એટલે જ વ્રજનાભ જેમને અર્જુને મથુરાના રાજા બનાવ્યા.

**૮.૨.૧.૧.૨ :** <u>હૃદ:</u>

બે પુત્રા થયા. શિવા અને કલા.

**૮.૨.૧.૧.૩ :** <u>નીશુંદ:</u>

ચાર પુત્રો થયા. સુંદ, ઉપસુંદ, મરીચા, કાલનાભ.

**૮.૨.૧.૧.૪ :** <u>યશોધરા:</u>

તેમના લગ્ન શુક્રાચાર્ય ના પુત્ર ત્વસ્થ સાથે થયા. તેઓ વિરોચન ના બહેન હતા તેથી તેમનું નામ વિરોચના થયું.

**૮.૨.૧.૨ :** <u>અનહલ્લાદ:</u>

તેમના એક કરોડ થી વધુ પુત્રો થયા જઓ "નિવાસ કવત" કહેવાયા.

**૮.૨.૧.૩ :** <u>દિવ્યા:</u>

દિવ્યાના લગ્ન ભૃગુપુત્ર કાવ્યમાતા સાથે થયા. તેમના પુત્ર શુક્રાચાર્ય (૩.૮.૧.૧.૧.૧) થયા.

**૮.૨.૨ :** <u>હિરણ્યાંક્ષ:</u>

તેમને પાંચ પુત્રો હતા. ૧. ઉત્કુર, ૨. મહાનાભ, ૩. શકુની, ૪. કાલનાભ, ૫. નરકાસુર

આ પુત્રો થી ૨૭ કરોડ વંશજ ઉત્પન્ન થયા. (પદ્મ પુરાણ પ્રમાણે ૭૭ કરોડ)

આ ઉપરાંત તેમને "અંધક" નામનો પુત્ર હતો જે ખરેખર શિવપુત્ર હતો. શિવે વરદાન રૂપે આ પુત્ર હિરણ્યાંક્ષને આપ્યો હતો. અંધક ભયાનક દૈત્ય બન્યો. દેવોની પ્રાર્થનાથી જયારે શિવે અંધકને માર્યો ત્યારે બ્રહ્માજીના વરદાન ને કારણે અંધકનું લોહીનું ટીપું જયાં પડે ત્યાં બીજો અંધક ઉત્પન્ન થયો. આ જોઈ શિવે ગુસ્સાથી જવાલા પ્રગટ કરી જેમાંથી "યોગીશ્વરી" ઉત્પન્ન થયા. આની સાથેજ ભગવાન વિષ્ણુમાંથી "વૈષ્ણવી", બ્રહ્માજીમાંથી "બ્રાહ્મી", કાર્તિકેયથી "કૌમારી", ઈન્દ્રથી "મહેન્દ્રી", યમથી "યામી", વરાહથી "વારાહી", નારાયણ થી "મહેશ્વરી" ઉત્પન્ન થયા. આ આઠ દેવીઓને "માતૃકા" કહેવાય છે. દુર્ગાષ્ટમીના દિવસે તેમની પૂજાનું વિશેષ મહત્વ છે. આ કથા અવશ્ય વાંચવી જોઈએ. (આવીજ કથા દુર્ગાસપ્તશતિમાં રકતબીજના વધની છે. જેમાં "યોગેશ્વરી"ના બદલે "નારસિંહી" અને "યામિ"ના બદલે "ચામુંડા"નો ઉલ્લેખ છે.)

**૮.૨.૩ :** <u>સીંહીકા :</u>

વિપ્રચિતના પત્ની બન્યા. તેમણે ભયંકર દૈત્યોને જન્મ આપ્યો. જેમાં વટાપી, નમુચી, ઈલાવા, મરીચા, નીવાત્વકાશ મુખ્ય છે.

**૮.૨.૪ :** આ ઉપરાંત દિતિમાંથી ૪૯ મરુત ઉત્પન્ન થયા જે ઈન્દ્રના સહાયક બન્યા. (ઈન્દ્ર અને મરુતની કથા વાંચવા જેવી છે.)

**૮.૨.૫ :** આ ઉપરાંત દિતિમાંથી વજરંગ ઉત્પન્ન થયા. જેમના લગ્ન બ્રહ્માજીની માનસપુત્રી વરન્જી સાથે થયા અને તારકાસુર નો જન્મ થયો.

**૮.૩ :** <u>કશ્યપ અને કદ્રૂ તથા સુરસાના પુત્રો :</u>

તમામ નાગો અને સર્પોની પ્રજાતિ કશ્યપ અને કદ્રુ તથા સુરસાથી થઈ.

આમાં મુખ્ય ૧. <u>શેષનાગ</u> - પૃથ્વીનો ભાર સહે છે. ૨. <u>વાસુકી</u> - શિવના ગળા માં છે. ૩. <u>મનસા</u> - વાસુકીની બહેન. ૪. <u>અનંત શેષ</u> - જેના પર ભગવાન શ્રીવિષ્ણુ યોગ નિંદ્રા દરમ્યાન સુઈ જાય છે. ૫. <u>કાલીઓ</u> - શ્રીકૃષ્ણ એ નાથેલ કાળી નાગ. ૬. <u>કોર્કોટક</u> - હવામાનને નિયંત્રિત કરે છે. ૭. <u>પદમાવતી</u> - નાગણોની રાણી. ૮. <u>પર્વતક્ષ</u> - જેના હાલવાથી ધરતીકંપ થાય. ૯. <u>તક્ષક</u>- સાપોનો રાજા કહેવાય. ૧૦. <u>ઉલુપી</u>-અર્જુનનો સારથી. આ ઉપરાંત શંખશ્વેત, મહાવદમ, કંબલ, અશ્વતર, ઈલાપુત્ર, ધનંજય, અકરણ, હનીકર્ણ, પીન્જય, અર્થક, ઈરાવત, મહાકર્ણ, મહાનીલ, ધરતરાષ્ટ્ર, કર્પીર, પુષ્પ-દેસ્ત્ર, સુમુખ, દૂર્મુખ, સુન્મુખ, કપિલ, અંબરીશ, અક્રૂર, પ્રહલ્લાદ, ગંધર્વ, મણી, નહુતા, કરરોમ વગેરે નામો પુરાણોમાં વાંચવા મળે છે.

નોંધ :- શેષનાગનો જન્મ શ્રાવણ વદ પાંચમ (નાગ પંચમી) અને તક્ષક નો જન્મ માગસર સુદ પાંચમ (તક્ષક પંચમી), બંને મહાદેવના ભકતો હતા.

**૮.૪ :** <u>કશ્યપ અને દનુ ના પુત્રો :</u>

કશ્યપ અને દનુ ના પુત્રો દાનવો કહેવાયા. દાનવોને પાણીમાં રહેતા અસુરો કહેવાય છે. તેઓ જાદુના જાણકાર, ડહાપણના ભંડાર અને કળાના રસિક કહેવાય છે. તેઓ માયા દ્વારા અન્ય રૂપો ધારણ કરી શકે છે.

કશ્યપ અને દનુ ના સો પુત્રો હોવાનું કહેવાય છે. જેમાં પુરાણો માં ઉલ્લેખ છે. તેવા મુખ્ય છે. ૧. <u>વિપ્રચિત,</u> ૨. <u>તારક,</u> ૩. <u>વૈસ્વનાર,</u> ૪. પુલોમાં, ૫. <u>સ્વરભાનું,</u> ૬. <u>વૃશપર્વ,</u> ૭. તુહુન્ડ, ૮. કુમ્ભનામ, ૯. <u>માયા,</u> ૧૦. <u>શામ્ભર,</u> ૧૧. વૈશ્રપ, ૧૨. કેશી, ૧૩. દ્રીમુર્ધ, ૧૪. કપીલા, ૧૫. અજક, ૧૬. અયોમુક, ૧૭. શંકુશીર, ૧૮. મહાબાહુ, ૧૯. મહાબલ, ૨૦. શુંભ, ૨૧. નીશુમ્ભ, ૨૨. મુર, ૨૩. એકચક્ર, ૨૪. મહાસુર, ૨૫. રંભ, ૨૬. કરંભ, ૨૭. શંકુકર્ણ, ૨૮. હયશિર, ૨૯. વામન, ૩૦. માધવન, ૩૧. ઈલબલી, ૩૨. વિક્ષોભન, ૩૩. કેતુ, ૩૪. કેતુવીર્ય, ૩૫. શતહર્દ, ૩૬. ઈન્દ્રજીત, ૩૭. સર્વજીત, ૩૮. વ્રજનાભી, ૩૯. વૃહાવદન, ૪૦. મહાશીર, ૪૧. મારિકા, ૪૨. એકાંક્ષ, ૪૩. કુર્મા કુવાડ, ૪૪. સસોલુકામુખ, ૪૫. ખરોસ્ત્રવંદ, ૪૬. નક્રમેષણ, ૪૭. ગજવી મહીશાસન, ૪૮. કીવાકત ૪૯. કોસ્તુવાક, ૫૦. વક્રમુખ કૌન્ચાવક્ર, ૫૧. ખરામ્ભમુખ, ૫૨. મયુર વદના વગેરે.

નોંધ :- રંભનો પુત્ર મહિસાસુર, મહિસાસુરનો બીજો જન્મ રકતબીજ તરીકે થયો. શુંભ

અને નીશુંભનો સેનાપતિ બન્યો. ચંડ અને મુંડ પણ સેનાપતિ હતા.

**૮.૪.૧ :** <u>વિપ્રચિત:</u>

વિપ્રચિતના લગ્ન હિરણ્યકશ્યપની બહેન સીંહીંકા સાથે થયા. ચૌદ પુત્રો થયા. ૧. રાહુ, ૨. કંસ, ૩. કંક, ૪. નલ, ૫. વટાપી, ૬. નમુચી, ૭. ઈલ્લવ, ૮. ખસરીમાં, ૯. અંજીકા, ૧૦. નરક, ૧૧. કાલનાભ, ૧૨. સરમણ, ૧૩. સૂરકલ્પ, ૧૪. ધનુર્વંશ.

નોંધ : રાહુનું બીજું નામ સીન્હી કેપ છે. અને કંસ નું બીજું નામ કેશી છે.

**૮.૪.૨ :** <u>માયા:</u>

માયા, રાવણની પત્ની મંદોદરીના પિતા હતા. માયાના પૌત્ર (મંદોદરીનો પુત્ર) મેઘાનંદે ઈન્દ્રને હણ્યા હતા. તેથી તેમનું નામ ઈન્દ્રજીત પડયું હતું. દુદુમ્ભી અને માયાવી બંને માયાના પુત્રો હતા. જેમનો વાલી એ નાશ કર્યો હતો.

**૮.૪.૩ :** <u>તારક:</u>

તારકના ત્રણ પુત્રો નો ઉલ્લેખ મળે છે. ૧. તરક્ષ, ૨. કમલક્ષ, ૩. વિદ્દુમલી

**૮.૪.૪ :** <u>સ્વરભાનું:</u>

સ્વરભાનું ની પુત્રી પ્રભા જેમનો પુત્ર નહુસ થયો. (૧૧.૧.૧.૧)

**૮.૪.૫ :** <u>વૃશ્પર્વ:</u>

વૃશ્પર્વની પુત્રી શર્મિષ્ઠા, ઉપદાન અને હયશિર, હયશિરની પુત્રી ઉપદીતી.

**૮.૪.૬ :** <u>વૈસ્વનાર:</u>

વૈસ્વનારને બે પુત્રી હતી.

૧. કાલકા: કાલકા અને કશ્યપના અંશો થી ૬૦૦૦૦ દૈત્યો ઉત્પન્ન થયા જે "કાલકેય" તરીકે ઓળખાયા.

૨. પુલોમાં: પુલોમાંની પુત્રી પૌલોમી, જે પુત્રો થયા તે "પૌલોમ" કહેવાયા.

**૮.૫ :** <u>કશ્યપ અને અરીષ્ઠાના પુત્રો :</u>

કશ્યપ અને અરીષ્ઠાના પુત્રો કિન્નરો કહેવાયા. જેઓ ગાયકીમાં કુશળ કહેવાય છે. ઈન્દ્રના દરબારમાં તેઓ ગાયકો છે. કિન્નરોને પ્રભુ અને માનવ વચ્ચેના સંદેશ વાહક તરીકે ગણવામાં આવે છે.

**૮.૬ :** <u>કશ્યપ અને સુરભી ના પુત્રો :</u>

સુરભીને ગાયોની માતા કહેવામાં આવે છે. બધી ગાય અને ભેંસોનો જન્મ સુરભીમાંથી થયો છે. આ ઉપરાંત સુરભીએ અગિયાર રુદ્રોને જન્મ આપ્યો. કશ્યપના તપ થી પ્રભાવિત થઈ ને ભગવાન શિવે વરદાન આપ્યું અને કશ્યપ ને ત્યાં ભગવાન શિવ રુદ્ર રૂપે જનમ્યા. જેઓ "રુદ્રો" અથવા "ભૈરવ" અથવા "કાલભૈરવ" કહેવાયા.

૧. શંભુ, ૨. બહુરૂપ, ૩. ત્ર્યંબક, ૪. અપરાજિત, ૫. રૈવત, ૬. વર્પ, ૭. કપિ, ૮. હર, ૯.

કપાડી, ૧૦ મૃગ વ્યાધ, ૧૧. કપાલી.

નોંધ :-

૧. શંભુ નો જન્મ માગસર સુદ સાતમ (ભૈરવ જયંતી)

૨. આ રુદ્રો સાતમાં મન્વન્તરના છે. અગાઉ જે રુદ્રોનો ઉલ્લેખ હતો તે પહેલા મન્વન્તરના હતા.

**૮.૭ :** કશ્યપ અને વિનતા ના પુત્રો :

વિનતાને પક્ષીઓની માતા કહેવામાં આવે છે.

વિનતાના મુખ્ય બે પુત્રો હતા. ૧. ગુરૂડ, ૨. અરુણ

એક પુત્રી સોદામીની હતા.

**૮.૭.૧ :** ગરુડ:

ગરુડને છ પુત્રો હતા. ૧. સુમુખ, ૨. સુનામ, ૩. સુણ્ય, ૪. સુવર્ણ, ૫. સુરૂપ, ૬. સુવલ. ગરુડને વિષ્ણુનું વાહન કહેવાય છે.

**૮.૭.૨ :** અરુણ:

અરુણને પ્રભાતના સૂર્યની લાલાશ કહેવાય છે. સૂર્યના રથના સારથી કહેવાય છે.

અરુણના બે પુત્રો ૧. સંપતિ, ૨. જટાયુ

**૮.૭.૨.૧ :** સંપતિ: સંપતિના બે પુત્રો હતા. ૧. બભ્ર, ૨. શીન્ધ્રઢ

**૮.૭.૨.૨ :** જટાયુ: જટાયુના બે પુત્રો ૧. કર્નીકર (વાલી), ૨. શતગામી (સુગ્રીવ)

**૮.૮ :** કશ્યપ અને તમરાના પુત્રો :

તમરાને છ પુત્રી થઈ ૧. સુકી, ૨. શ્યેની, ૩. ભાસી, ૪. ગ્રીધી, ૫. સુગ્રીધી, ૬. સૂચી

**૮.૮.૧ :** સુકી માંથી પોપટ, ઘુવડ, કાગડા થયા.

**૮.૮.૨ :** શ્યેની માંથી ખુંધ વાળા પ્રાણી ઉંટ, ઘોડા, ગધેડા થયા.

**૮.૮.૩ :** ભાસી માંથી જલચર અને માછલીઓ થઈ.

**૮.૮.૪ :** ગ્રીધી માંથી ગીધ, સમડી થયા.

**૮.૮.૫ :** સુગ્રીધી થી કબુતર અને અન્ય પક્ષીઓ થયા.

**૮.૮.૬ :** સૂચી થી જલચર પક્ષીઓ થયા.

**૮.૯ :** કશ્યપ અને ક્રોધાવસના પુત્રો :

ક્રોધાવસ ના પુત્રો પિશાચો કહેવાયા. ભૂત અને વેતાળની જાતિના, કાળારંગના, લાલઆંખવાળા. તેઓ પાસે જુદા જુદા રૂપ લેવાની શકિત હોય છે. તેમજ અદ્રશ્ય થવાની પણ શકિત હોય છે.

**૮.૧૦ :** કશ્યપ અને ઈરાના પુત્રો:

ઝાડ, વેલા, વનસ્પતિ, ઘાસ થયા. ઉપરાંત ઐરાવત (સાત સૂંઢવાળા હાથી) ઈરાથી

ઉત્પન્ન થયા.

**૮.૧૧ :** <u>કશ્યપ અને ખસ (વિશ્વા) ના પુત્રો:</u>

ખસ (વિશ્વા) ના પુત્રો યક્ષો કહેવાયા. કુબેરને યક્ષો ના નાયક માનવામાં આવે છે. કુબેરના લક્ષ્મી સાથે લગ્ન થયા આસો સુદ પૂનમ (લક્ષ્મી-કુબેર પૂજા)

કુમાર કાર્તિકેય યક્ષોને રક્ષક કહેતા. પાછળથી તેઓ દેવોના દુશ્મન બન્યા. માંન્દ્રનચલમાં અલકાપુરી તેમની રાજધાની હતી. કુબેર તેઓના ગણપતિ હતા. સોનું ગાળવા માટેની કળા જાણતા હતા. કુબેર અને રાવણ (૩.૫.૧.૨) ત્રેતાયુગમાં મોટા રાજા થયા. કુબેરની લંકા સોનાની હતી તેમ કહેવાય છે.

**૮.૧૨ :** <u>કશ્યપ અને મુની ના પુત્રો :</u>

કશ્યપ અને મુનીના પુત્રો ગાંધર્વ કહેવાયા. મુખ્ય ગાંધર્વોના નામ નીચે મુજબ છે.

૧. ભીમસેન, ૨. ઉગ્રસેન, ૩. સુપર્ણ, ૪. વરુણ ગાંધર્વ, ૫. ધરા રાષ્ટ્ર, ૬. ગોમન, ૭. સુર્યવાર્ય, ૮. પત્રવન, ૯. અર્કપર્ણ, ૧૦. પર્થુતા, ૧૧. ભીમ, ૧૨. ચિત્રથા, ૧૩. શૈલ્યશીરા, ૧૪. પર્જન્ય, ૧૫. કલી

**૮.૧૨.૧ :** ગાંધર્વોની પત્નીઓ અપ્સરા કહેવાઈ. તેઓ ગાવાનું અને નૃત્યનું કાર્ય કરતી. ગાંધર્વો ઈન્દ્રના દરબારમાં સંગીતકારો હતા. અપ્સરાઓ તેમના સંગીત પર નૃત્ય કરતી. અપ્સરાઓ પોતાની ઈચ્છા પ્રમાણ આકાર બદલી શકે છે.

નર - નારાયણની બદ્રિકાશ્રમની કથામાં દશ હજાર પચાસ અપ્સરાઓનો ઉલ્લેખ છે. મારા અભ્યાસમાં મને છવીસ નામો મળ્યા જે નીચે મુજબ છે.

૧. ઉર્વશી, ૨. મેનકા, ૩. રંભા, ૪. તિલોત્તમા, ૫. ધ્રીતાચી, ૬. પુર્વચીતી ૭. સ્વયંપ્રભા, ૮. મિસરકેશી, ૯. દંડ ગૌરી, ૧૦. વરુથીની, ૧૧. ગોપલી, ૧૨. સહંજય, ૧૩. કુંભયોની, ૧૪. પ્રજગરા, ૧૫. ચિત્રસેન, ૧૬. ચિત્રલેખા, ૧૭, સહા, ૧૮. મધુર્સ્વાન, ૧૯. મંજુકેશી, ૨૦. સુકેશી, ૨૧. સુલોચના, ૨૨. દેવસેના, ૨૩. મનોરમા, ૨૪. સુદતી, ૨૫. સુંદરી, ૨૬. સુનંદા વગેરે.

## સૂર્યવંશ

આપણે અગાઉ સમજયા તેમ કશ્યપ અને અદિતિના પુત્રો આદિત્યો કહેવાયા (૮.૧.૧.) બારમાં આદિત્ય વિવાસ્વાન કહેવાયા. આ વિવાસ્વાન એટલે જ સૂર્ય. સૂર્ય + સંજ્ઞા થી વૈવસ્વતનો જન્મ થયો. જે "વૈવસ્વત મનુ" તરીકે ઓળખાયા. અને હાલના મન્વન્તરનું નામ તેમના પરથી "વૈવસ્વત મન્વન્તર" પડયું. (નોંધ : વૈવસ્વતને શ્રદ્ધાદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે.)

વૈવસ્વતને નવ પુત્રો અને એક પુત્રી હતા.

પુત્રો : ૧. ઈસ્વાકૂ, ૨. નૃગ, ૩. દ્રીષ્ટ, ૪. સર્યતી, ૫. નરીશ્યંત, ૬. પ્રમસું, ૭. કરુષ, ૮. પીશાદ્ર, ૯. ગ્રીસ્ત

પુત્રી : ઈલા (સુદ્યુમન)

**૯.૧ :** <u>ઈસ્વાકૂ:</u>

ઈસ્વાકૂનો સાદો અર્થ છે શેરડી. ઈસ્વાકૂનો વંશ "સૂર્યવંશ" કહેવાય છે. ઈસ્વાકૂને ત્રણ પુત્રો હતા. ૧. વિકુક્ષી (શશદ), ૨. નીમી, ૩. દંડ

**૯.૧.૧ :** <u>વિકુક્ષી (શશદ) :</u>

વિકુક્ષી, શશદ કેમ કહેવાયા ? તેની કથા વાંચવા જેવી છે. વિકુક્ષીની પેઢીના ૬૨ માં વંશના રાજા રામ થયા. વિકુક્ષી (શશદ) નો વંશ અનુક્રમે (પેઢી નંબર પ્રમાણે) નીચે મુજબ છે. અહીં ફકત નામ આપ્યા છે. પુરાણોમાં દરેક માટે રસદાયક કથાઓ વાંચવા મળશે.

<u>ખાસ નોંધ :</u> અહીં દશવિલ પેઢીના દરેકના ઘણા વારસદાર હશે. અહીં ફકત જે વારસે ગાદી સંભાળી તેના નામ છે.

૧. ઈસ્વાકૂ, ૨. વિકુક્ષી (શશદ), ૩. કાકુત્સ (જુનું નામ પુરંજય, કથા વાંચવા જેવી છે), ૪. પ્રિથું, ૫. કુશાસ્ય (અનેન્ય) કથા વાચવાં જેવી છે. ૬. આન્ધ્ર, ૭. જબનસ્વ, ૮. સારસ્વત, ૯. બૃહદ્સ્વ (જેમને ૨૧૦૦૦ પુત્રો હતા તેમનો મોટો પુત્ર કુબાલાસ્વ હતો.) ૧૦. કુબાલાસ્વ (ધુન્ધુ રાક્ષસની કથા કુબાલાસ્વ સાથે સંકળાયેલ છે. કુબાલાસ્વ ધુન્ધુમરા કેમ કહેવાયો તેમજ ભગવાન શ્રી વિષ્ણુ "ત્રિવિક્રમ" કેમ કહેવાયા ? તે કથા વાંચવા જેવી છે.) ૧૧. પ્રિસવ, ૧૨. હર્યાસ્વ, ૧૩. નીકુમ્ભ, ૧૪. સમ્હાસી, ૧૫. ક્રીષવ, ૧૬. પ્રસન્જિત, ૧૭. યુંવનસ્વ. ૧૮. માધાંતા (કથા વાંચવા જેવી છે.) ૧૯. (અંબરીષ) સત્રાજીત, ૨૦. પુરુકુત્સ (આ પુરુકુત્સ ના બે પુત્રો મુચુકુન્દ અને ધર્મસેના. જેમાં મુચુકુન્દની કથા શ્રી કૃષ્ણ ભગવાન અને જરાસંઘ સાથે સંકળાયેલ છે. વાંચવા જેવી છે.) ૨૧. સંભૂતિ (ત્રસડાસ્ય), ૨૨. અરણ્ય, ૨૩. વૃહાદ્સ્વ, ૨૪. હસ્ત, ૨૫. સુમન, ૨૬. ત્રીધન્વ, ૨૭. થ્રયારુની, ૨૮. સત્યવ્રત (ત્રિશંકુ કેમ કહેવાયા ? કથા વાંચવા જેવી છે), ૨૯. હરિશ્ચંદ્ર (હરિશ્ચંદ્રનું જીવન ચરિત્ર વાંચવા જેવું છે.) ૩૦. રોહિત, ૩૧. હરિત (બીજું નામ હસ્તીપૂર્વ, હસ્તિનાપુર ની સ્થાપના કરી) ૩૨. ચંચુ, ૩૩. વિજય (બીજું નામ પુરવ, પંચાલ રાજયની સ્થાપના કરી, દ્રુપદ પંચાલ

રાજયના હતા તેની પુત્રી દ્રૌપદી) ૩૪. રૂરૂક, ૩૫. રિક, ૩૬. બાહુ (દરિયો સાગર કેમ કહેવાયો? તે કથા વાંચવા જેવી છે). ૩૭. સાગર (કથા વાંચવા જેવી છે), ૩૮. અસમંજ (કથા વાંચવા જેવી છે), ૩૯. અંશુમન (કથા વાંચવા જેવી છે), ૪૦. દિલીપ (કથા વાંચવા જેવી છે), ૪૧. ભગીરથ (કથા વાંચવા જેવી છે, ગંગાનું નામ ભાગીરથી કેમ પડયું ? ભગીરથે ગંગા અવતરણ કરાવ્યું વૈશાખ સુદ સાતમ, ગંગા સપ્તમી), ૪૨. સુહોત્ર, ૪૩. શ્રુત, ૪૪. નાભાગ (શિવના કૃષ્ણદર્શન ની કથા સંકળાયેલ છે. નાભાગ વૈશ્ય કેવી રીતે બન્યા ?) ૪૫. અંબરીષ બીજો, (ખુબ પ્રસિદ્ધ, ન્યાયી અને ધર્મી રાજા હતા), ૪૬. સિન્ધુદ્રીપ, ૪૭. અયુતયુ, ૪૮. **ઋ**તુપર્ણ (કોશલ રાજયની સ્થાપના કરી, તેમની સાથે નળ ની કથા સંકળાયેલ છે.) ૪૯. સર્વકામ, ૫૦. સુદસ, ૫૧. સૌહસ અથવા કલ્મશપદ (કથા વાંચવા જેવી છે) ૫૨. અશ્માંકા, ૫૩. મૂલક, ૫૪. સાથરત, ૫૫. લિવીલ, ૫૬. ક્રિશ્કર્મ (વીસ્વાસા), ૫૭. ખટવાંગ, ૫૮. દીર્ઘબાહુ, ૫૯. રઘુ (શ્રી રામ ના દાદા, કથા વાંચવા જેવી છે), ૬૦. અજા (કથા વાંચવા જેવી છે), ૬૧. દશરથ

રઘુ પછીનો વંશ "રઘુવંશ" કહેવાયો જે હવે પછી પૂર્વભૂમિકા - ૧૦ માં સમજશું.

**૯.૧.૨ :** નીમીઃ

ઈસ્વાકૂના બીજા પુત્રનું નામ નીમી હતું. આંખોના પલકારા જેને આપણે નિમેષ કહીએ છીએ તેની શરૂઆત નીમીના સમય થી થઈ.

નીમીનો વંશ નીચે મુજબ છે.

નીમી → જનક ( આ જનક નીમીના મૃતદેહ માંથી ઉત્પન્ન થયા આથી હવે પછી રાજાઓ વૈદેહ કહેવાયા) → ઉદાવાસુ → નન્દીવર્ધન → સુકેતુ → દેવરત → બ્રુહ્દસ્ત → મહાવીર્ય → સુદ્રુતી → દ્રીષ્ટ કેતુ → હર્યસ્વ → મનુ → પ્રતિત → કૃતાર્થ → દેવભીદ → વિબુન્ધ → મહાધ્રુત → કીન્તુજ → મહારોમ → સુવર્ણરોમ → હસ્યરોમ → સીદ્ધ્રયર્થ જનક (આ જનકના લગ્ન પૃથ્વી (ધાન્યા) સાથે થયા. હળ ખેડતા પુત્રી મળી તેનું નામ સીતા. જેઓ ભગવાન શ્રીરામ ના પત્ની બન્યા)

**૯.૧.૩ :** દંડઃ

ઈસ્વાકૂના ત્રીજા પુત્રનું નામ દંડ હતું. ખરાબ વર્તનને કારણે અયોધ્યાથી હાંકી કઢાયા. (ભાર્ગવની પુત્રી અજા પર બળાત્કારને કારણે) ત્યારબાદ તેમણે દક્ષિણ પથમાં ગોદાવરી નદી સુધી રાજય વિસ્તાર્યું. જે દંડકારણ્યથી ઓળખાય છે.

વૈવસ્વત મનુના અન્ય પુત્રો :

**૯.૨ :**

નૃગઃ નૃગની કોઈ વિગતો મળતી નથી.

**૯.૩ :**

દ્રીષ્ટઃ

દ્રીષ્ટ → નભગ → બલબંધન → કીર્તિમાન → વત્સપ્રીતી → પ્રાંશુ → પ્રજાતિ

→ ખનીત્ર (ખનીત્ર ખૂબ બળવાન રાજા હતા. તેમણે તેમનું રાજ્ય તેમના ભાઈઓ શૈરી, ઉદ્વાસુ, મુની અને મહારથીને વહેંચી આપ્યા) → ક્ષુપ → વિમ્ભ → વિવીમ્ભાક → ખનીનેત્ર → કર્નાધામ → અવિકસિત (અવિકસિત ની પત્નીઓ વાર, ગૌરી, સુભદ્રા, નીભી, લીલાવતી, માન્યવતી, કુમીદ્રવતી) → મરૂત (મરૂતની કથા વાંચવા જેવી છે. મરૂતના લગ્ન કેકેયાની પુત્રી સુકેસા, સિંધુરાજની પુત્રી સેન્ધાવી અને ચેદીરાજની પુત્રી વાયુસ્મતી સાથે થયા)

**૯.૪ :**

શર્યતીઃ

તેમના નામ પરથી નદીનું નામ સરયુ પડયું. તેમની પુત્રી સુકન્યા, જેમના લગ્ન ચ્યવન **ઋ**ષિ સાથે થયા. અનર્ત નામનો પુત્ર થયો. અનર્તના પુત્ર રૈવત જેમણે કુશસ્થલી (હાલનું દ્વારકા) માં રાજય કર્યું. રૈવતના મોટા પુત્ર કાકુદમી. કાકુદમીની પુત્રી રેવતીના લગ્ન બલદેવ સાથે થયા. (શ્રીકૃષ્ણની કથામાં જયારે તેઓ દ્વારકા પ્રસ્થાન થયા ત્યારે અનર્ત પ્રદેશ શબ્દ નો ઉલ્લેખ છે.)

**૯.૫ :** નરીશ્યંતઃ તેમનો વંશ નીચે મુજબ છે.

નરીશ્યંત → દમ → રાજવર્ધન → સુદ્રીગ્ન → કેવળ → સુગ્રીતી → નર → ચંદ્ર → બંધુમાન → વેદ્વન → બુદ્ધ → ત્રીવીંધુ → ઈલાવીલા → વિશાલ → હેમચંદ્ર → ચંદ્ર → ધુમરક્ષ → શ્રીન્જય → સહદેવ → ક્રીશસ્વા → સોમદત → જનમેજય → સુમતિ.

**૯.૬ :**

પ્રમસુંઃ કોઈ વિગતો મળતી નથી.

**૯.૭ :**

કરુષઃ કરુષના વંશમાં ક્ષત્રિયો ઉત્પન્ન થયા.

**૯.૮ :**

પીશાદ્રઃ ગુરુની ગાયની હત્યાથી શુદ્ર બન્યા.

**૯.૯ :**

ગ્રીસ્તઃ કોઈ વિગતો મળતી નથી.

**૯.૧૦ :**

ઈલાઃ ઈલાની કથા ચન્દ્રવંશમાં (પૂર્વભૂમિકા-૧૧) સમજશું.

## રઘુવંશ

**૧૦.૧ :** આપણે ૯.૧.૧ માં ઈસ્વાકૂની ૫૯ મી પેઢીના રાજા તરીકે રઘુ નો ઉલ્લેખ જોયો. અહીંથી સુર્યવંશ સમાપ્ત થયો. હવે પછીનો વંશ રઘુવંશ કહેવાયો.

રઘુ → અજા → દશરથ.

દશરથને ત્રણ પત્ની હતી. કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી. ભગવાન શ્રી વિષ્ણુનો, ભગવાન શ્રી રામ તરીકે જન્મ કૌશલ્યાથી થયો (ચૈત્રી નોમ). ભરતનો જન્મ કૈકેયી થી થયો. ભરત "પંચજન્ય" (૧૧.૧.૧.૧.૧)નો અવતાર કહેવાય છે. સુમિત્રાના બે પુત્રો થયા. લક્ષ્મણ અને શત્રુઘ્ન. લક્ષ્મણ "શેષનાગનો અવતાર" કહેવાય છે. શત્રુઘ્ન "સુદર્શનચક્ર"નો અવતાર કહેવાય છે. શ્રી રામના લગ્ન સીતા સાથે, લક્ષ્મણના ઉર્મિલા સાથે, ભરતના મંડાવી સાથે અને શત્રુઘ્નના શ્રુતકીર્તિ સાથે થયા. શત્રુઘ્નએ મધુ નામના રાક્ષસના પુત્ર લાવણ ને માર્યો અને મથુરા નગરીની સ્થાપના કરી.

**૧૦.૨ :** ભગવાન શ્રીરામ નો વંશ:

રામના બે પુત્રો લવ અને કુશ (લવ અને કુશની કથા વાંચવા જેવી છે.)

**૧૦.૨.૧ :** લવ નો વંશ :

લવ → પુષ્ય → ધ્રુવસંધી → સુદર્શન → શીઘ્રાગ → મારૂ → પ્રશુશ્રુત → અમરશ → સહસ્વાન → વિશુત્વન → પ્રસેનચિત → તક્ષાક → બૃહદલ (આ બૃહદલ ને અભિમન્યુએ મહાભારત યુદ્ધમાં મારી નાખ્યા અને અહી વંશ સમાપ્ત થયો.)

**૧૦.૨.૨ :** કુશ નો વંશ :

કુશ → અતિથી → નિષાદ → અનલ → નભ → પુન્દ્રિક → ક્ષેમધન્ય → દીવાનીક → અહિનાકા → રૂરૂ → પ્રથાર્તક → દેવલ → વાંચલ → ઉલ્કા → વ્રજનાભ → શંખન → યુશીતસ્વ → વિશ્વાહા → હિરણ્યમ → કૌશલ્ય.

આજ વંશમાં ત્યારબાદ પુરવ નામનો રાજા થયા. જેમણે મગધ (હમણાનું પટના), ચેડી (સાગર), કૌસંબી (અલ્લાહાબાદ) અને મત્સય (જયપુર) ની સ્થાપના કરી. મગધનું રાજય ત્યારબાદ જરાસંઘે સંભાળ્યું.

## પૂર્વ ભૂમિકા : ૧૧

### ચન્દ્રવંશઃ (સોમવંશ)

મહર્ષિ અત્રિએ (જુઓ ૩.૩) ખુબ આકરી તપસ્યા કરી. તેના તેજથી આકાશ ભરાઈ ગયું. આ તેજથી જે શકિત ઉત્પન્ન થઈ તેમાંથી સોમ (અથવા ચંદ્ર) નો જન્મ થયો. બ્રહ્માજીએ ચંદ્રને એમના રથમાં બેસાડી ૨૧ વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરાવી. અને એમાંથી જે શકિતઓ ઉત્પન્ન થઈ તેમાંથી જડીબુટ્ટીઓનો ઉદ્‌ભવ થયો. ચંદ્રના ગુરુ બૃહસ્પતિ હતા. બૃહસ્પતિને તારા નામની પત્ની હતી. ચંદ્ર તારાના પ્રેમમાં પડયા. આ બાબતે ચંદ્ર અને બૃહસ્પતિ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય (૩.૮.૧.૧.૧.૧) ચંદ્ર તરફે લડયા. ભગવાન શિવ ગુરુ બૃહસ્પતિ તરફે લડયા. આ યુદ્ધ "તારકામ્યા સંગ્રામ" તરીકે ઓળખાયું.

ચંદ્ર અને તારામતી (તારા) થી એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ "બુધ". બુધના લગ્ન વૈવસ્વત મનુ ની પુત્રી ઈલા (૯.૧૦) સાથે થયા. બુધ અને ઈલાથી જે પુત્ર થયો તે પુરૂરવા હતા. આ પુરૂરવા રાજાના વંશને ચન્દ્રવંશ કહેવાય છે.

(નોંધ : ઈલાને મિત્રવરુણ થી મળેલ વરદાનથી તેણે પૌરુષત્વ પ્રાપ્ત કર્યું. અને તેનું નામ સુદ્યુમન પડયું. ઈલા એજ સુદ્યુમન છે. પુરાણોમાં તેમની ઘણી કથાઓ વાંચવા મળે છે.

સુદ્યુમનના ત્રણ પુત્રો થયા. ઉત્લક જેમણે ઓરિસામાં રાજય કર્યું. ગયા જેમણે ગયામાં રાજય કર્યું અને વિનાત્સવા જેમણે પશ્ચિમમાં રાજય કર્યું.)

**૧૧.૧ :** પુરૂરવાઃ

પ્રતિસ્થાન રાજયમાં રાજ કર્યું. ઉર્વશી સાથેના લગ્નથી છ પુત્રો થયા.

૧. આયુ (અથવા આયુસ), ૨. અમાવાસુ, ૩. વિસ્વવાસુ, ૪. શ્રુતાયું, ૫. શતાયુ, ૬. અયુતાયું

**૧૧.૧.૧ :** આયુઃ

આયુના લગ્ન સ્વરભાનુની પુત્રી પ્રભા સાથે થયા. આયુના પાંચ પુત્રો હતા.

૧. નહૂસ, ૨. ક્ષત્રવૃદ્ધિ, ૩. રજી, ૪. વ્રજી, ૫. અન્યેના.

**૧૧.૧.૧.૧ :** નહૂસઃ

આયુસના આ ખુબ જ બળવાન પુત્રે પૃથ્વી પર એક લાખ વર્ષ સુધી રાજય કર્યું હોવાનું કહેવાય છે. અગત્સ્ય **ઋ**ષિએ તેમને સાપ બની જવાનો શ્રાપ આપ્યો હતો. તેના લગ્ન વિરજા સાથે થયા. અને છ પુત્રો થયા.

૧. યતિ, ૨. યયાતિ, ૩. શર્યતી, ૪. એયાતી, ૫. વિયતી, ૬. સુયતી (કીર્તિ) અને રૂચી નામની પુત્રી હતી જેના લગ્ન ચ્યવન + સુકન્યા ના પુત્ર અયાનવન સાથે થયા.

આ બધામાં યયાતિ ખુબ જ અગત્યના રાજા હતા. તેમને વિગતે સમજશું.

**૧૧.૧.૧.૧.૧ :** ययाति:

નહૂસ પછી રાજા બન્યા. તેઓ વિષ્ણુ ભકત હતા. તેમણે એક લાખ વર્ષ રાજય કર્યા હોવાનો ઉલ્લેખ છે. અને આખી દુનિયા જીતી હોવાનું કહેવાય છે.

યયાતિને બે પત્ની હતી. પ્રથમ હતી શુક્રાચાર્ય ની પુત્રી દેવયાની. દેવયાનીથી બે પુત્રો થયા. યદુ અને તુર્વાસુ. બીજી પત્ની હતી વિશ્પર્વ (દાનવોનો રાજા) ની પુત્રી શર્મિષ્ઠા. શર્મિષ્ઠાથી ત્રણ પુત્રો થયા. દ્રહય, અનુ અને પુરૂ.

યયાતિના આ પાંચ પુત્રોને "પંચજન્ય" કહેવાય છે. યદુ પછીનો વંશ "યદુવંશ" કહેવાયો (પૂર્વભૂમિકા-૧૨) અને પુરૂ પછીનો વંશ "પુરૂવંશ" કહેવાયો (પૂર્વભૂમિકા-૧૩). જે હવે પછી સમજશું.

યયાતિએ પૃથ્વી જીતીને તેને પાંચ ભાગમાં વહેંચી અને પાંચ પુત્રોને આપી. યદુને પૂર્વની ભૂમિ, પુરૂને વચ્ચે ની ભૂમિ (પ્રયાગ રાજધાની), તુર્વાસુને દક્ષિણ અને દક્ષિણ પૂર્વની ભૂમિ: દ્રહય ને ઉત્તરની ભૂમિ અને અનુને પશ્ચિમની ભૂમિ આપી.

ઘડપણમાં યયાતિએ પુત્રોને બોલાવી કહ્યુ કે મારે પૃથ્વીની પ્રદક્ષિણા કરવી છે પણ ઘડપણ નડે છે. આથી મારું ઘડપણ લઈ તમારી જવાની મને આપો. પુરૂ સિવાય કોઈ પુત્ર તૈયાર થયા નહિ. આ આખી કથા ખુબ રસદાયક છે. જે અવશ્ય વાંચવી જોઈએ, જેમાં યયાતિ અશ્રુબીન્દુમતી સાથે લગ્ન પણ કરે છે. યયાતિના પુત્રો વિશે ૧૧.૨ માં સમજશું.

હવે આપણે આયુના બીજા પુત્ર ક્ષત્રવૃદ્ધિની વિગત જોઈશું.

**૧૧.૧.૧.૨ :** ક્ષત્રવૃદ્ધિ:

ક્ષત્રવૃદ્ધિના પુત્ર સુહોત્ર ના બે પુત્રો હતા. સલ અને ગ્રીષ્મદ

**૧૧.૧.૧.૨.૧ :** સલ:

સલ → અરીસ્તસેન → કશ્ય → કશેયા.

કશેયા નો વંશ :

કશેયા → દીર્ઘતપ (ધનવા) → ધન્વન્તરી. (આ ધન્વન્તરીનો ફરી જન્મ સમુદ્ર મંથન વખતે થયો)

ધન્વન્તરીનો વંશ:

ધન્વન્તરી → કેતુંમાન → ભીમ્રથ → દીબોદસ → પ્રતર્દન (પ્રતર્દનને શત્રુજીત અથવા રીપુજીત પણ કહેવાય છે. તેમની પાસે કુલવ્ય નામનો ઘોડો હતો. આથી તેમને કુલવ્યસ્વ પણ કહેવાય છે.)

પ્રતર્દનના પુત્ર રૂતુદ્રજ (અહી ગલવ **ઋ**ષિ ની કથા વાંચવા જેવી છે). રૂતુદ્રજે પતાલકેતુ રાક્ષસનો વધ કર્યો.

રૂતુદ્રજની પત્ની મદાલસા (વિશ્વાવસુની પુત્રી), મદાલસાએ અલાર્કને જન્મ આપ્યો. (અલાર્ક નામ કેમ પડયું તે કથા રસપ્રદ અને બોધકારક છે. અલાર્કને દત્તાત્રેય ભગવાને

આપેલ ઉપદેશ ખુબજ ધ્યાનથી વાંચવા ખાસ વિનંતી છે.

<u>અલાર્કે</u> પૃથ્વી પર ૬૬ વર્ષ રાજય કર્યું. તેમણે "વર્ણાશ્રમ ધર્મ" ની સ્થાપના કરી.

<u>અલાર્ક નો વંશ :</u>

અલાર્ક → સન્નતી → સુનીત → સુકેતુ → ધર્મકેતુ → સત્યકેતુ → વિભુ → સુવીભુ → સુકુમાર → દ્રસ્પકેતુ → વિતીહોત્ર → ભર્ગ → ભર્ગભૂમિ. (જેમણે "ચાર વર્ણ" ની સ્થાપના કરી)

આ વંશ "કશ્ય વંશ" કહેવાય છે.

**૧૧.૧.૧.૩ :** <u>રજી :</u>

રજીના પાંચસો પુત્ર થયા જે "રાજેશ" કહેવાયા.

આયુના અન્ય પુત્રો વ્રજી અને અન્યેના ની વધુ વિગત મળતી નથી.

**૧૧.૧.૨ :** <u>અમાવાસુ:</u>

હવે આપણે પુરૂરવાના બીજા પુત્ર અમાવાસુની વિગતો જોઈએ. અમાવાસુએ કનોજ રાજયની સ્થાપના કરી.

અમાવાસુ → ભીમ → કંચન → સુહોત્ર → જાહનું (ગંગાવતરણ વખતે આ જાહનુએ બધું પાણી પી લીધું. અને ગંગા જહાનવી કહેવાઈ તે કથા વાંચવા જેવી છે) → સુમંત → બલાકસ્ય → <u>કુશા</u>.

<u>કુશા</u>ના ચાર પુત્રો હતા. ૧. <u>કુશંબ (કુશનાભ)</u>, ૨. કુશમાન, ૩. અધુત્રજ, ૪. વસુ

<u>કુશંબ</u>ને ત્યાં ઈન્દ્રે પુત્ર રૂપે જન્મ લીધો. જે કૌશિક (આ કૌશિક એટલેજ વિશ્વામિત્ર) તરીકે ઓળખાયા. કૌશિકની પુત્રીનું નામ સત્યવતી જેમના લગ્ન રીચિક ઋષિ સાથે થયા. સત્યવતી કૌશિકી નદીમાં પરાવર્તિત થયા તે કથા વાંચવા જેવી છે.

**૧૧.૨ :** <u>યયાતિ :</u>

હવે આપણે યયાતિના પુત્રો વિષે સમજીએ.

આપણે ૧૧.૧.૧.૧.૧ માં જોયું કે યયાતિને બે પત્ની થી પાંચ પુત્રો થયા (યદુ, તુર્વાસુ, દ્રહય, અનુ અને પુરૂ) જે "પંચજન્ય" કહેવાયા.

**૧૧.૨.૧ :** <u>યદુ:</u>

યદુના વંશજો "યાદવો" કહેવાયા. આજ વંશના પછીના વંશમાં ભગવાન શ્રીકૃષ્ણ નો જન્મ થયો. જે વિગતવાર હવે પછી પૂર્વભૂમિકા - ૧૨ માં સમજશું.

**૧૧.૨.૨ :** <u>તુર્વાસુ:</u>

તુર્વાસુએ પહેલા બલુચિસ્તાનમાં રાજય કર્યું. ત્યારબાદ દક્ષિણ અને દક્ષિણ પૂર્વની

ભૂમિ મળવાથી આન્ધ્રમાં રાજય કર્યું. (ત્યારે અંધીરા કહેવાતું), તુર્વાસુના પુત્રોએ ચોલા, પાંડય અને કેરાલાની સ્થાપના કરી ત્યાં રાજય કર્યું.

**૧૧.૨.૩ :** <u>દ્રહય:</u>

દ્રહય અથવા દ્રહાયુંએ અફઘાનિસ્તાનમાં રાજય કર્યું. પછી ગાંધાર તરીકે ઓળખાયા. ગાંધાર દેશના રાજાઓ દ્રહયના વંશમાં થયા. દ્વાપર યુગમાં વંશજ સુબલ → શકુનિ. ગાંધારી શકુનિ ની બહેન હતા. જેમના લગ્ન ધ્રુતરાષ્ટ્ર સાથે થયા. ધ્રુતરાષ્ટ્ર ને ગાંધારીથી ૧૪ પુત્રો હતા. બાકીના ૮૭ પુત્રો દાસીપુત્રો હતા. (બધા કૌરવો કહેવાયા) આ દાસીપુત્રોમાં સૌથી મોટો યુયુત્સુ હતો. તેમની માતાનું નામ વિશાખા અને પત્ની નું નામ ભદ્રા હતું. વધુ કથા મહાભારતમાં સમજવી.

**૧૧.૨.૪ :** <u>અનુ:</u>

અનુ પછીનો વંશ "અનવાસ" કહેવાયો. તેમણે પશ્ચિમમાં સીવી, સૌવીહા, કેકયા, અને મદ્ર રાજયોની સ્થાપના કરી. પૂર્વમાં અંગ, વંગ, કલીગ, સુહમ, અને પુન્દ્ર રાજયોની સ્થાપના કરી.

રાજા દશરથની પત્ની કૈકેયી, કેકયાથી અને પાંડુ રાજાની પત્ની માદ્રી, મદ્રથી હતા.

**૧૧.૨.૫ :** <u>પુરૂ:</u>

પુરૂ નો વંશ "પુરૂવંશ" કહેવાયો. આજ વંશમાંથી "કુરુવંશ" થયો. ખુબજ અગત્ય નો વંશ છે. જે હવે પછી પર્વભૂમિકા-૧૩ માં સમજશું.

> સર્વવ્યાપી પરમાત્મા સગુણ પણ છે અને નિર્ગુણ પણ છે. આ સંપૂર્ણ વિશ્વ એમના થી જ વ્યાપ્ત છે. તેઓ આ જગતના આદિકારણ અને અજન્મા છે. આ સંપૂર્ણ જગત તેમની રચના છે. અને અંતમાં તેઓ જ તેમનો વિનાશ કરે છે.
>
> એમનું પ્રથમ સ્વરૂપ એવું છે જેનું શબ્દ દ્વારા વર્ણન થઈ શકે નહીં. વિદ્વાન પુરુષો એને "શુધ્ધ સ્વરૂપ" કહે છે. પરમાત્માનો એ દિવ્ય વિગ્રહ "જયોતિ પુંજ" થી પરિપૂર્ણ છે. જે યોગી પુરૂષોની પરાનિષ્ઠા (અંતિમ લક્ષ્ય) છે. અહંકાર અને મમતાનો ત્યાગ કરવાથી જ તેમનો સાક્ષાત્કાર થાય છે.
>
> શ્રી પરમાત્માનું બીજુ સ્વરૂપ શેષ નામથી પ્રસિધ્ધ છે. જે પાતાળ લોકમાં રહીને પૃથ્વીને મસ્તક પર ધારણ કરે છે. જેમને તીર્યક સ્વરૂપની તામસી મૂર્તિ કહે છે.
>
> શ્રી પરમાત્માનું ત્રીજુ સ્વરૂપ સમસ્ત પ્રજાના પાલનપોષણમાં તત્પર રહે છે. જે આ પૃથ્વી પર ધર્મની વ્યવસ્થા કરે છે. અને ધર્મનો નાશ કરવાવાળાને દંડે છે. સંસારમાં જયારે જયારે ધર્મનો હ્રાસ અને અધર્મનો ઉદ્‌ભવ થાય છે, ત્યારે ત્યારે તેઓ પોતાને પ્રગટ કરે છે. પ્રભુના વિવિધ અવતારોનું આજ કારણ છે.

## યદુવંશ, વૃષનીવંશ અને કોષ્તુંવંશ:

**૧૨.૦ :** અગાઉ આપણે સમજયા તેમ પુરૂરવા → આયુ → નહૂસ → યયાતિ → યદુ.

યદુ પછીનો વંશ "યદુવંશ" કહેવાયો. યદુના વંશજો "યાદવો" કહેવાયા. આજ વંશમાંથી "વૃષનીવંશ" થયો જેમાં દેવકીનો જન્મ થયો. આજ વંશમાંથી "કોષ્તુંવંશ" થયો જેમાં વાસુદેવનો જન્મ થયો.

યદુના ચાર પુત્રો હતા.

૧. સહસ્ત્રજીત, ૨. કોષ્તુ, ૩. નલ, ૪. પયોદા

**૧૨.૧ :** સહસ્ત્રજીતઃ

તેમના પુત્ર શતજીત. શતજીતને ત્રણ પુત્ર હતા. હૈહૈયા, રેહાયા, વેણુંહયા.

**૧૨.૧.૧ :** હૈહૈયા નો વંશ:

હૈહૈયા → ધર્મ → ધર્મનેત્ર → કીર્તિ → સહાજિત → મહીસ્માન → ભદ્રશેન્ય → દુર્દભ → ધનક

ધનક ના ચાર પુત્રો : કૃતવિર્ય, કૃતગ્ની, કૃતધર્મ અને કૃતુજા.

કૃતવિર્યના પુત્ર અર્જુન. દત્તાત્રેયના આશીર્વાદથી એક હજાર શસ્ત્રો મેળવ્યા. તેથી તેઓ "સહસ્ત્રાર્જુન" કહેવાયા. તેમણે ૮૫ હજાર વર્ષ રાજય કર્યુ હોવાનું કહેવાય છે. તેમણે રાવણને પણ કેદ કર્યા હતા. સહ્સ્ત્રાર્જુનનો વધ ભગવાન પરશુરામે કર્યો.

**૧૨.૧.૨ :** સહસ્ત્રાર્જુનનો વંશ:

શુર → શુરસેન → વૃહ્સેન → જયદ્રજ → તલ્જુંગ → વિતીહોત્ર → વૃષા → મધુ → વૃષની.

**૧૨.૧.૩ :** વૃષનીનો વંશ:

વૃષની → યુધાજીત → સીની → સત્યક → યુયુંધન → જયા → કૂની → અમ્નિત્ર → પ્રસની → ચિત્રરથ → કૂકુર → વહની → વિલમોલા → કપોતરોમ → તુમ્બરું → દુદુમ્ભી → દરિદ્ર → વસુ → નહૂક → અહુક

અહુક ના બે પુત્રો. દેવક અને ઉગ્રસેન

**૧૨.૧.૩.૧ :** દેવક:

દેવક ના ચાર પુત્રો દેવાપન, ઉપદેવ, સુદેવ અને દેવ રક્ષિત.

સાત પુત્રી. દેવકી સહીત સાતેય પુત્રીના લગ્ન વાસુદેવ સાથે થયા.

**૧૨.૧.૩.૨ :** <u>ઉગ્રસેન:</u>

ઉગ્રસેનના પુત્ર કંસ (આ કંસના સસરા જરાસંઘ, કંસ પૂર્વ જન્મ માં કાલનેમી નામે રાક્ષસ હતા, તેમની પત્નીના નામ અસ્તિ અને પ્રાપ્તિ. જરાસંઘ, કાલ્યવાન અને મુચુકુન્દ ની કથા વાંચવી)

**૧૨.૨ :** <u>કોષ્તું:</u> યદુના બીજા પુત્ર કોષ્તું નો વંશ નીચે મુજબ છે.

કોષ્તું → વ્રજીવન → સ્વાહી → સ્વાતિ → રસંદુ → ચૈત્રરથ → <u>સસબિંદુ</u>. આ સસબિંદુને એક લાખ રાણી અને દશ લાખ પુત્રો હોવાનો ઉલ્લેખ છે. જેમાં <u>પ્રીથુવર્ષ</u>, પ્રીથુકર્મ, પ્રીથુકીર્તી, પ્રીથુયાશ, પ્રીથુજય મુખ્ય હતા.

**૧૨.૨.૧ :** <u>પ્રીથુવર્ષ</u> → અંતર → સુયજન → ઉપાંશ → શિનેયું → મરુતા → કંબલબર્હી → પંચવૃસ્ત → જયમાઘ → વિદર્ભ → <u>ક્રથ</u>

<u>ક્રથ</u> → કુંત → ગ્રીસ્તી → નીગ્રીતી → દશાર્દ → વ્યોમ → જીમુત → વિકૃતિ → ભીમરથ → નવરથ → દ્રીદારથ → એકદાસરથ → શકુનિ → કરંભી → દેવરત → દેવકસત્ર → દેવન → મઘુ → પુરુવશ → પુરુહોત્ર → અંશુ → સત્વક → ભીમ → ભજમન → ચિત્રરથ → વિદુરથ → શૂર → સ્વયંભોજ → હીદિક → શૂરસેન → વાસુદેવ → શ્રી કૃષ્ણ

**૧૨.૨.૨ :** <u>શ્રીકૃષ્ણ નો વંશ:</u>

શ્રીકૃષ્ણની કથાઓ અને લીલાઓ બધાએ વાંચી હશે. છતાં વંશની જાણકારી માટે ટૂંકમાં સમજશું.

ભગવાન શ્રીકૃષ્ણને ૧૬૦૦૦ રાણી હતી. જેમાં આઠ પટરાણી મુખ્ય હતી.

૧. રુકમણી : બીજુ નામ વૈદર્ભી. વિદર્ભના રાજા ભીષ્મકના પુત્રી. તેઓ લક્ષ્મીના અવતાર કહેવાય છે. રૂકમણીના ભાઈ રુકમીને તેમના લગ્ન શિશુપાલ (ચેડીના રાજા દમઘોશના પુત્ર) સાથે કરાવવા હતા. આ કથા વાંચવા જેવી છે.

૨. સત્યભામા : સત્યજીતના પુત્રી.

૩. જામ્બવતી : બીજુ નામ નરેન્દ્ર પુત્રી (કવિન્દ્રપુત્રી, પૌરવી). જામ્બવતીના પુત્રી.

૪. કાલિન્દી : બીજુ નામ યમુના. સૂર્ય અને સંજ્ઞાના પુત્રી.

૫. નાગ્નાજીતી : બીજુ નામ સત્યા (કૌશલ્યા). કોસાલાના નરેશ નાગ્નાજીતની પુત્રી.

૬. મિત્રવૃંદ : બીજુ નામ સુદત્ત (શૈવ્યા). અવંતિના રાજા જયસેનાના પુત્રી.

૭. ભદ્રા : બીજુ નામ સુશીલા (કૈકૈયી). કૈકયાના રાજા દ્રિષ્ટકેતુના પુત્રી.

૮. લક્ષમણા : બીજુ નામ સુલક્ષણા (ચારુરસીની, માદ્રી). મદ્રના રાજા બૃહદસેનના

પુત્રી.

**૧૨.૨.૨.૧. :** શ્રીકૃષ્ણ → પ્રદ્યુમ્ન (શ્રીકૃષ્ણ + રુકમણીના પુત્ર, જેમણે શમ્ભાસુરનો વધ કર્યો) → અનિરુદ્ધ (પ્રદ્યુમ્ન + માયાવતીના પુત્ર, જેમના લગ્ન બાણાસુરની પુત્રી ઉષા સાથે થયા) → <u>વ્રજનાભ</u> → પ્રતીબાહુ → બાહુબલ → બાહુ → સુબાહુ → શંતાસેન → શતસેન → રીજ → શિલ્વાહાના → રાજા વલંદ

**૧૨.૨.૨.૨. :** આ ઉપરાંત શ્રીકૃષ્ણ + જામ્બવતીથી શંભ નામનો પુત્ર થયો જેમના લગ્ન દુર્યોધન ની પુત્રી લક્ષ્મણા સાથે થયા. (કથા અવશ્ય વાંચવી)

**<u>નોંધ :</u>** ૧. વાસુદેવની બહેન પ્રથા હતી. જેમને કુન્તીભોજે દત્તક લીધી. જે કુંતી તરીકે ઓળખાયા. કુંતીના લગ્ન પાંડુ સાથે થયા. આ રીતે કુંતી શ્રીકૃષ્ણ ના ફોઈ કહેવાયા. વાસુદેવની બીજી બહેન શ્રુતવ્રત શિશુપાલની માતા હતા.

૨. વાસુદેવ ના ભાઈ દેવભગ અને દેવભગ ના પુત્ર <u>ઉદ્ધવ</u>. (ઉદ્ધવની કથા વાંચવી, સાથે જ વેણુગીત, ગોપીગીત, ભ્રમરગીત વગેરે વાંચવા અને સમજવા.)

૩. યાદવોએ સુરસેનામાં રાજય કર્યું ત્યારબાદ અનર્ત પ્રદેશ (ગુજરાત) માં સ્થાયી થયા.

૪. ભગવાન શ્રીકૃષ્ણના ખડગનું નામ "નંદક", ગદાનું નામ "કૌમોદકી" અને શંખનું નામ "પાંચજન્ય" હતું જે ગુલાબી રંગનો હતો.

૫. ભગવાન શ્રીકૃષ્ણના ધનુષનું નામ "સારંગ", મુખ્ય શસ્ત્રનું નામ "સુદર્શન", રથનું નામ "જૈત્ર", સારથીનું નામ "દારૂક", ઘોડાના નામ "શૈવ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને વલાહક" હતા.

**૧૨.૨.૩ :** <u>વ્રજનાભ:</u> વ્રજ નામના પથ્થર માંથી ૧૬ મૂર્તિઓ બનાવી મંદિરો બનાવ્યા.

- ❖ જેમાં વ્રજ મંડળથી ઓળખાતા ૧. શ્રી હરીદેવ (ગોવર્ધન), ૨. શ્રી કેશવદેવ (મથુરા), ૩. શ્રી બલદેવ (બાલાદેવ), ૪. ગોવિંદજી (વૃંદાવન)
- ❖ નાથ થી ઓળખાતા શ્રીનાથજી (નાથદ્વારા, અગાઉ ગોવર્ધન) અને શ્રી ગોપીનાથ (જયપુર)
- ❖ ગોપાલ થી ઓળખાતા શ્રી મદનમોહન (કરોલી રાજસ્થાન) અને સાક્ષી ગોપાલ (ઓરિસ્સા, જગન્નાથપુરી)
- ❖ વ્રજનાભે પહેલા શ્રીકૃષ્ણ ની ત્રણ મૂર્તિ બનાવી. પરંતુ તેમણે શ્રીકૃષ્ણને કયારેય જોયા નહોતા. ઉત્તરા એ (અર્જુન + સુભદ્રાના પુત્ર અભિમન્યુ ના પત્ની અને પરિક્ષિત ના માતા) કરેલ વર્ણન પરથી મૂર્તિઓ બનાવી. પરંતુ ત્રણમાંથી એકપણ આબેહૂબ બની નહિ. ગોવીન્દજીનું માથું શ્રીકૃષ્ણને મળતું હતું. મદનમોહનનો નાભિથી નીચે ચરણકમળ સુધીનો ભાગ અને ગોપીનાથનો નાક થી નાભી સુધીનો ભાગ શ્રીકૃષ્ણને મળતો હતો.

## પુરૂવંશ અને કુરુવંશ

**૧૩.૦ :** અગાઉ આપણે સમજયા તેમ પુરૂરવા → આયુ → નહૂસ → યયાતિ → પુરૂ.

આ પુરૂના લગ્ન પશુતી સાથે થયા. પુરૂનો વંશ "પુરૂવંશ" કહેવાયો. આજ વંશમાંથી કુરુવંશ થયો. જેમાં કૌરવો અને પાંડવો થયા.

પુરૂ → જન્મેજય → પ્રચીનાયન → પ્રવિર → મન્સ્યું → અભ્યાદ → સુદાયું → બહુગત → સન્યતી → સહમ્યતી → રોદ્રશવ.

રોદ્રશવ ને દશ પુત્રો પૈકી રીતેશું મુખ્ય હતા.

રીતેશુ ના ત્રણ પુત્રો હતા જેમાં અપ્રતીર્થ મુખ્ય હતા.

**૧૩.૧ :** અપ્રતીર્થનો વંશ:

અપ્રતીર્થ → એઈલીન → દુષ્યંત (દુષ્યંત અને શકુંતલાની કથા વાંચવા જેવી છે) → ભારત

ભારતે ૧૮૦૦ અશ્વમેઘ યજ્ઞ કર્યા, ૧૦૦ રાજસુર્ય યજ્ઞ કર્યા. આખી દુનિયા જીતી. એમના પરથી દેશનું નામ ભારતવર્ષ પડયું.

**૧૩.૨ :** ભારતનો વંશ:

ભારત → ભારદ્વાજ (વિતથ) → મન્યું (ભુમન્યું)

**૧૩.૩ :** મન્યું ના પુત્રો :

૧. બૃહદ્શત્ર, ૨. મહાવીર, ૩. ગર્ગ, ૪. નર

**૧૩.૩.૧ :** બૃહદ્શત્ર:

મુખ્ય પુત્ર હસ્તિ, જેમણે હસ્તિનાપુર બનાવી.
હસ્તિના ત્રણ પુત્રો. અજામીદ, દ્વિજમીદ, પુરુમિદ

**૧૩.૩.૧.૧ :** અજામીદ ની પુત્રી અહલ્યા જેમના લગ્ન ગૌતમ **ઋ**ષિ સાથે થયા.

ગૌતમ + અહલ્યા ના પુત્ર શતાનંદ

શતાનંદ → સત્યાગ્રીહી → પુત્ર કૃપ અને પુત્રી કૃપી
કૃપી ના લગ્ન દ્રોણાચાર્ય (કૌરવો અને પાંડવો ના ગુરૂ) સાથે થયા.
દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા થયા.

**૧૩.૩.૧.૨ :** અજામીદના પુત્રો રીકસ, દુષ્યંત, પરમેષ્ઠી, જલ, રુપીના

**૧૩.૩.૧.૨.૧ :** <u>રીકસ:</u>

રીકસ ના પુત્ર સંવર્ણ. સવર્ણને પંચાલોએ હરાવ્યા. વશિષ્ઠની સલાહથી રાજય પાછું મેળવ્યું. સવર્ણ સૂર્ય ભકત હતા. તેમના લગ્ન સૂર્યપુત્રી તાપી સાથે થયા. (જુઓ. ૮.૧.૧.૧.૨ નોંધ ૪.) સવર્ણ + તાપીના પુત્રનું નામ કુરુ હતું. કુરુના લગ્ન સોદામીની સાથે થયા. (કુરુના સમયમાં ભગવાન શ્રીવિષ્ણુના આશીર્વાદથી કુરુક્ષેત્ર કેવીરીતે અસ્તિત્વમાં આવ્યું ? તે કથા વાંચવા જેવી છે.). આ કુરુનો વંશ "કુરુવંશ" કહેવાયો.

**૧૩.૩.૨ :** <u>કુરુનો વંશ:</u>

કુરુને પાંચ પુત્રો હતા.

૧. <u>અવિકસિત</u>, ૨. ભવીશ્યંત, ૩. ચત્રરથ, ૪. મુની, ૫. <u>જન્મેજય</u>

<u>(નોંધ :</u> પરિક્ષિતના પુત્ર જન્મેજય અલગ છે.)

**૧૩.૩.૨.૧ :** <u>અવિકસિત</u> ને આઠ પુત્રો હતા. જેમાં <u>પરિક્ષિત</u> મુખ્ય હતા. પરિક્ષિતના છ પુત્રો હતા.

<u>(નોંધ :</u> અભિમન્યુના પુત્ર પરિક્ષિત અલગ છે.)

**૧૩.૩.૨.૨ :** જન્મેજયના પુત્ર પ્રતીશર્વ અને પ્રતીશર્વના પુત્ર <u>પ્રતિપ</u>

**૧૩.૩.૨.૩ :** <u>પ્રતિપ:</u>

પ્રતિપના ત્રણ પુત્રો ૧. દેવપી, ૨. <u>શાન્તનું</u>, ૩. <u>વાહલીક</u>.

પ્રતિપ પછી શાન્તનું રાજા બન્યા. (શાન્તનું પૂર્વજન્મમાં મહાભીશ હતા. તેમની ગંગા સાથેની કથા વાંચવા જેવી છે.)

શાંતનુએ હસ્તિનાપુરમાં રાજય કર્યું. પૂર્વ જન્મના બંધન ને કારણે ગંગા સાથે પ્રેમમાં પડયા. અને ભીષ્મ નો જન્મ થયો. શાન્તનુંના લગ્ન ત્યારબાદ સત્યવતી સાથે થયા. (આ સત્યવતી એટલે મત્સયગંધા. સત્યવતી અને પરાશરમુનિની કથા ખાસ વાંચવી. આ સત્યવતી અને પરાશરમુનિથી જે પુત્ર થયા તેમને આપણે મહર્ષિ વેદ વ્યાસ તરીકે ઓળખીએ છીએ.)

સત્યવતી થી તેમને ૨ પુત્રો થયા.

૧. <u>ચિત્રાંગદ</u>, ૨. <u>વિચિત્રવર્ય</u>

<u>ચિત્રાંગદ</u> યુવાનીમાં મરણ પામ્યા.

<u>વિચિત્રવિર્ય</u>ના લગ્ન કાશીની પુત્રીઓ અંબિકા અને અંબાલિકા સાથે થયા.

વિચિત્રવિર્ય અંબિકા અને અંબાલિકાને પુત્ર આપવા સક્ષમ નહોતા. આથી વંશને ચાલુ રાખવા સત્યવતીએ તેમના પુત્ર વેદ વ્યાસને યાદ કર્યા. વેદ વ્યાસ પ્રગટ થયા. સત્યવતીએ વેદ વ્યાસને પ્રાર્થના કરી અને અંબિકા તથા અંબાલિકાને વેદ વ્યાસ સમક્ષ હાજર થવા ફરમાવ્યું.

વેદ વ્યાસ પાસે જતી વખતે અંબિકાએ શરમથી આંખો બંધ કરી દીધી. આથી

તેમને જે પુત્ર થયો તે અંધ થયો. આ પુત્ર ધ્રુતરાષ્ટ્ર તરીકે ઓળખાયા.

વેદ વ્યાસ પાસે જતી વખતે અંબાલિકા શરમથી પીળી પડી ગઈ. આથી તેમને જે પુત્ર થયો તે પાંડુરોગ વાળો થયો. તેમનું નામ પાંડુ.

આ બંને પુત્રોથી સંતોષ નહિ થતા સત્યવતીએ દાસી વિનીતાને વેદ વ્યાસ સમક્ષ હાજર થવા ફરમાવ્યું. વિનીતા શરમ સંકોચ વગર ગઈ. તેમના પુત્ર વિદુર કહેવાયા.

**૧૩.૩.૨.૪ :** ધ્રુતરાષ્ટ્ર:

તેમના લગ્ન ગાંધારી સાથે થયા. ૧૪ પુત્રો થયા. મોટો દુર્યોધન. આ ઉપરાંત દાસી સાંબળી, વિશાખા વગેરે સાથે ૮૬ પુત્રો થયા. મોટો યુયુત્સુ. તદુપરાંત એક પુત્રી થઈ જેનું નામ દુશાલા હતું. બધા પુત્રો "કૌરવો" કહેવાયા.

**૧૩.૩.૨.૫ :** પાંડુ:

પાંડુના લગ્ન યાદવકુળના શૂરસેનની પુત્રી કુંતી અને મદ્ર દેશની કુંવરી માદ્રી સાથે થયા. પાંડુ શ્રાપના કારણે પુત્રો ઉત્પન્ન કરવા સમર્થ ન હતા. આથી પાંડુને જે પુત્રો થયા તે અન્ય દેવોની મદદથી થયા (ત્વસ્થા ના પુત્ર ત્રીશીરા અને ઈન્દ્રની કથા અહીં ખુબ રસદાયક છે.)

"ધર્મ" થી "યુધિષ્ઠીર", "વાયુ" થી "ભીમ", "ઈન્દ્ર" થી "અર્જુન", "અશ્વિનીકુમારો" થી "નકુલ" અને "સહદેવ". આ પાંચ પુત્રો "પાંડવો" કહેવાયા. આ પાંચે પાંડવોના લગ્ન પાંચાલ દેશના રાજા દ્રુપદની પુત્રી દ્રૌપદી સાથે થયા. ( પાંચ પાંડવોની એક જ પત્ની કેમ હતી તે કથા માંર્કંડેય પુરાણમાં વાંચવી.)

આ ઉપરાંત કુંતીને વરદાનને કારણે સૂર્યથી એક પુત્ર પ્રાપ્ત થયો જે કર્ણ કહેવાયા.

**૧૩.૩.૨.૬ :** દ્રોપદી થી દરેક પાંડુને આ એક પુત્ર થયો. "યુધિષ્ઠીર" થી "પ્રતીવિદ્ય", "ભીમ" થી "શ્રુતસેન", "અર્જુન" થી "શ્રુતકીર્તિ", "નકુલ" થી "શ્રુતનીક", "સહદેવ" થી "શ્રુતકર્મ". (બધાને મહાભારતના યુદ્ધમાં કુમારાવસ્થામાં હણી નંખાયાં.)

**૧૩.૩.૨.૭ :** આ ઉપરાંત યુધિષ્ઠીરને યુધેયીથી દેવક નામનો પુત્ર હતો. ભીમને હિડમ્બાથી ઘટોતગચ્છ તથા કાશીથી સર્વક નામના પુત્ર હતા. અર્જુનને ઉલુપીથી ઈશવન, ચિત્રગંધાથી વભ્રુવહન, તથા સુભદ્રા (શ્રીકૃષ્ણના બહેન) થી અભિમન્યુ હતા. સહદેવને વિજયાથી સુહોત્ર નામનો અને નકુલને રેણુંમતીથી નીરમિત્ર નામના પુત્રો હતા.

**૧૩.૩.૨.૮ :** મહાભારતના યુદ્ધ પછી અભિમન્યુના પુત્ર પરિક્ષિતે વંશ આગળ ધપાવ્યો. પરિક્ષિત (શ્રાપના કારણે) તક્ષક નાગ કરવાથી મૃત્યુ પામ્યા. પરિક્ષિતે કલિયુગને થોભાવવાની કુચેષ્ટા કરી પરંતુ નિષ્ફળ ગયા.

**૧૩.૩.૨.૯ :** પરિક્ષિતના પુત્ર જનમેજય થયા, જેમને વેદવ્યાસે રચેલ મહાભારત વૈશ્યમ્પન ઋષિ પાસે સાંભળવા મળ્યું.

**૧૩.૪ :** મહાવીર નો વંશ : મહાવીર → દુર્ક્ષય → ચારુની → પુશ્કરીન્ય → કત્ય

**૧૩.૫ :** ગર્ગનો વંશ: ગર્ગ → શીની (જે પછીથી નાર્ગ્યા અને શૈન્યા તરીકે ઓળખાયા)

**૧૩.૬ :** નરનો વંશ: નર → સંસ્કૃતિ → ગુરૂપ્રીતી → રાન્તીદેવ

## વ્યાસ, વેદ વ્યાસ, કૃષ્ણદ્વૈપાયન વ્યાસ:

**૧૪.૦ :** વિષ્ણુપુરાણ પ્રમાણે દરેક "કલ્પ"ના, દરેક મન્વન્તરના, દ્વાપરયુગમાં ભગવાનના અંશ તરીકે વ્યાસજી જન્મ લે છે. અને વેદનો, પુરાણનો મનુષ્યના ભલા માટે પ્રચાર, પ્રસાર કરે છે.

અગાઉ આપણે જોયું તેમ હાલમાં "શ્વેત વરાહ કલ્પ" નો સાતમો મન્વન્તર "વૈવસ્વત મન્વન્તર" ચાલી રહયો છે. એના ૨૭ ચતુર્યગ પુરા થઈ ગયા છે. અને ૨૮ માં ચતુર્યગ નો કલિયુગ ચાલી રહ્યો છે.

આનો અર્થ એમ થાય કે આ મન્વન્તરમાં કુલ ૨૮ દ્વાપર યુગો પસાર થઈ ચુકયા છે. વિષ્ણુપુરાણ પ્રમાણે વ્યાસજીના પદ પર કયા દ્વાપરમાં કોણ પ્રસ્થાપિત હતા તેમના નામ દ્વાપર નંબર અને નામ પ્રમાણે અહીં દર્શાવ્યા છે.

૧. બ્રહ્માજી, ૨. પ્રજાપતિ, ૩. શુક્રાચાર્ય, ૪. બૃહસ્પતી, ૫. સૂર્ય, ૬. મૃત્યુ, ૭. ઈન્દ્ર, ૮. વશિષ્ઠ, ૯. સારસ્વત, ૧૦. ત્રિધામ, ૧૧. ત્રીશીખ, ૧૨. ભારદ્વાજ, ૧૩. અન્ત્રિક્ષ, ૧૪. વરણી, ૧૫. ત્રયુરણ, ૧૬. ધનંજય, ૧૭. કૃતંજય, ૧૮. જય, ૧૯. ભારદ્વાજ, ૨૦. ગૌતમ, ૨૧. હર્યાત્મ, ૨૨. વજશ્રાવ, ૨૩. ત્રીબિંદુ, ૨૪. વાલ્મિક (રુક્ષ), ૨૫. શકિત, ૨૬. પરાશર, ૨૭. જત્તુકર્ણ, ૨૮. કૃષ્ણદ્વૈપાયન

હવે પછી ૨૯ માં વ્યાસ તરીકે દ્રોણના પુત્ર અશ્વથામા હશે. તેની પણ પુરાણોમાં કલ્પના કરવામાં આવી છે.

**૧૪.૧ :** <u>કૃષ્ણદ્વૈપાયન વ્યાસ:</u>

૨૮માં દ્વાપરના વ્યાસજીની ટૂંકમાં કથા નીચે મુજબ છે.

મત્સ્યગંધા સત્યવતીને માછીમાર ઉછેરે છે. અને સત્યવતી નૌકા હંકારવાનું કાર્ય કરે છે. પરાશરમુનિને નદીના સામે કિનારે આવેલા દ્વિપમાં જવાનું હોય છે. હોડીમાં સત્યવતી અને પરાશરમુનિ વચ્ચે પ્રેમ પ્રાંગરે છે.

તેમનાથી જે બાળક નો જન્મ થાય છે તેજ આપણા ૨૮માં દ્વાપર યુગના વ્યાસજી. આ વ્યાસજી નો જન્મ દ્વીપ પર થયો માટે તેઓ દ્વૈપાયન કહેવાયા. ભગવાન શ્રીકૃષ્ણના દ્વાપર માં થયો આથી કૃષ્ણદ્વૈપાયન વ્યાસ કહેવાયા.

આ વ્યાસજીને પુરાણોમાં આ જ નામથી અથવા "સત્યવતીના પુત્ર વ્યાસ" થી ઓળખવામાં આવે છે.

જયારે પણ કથામાં વિસંગતતા લાગે ત્યારે કયા વ્યાસ દ્વારા કહેવાયું છે તે જાણવું ખુબ અગત્યનું છે.

કૃષ્ણદ્વૈપાયન વ્યાસ વડે પુરાતનથી ચાલી આવેલ ઋગ્વેદને ચાર ભાગોમાં વહેચવામાં આવ્યા. ચાર શિષ્યોને આ ચાર વેદ અલગ અલગ ભણાવ્યા.

પેલ ઋષિને ઋગ્વેદ, વૈશ્યમ્પનને યજુર્વેદ, જૈમીનીને સામવેદ, સુમંતને અથર્વવેદ.

આ ચાર વિભાગ પછી "ચતુર્હોત્ર" અમલમાં આવ્યું. જે આજે પણ યજ્ઞ માટે આધારરૂપ છે.

**૧૪.૨ :** ઋગ્વેદ:

પેલ ઋષીએ ઋગ્વેદના બે ભાગ કર્યા અને તેમના બે શિષ્યો ઈન્દ્રદુમતી અને વશ્કલને શીખવ્યા.

**૧૪.૨.૧ :** ઈન્દ્રદુમતીએ તેમના પુત્ર મન્ડુંકેને ઋગ્વેદનો પોતાનો હિસ્સો શીખવ્યો.

**૧૪.૨.૨ :** વશ્કલે પોતાની શાખાના ચાર ભાગ કર્યા અને પાતાના ચાર શિષ્યોને શીખવ્યા.

**૧૪.૩. :** યજુર્વેદ:

વૈશ્યમ્પન ઋષીએ યજુર્વેદના ૨૭ ભાગ કર્યા અને તેમના શિષ્યોને ભણાવ્યા.

**૧૪.૪. :** સામવેદ:

જૈમીનીના પુત્ર સુકર્માએ સામવેદના બે ભાગ કર્યા અને તેમના બે શિષ્ય હિરન્યનાભ અને પૌષપિંજને શીખવ્યા. હિરન્યનાભને ૫૦૦ શિષ્યો હતા. સામવેદના આ ભાગના જ્ઞાન લીધા પછી તેમના વંશજ "પ્રાચ્ય સમાજ" તરીકે ઓળખાયા.

**૧૪.૫. :** અથર્વવેદ:

સુમંત ઋષીએ અથર્વવેદ તેના શિષ્ય કબંધને શીખવ્યો. કબંધે તેના બે ભાગ કર્યા અને દેવર્ષ તથા પથ્ય ને શીખવ્યા.

**૧૪.૫.૧ :** પથ્યના શિષ્ય શૌનકે પોતાની પાસે આવેલ સંહિતાના બે ભાગ કર્યા અને વભ્રું અને સૈન્ધાવને શીખવ્યા.

**૧૪.૫.૨ :** સૈન્ધાવના શિષ્ય મુન્જકેશે પોતાના ભાગે આવેલ સંહિતાના ત્રણ ભાગ કર્યા.

હાલમાં અથર્વવેદની આ પાંચ સંહિતાઓ "નક્ષત્રકલ્પ", "વેદકલ્પ", "સંહિતાકલ્પ", "અંગીરસકલ્પ" અને "શાંતિકલ્પ" તરીકે ઓળખાય છે.

**૧૪.૬ :** વેદ વ્યાસજી ને હજી પણ વેદોથી સંતોષ નહિ હોવાથી પુરાણોની રચના કરી, અને તેમના શિષ્ય રોમહર્ષણ (સંસ્કૃત માં લોમ્હર્ષણ) ને શીખવ્યા. આ રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવા જે "સુતજી" તરીકે પુરાણોના સંવાદ માં હોય છે.

## પુરાણો નો સંક્ષિપ્ત પરિચયઃ (પુરાણો તથા ઉપપુરાણો)

**૧૫.૦ :** અગાઉ પૂર્વ ભૂમિકા ૧૪માં જોયું તેમ વ્યાસજી પુરાણોના રચયિતા છે. પુરાણો ક્યારે લખાયા તેનો ઉલ્લેખ નથી પણ સોળમી સદીમાં લખાયા હોય તેમ મનાય છે. પુરાણોને પાંચમો વેદ કહેવામાં આવે છે. પ્રભુની પોતાની વાચા કહેવામાં આવે છે. છાંદોગ્ય ઉપનિષદમાં પુરાણો નો ઉલ્લેખ છે.

**૧૫.૧ :** પદ્મ પુરાણની એક નોંધ પ્રમાણે...

પ્રભુનું કપાળ - બ્રહ્મ પુરાણ, હૃદય - પદ્મ પુરાણ, જમણો હાથ - વિષ્ણુ પુરાણ, ડાબો હાથ - શિવ પુરાણ, જાંઘ - શ્રીમદ ભાગવત, નાભી - નારદ પુરાણ, જમણો પગ - માર્કંડેય પુરાણ, ડાબો પગ - અગ્નિ પુરાણ, જમણો ઘુંટણ - ભવિષ્ય પુરાણ, ડાબો ઘુંટણ - બ્રહ્મ વૈવર્ત પુરાણ, જમણી ઘૂંટી - લિંગ પુરાણ, ડાબી ઘૂંટી- વરાહ પુરાણ, વાળ - સ્કંદ પુરાણ, ચામડી - વામન પુરાણ, પીઠ - કૂર્મ પુરાણ, ઉદર - મત્સય પુરાણ, બરોળ - ગરુડ પુરાણ, હાડકા - બ્રહ્માંડ પુરાણ કહેવામાં આવે છે.

**૧૫.૨ :** "ગુણ પ્રકૃતિ" પ્રમાણે આ અઢાર પુરાણોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. (નોંધ : અહીં ખુબ જ ટૂંકમાં રૂપરેખા આપી છે. આપ વિસ્તારથી અભ્યાસ કરશો એજ અભ્યર્થના.)

**૧૫.૨.૧ :** <u>સત્વગુણઃ</u>

**૧૫.૨.૧.૧ :** <u>વિષ્ણુ પુરાણઃ</u>

ખુબજ અગત્યનું પુરાણ છે. "પુરાણ રત્ન" તરીકે પણ ઓળખાય છે. પરાશરમુનિ અને તેમના શિષ્ય મૈત્રેયું વચ્ચે સંવાદ છે. ૬. સ્કંદ, ૧૨૬ અધ્યાય, ૨૩૦૦૦ શ્લોક છે.

પૃથ્વીની ઉત્પત્તિ, દેવ-દાનવો ની લડાઈ, વિષ્ણુ ભગવાનના અવતારો, રાજાઓના વંશોનું વર્ણન છે. પુરુષ (બ્રહ્મ) તત્વ અને પ્રકૃતિ (શકિત) તત્વ નું વર્ણન છે. ભૌતિક ઈચ્છાનો ત્યાગ કરીને મોક્ષની પ્રાપ્તિ માટેનું વર્ણન છે.

**૧૫.૨.૧.૨ :** <u>ભાગવત પુરાણઃ</u>

આ સૌથી લોકપ્રિય પુરાણ છે. જેમાં ભગવાન શ્રીવિષ્ણુના દશ અવતારોનું વર્ણન છે. કૃષ્ણાવતાર, શ્રીકૃષ્ણની બાળલીલા વગેરે પ્રસંગોનું રસદાયક વર્ણન છે. કુલ ૧૮૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૧.૩ :** <u>નારદ પુરાણઃ</u>

વેદ અને વેદાન્ગોની મહાનતાનું વર્ણન છે. નારદમુની અને સનકાદિકુમારો વચ્ચેના સંવાદોથી જુદા જુદા યાત્રા સ્થળોના મહાત્મ્ય વિષે જાણી શકાય છે. કુલ ૨૫૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૧.૪ :** <u>ગરુડ પુરાણ:</u>

મૃત્ય અને મૃત્યુ પછીની ગતિનું વર્ણન છે. ભગવાન શ્રીવિષ્ણુ અને ગરુડજી વચ્ચેના સંવાદોથી જીવનનું રહસ્ય પામી શકાય છે. ૧૯૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૧.૫ :** <u>પદ્મ પુરાણ :</u>

ભાગવત ગીતાની મહાનતાનું વર્ણન છે. આને ગીતા મહાત્મય પણ કહેવાય છે. ઘણા અધ્યાયોમાં શિવ અને દુર્ગાની પ્રાર્થનાનો પણ ઉલ્લેખ છે. ૫૦૦૦૦ શ્લોક છે. બ્રહ્માજીના આસન કમળ પરથી પુરાણનું નામ પડયું છે. યોગ, આત્મા અને મોક્ષનું વર્ણન છે.

**૧૫.૨.૧.૬ :** <u>વરાહ પુરાણ:</u>

શ્રી વિષ્ણુ ભગવાનને કરવામાં આવતી પ્રાર્થનાના પ્રકારોનો આમાં ઉલ્લેખ છે. ઘણા અધ્યાયોમાં ભગવાન શિવ અને દુર્ગાની પ્રાર્થનાનો પણ ઉલ્લેખ છે. ભગવાન શ્રીવિષ્ણુના વરાહ અવતારનું વર્ણન છે. ૨૪૦૦૦ શ્લોક છે. ૨૧૫ અધ્યાય છે.

**૧૫.૨.૨ :** <u>રજોગુણ:</u>

**૧૫.૨.૨.૧ :** <u>બ્રહ્માંડ પુરાણ (બ્રહ્માનંદ પુરાણ:)</u>

વિશ્વની ઉત્પતિ, હિરણ્યગર્ભ, કલ્પ, યુગ વગેરેની જાણકારી છે. લલિત સહસ્ત્રનામ મુખ્ય છે. ૧૨૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૨.૨ :** <u>બ્રહ્મ વૈવર્ત પુરાણ:</u>

પહેલો ભાગ પૃથ્વીની ઉત્પત્તિ વિષે, બીજો ભાગ દેવીની પ્રાર્થના, ત્રીજો ભાગ ગણેશની પ્રાર્થના, ચોથો ભાગ શ્રીકૃષ્ણ જીવનચરિત્ર, ૧૭૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૨.૩ :** <u>બ્રહ્મ પુરાણ:</u>

બે ભાગમાં વહેંચાયેલ છે. પૂર્વ ભાગમાં ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણના જીવન કાર્યોનું વર્ણન છે. ઉત્તરભાગમાં પુરુષોત્તમ ક્ષેત્ર (હાલનું જગન્નાથપુરી) અને ગૌતમી ગંગા (ગોદાવરી) ના તીર્થ ક્ષેત્રોનું વર્ણન છે. ૧૦૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૨.૪ :** <u>માર્કંડેય પુરાણ:</u>

માર્કંડેય **ઋ**ષી અને જૈમીની (વ્યાસના શિષ્ય) વચ્ચેનો સંવાદ છે. દેવીનું મહાત્મય અને વિવિધ શકિતઓનું વર્ણન છે. ૯૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૨.૫ :** <u>ભવિષ્ય પુરાણ:</u>

આખું પુરાણ કાવ્ય રૂપે છે. ચાર ભાગમાં વહેચાયેલ છે. બ્રહ્મ, મધ્યમ, પ્રતિસર્ગ, અને ઉત્તરાં. ૧૬૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૨.૬ :** <u>વામન પુરાણ:</u>

કુરુક્ષેત્ર અને આજુબાજુના તીર્થસ્થાનોનું મહાત્મય બતાવ્યું છે. શ્રી વિષ્ણુ ભગવાનના “વામન આવતાર”નું વર્ણન છે. નારદ અને પુલત્સ્ય મુની ના સંવાદ પર રચાયેલ છે. ૧૦૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૩ :** <u>તમસ ગુણ:</u>

**૧૫.૨.૩.૧ :** <u>મત્સ્ય પુરાણ:</u>

પ્રથમ ભગવાન શ્રીવિષ્ણુએ લોમહર્ષણ ને કહ્યું હતું તે લોમહર્ષણે અન્ય ઋષિઓને કહ્યું. ભગવાન વિષ્ણુના પહેલા "મત્સ્ય અવતાર"નું વર્ણન છે. ૧૪૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૩.૨ :** <u>કૂર્મ પુરાણ:</u>

ભગવાન શ્રી વિષ્ણુના દશ અવતારો પૈકી બીજા "કૂર્મ અવતાર"નું વર્ણન છે. ચાર સંહિતામાં વહેંચાયેલ છે. ૧૭૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૩.૩ :** <u>લિંગ પુરાણ:</u>

શિવલિંગનું અદભુત વર્ણન, દુનિયાની ઉત્પત્તિ, શિવલિંગનું માહત્મય દર્શાવતી વિવિધ કથાઓ, વિષ્ણુ અને બ્રહ્માજી વચ્ચે થયેલા મતભેદની પૂર્તતા. ૧૧૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૩.૪ :** <u>શિવ પુરાણ:</u>

સૌનક ઋષિ અને સુત વચ્ચે સંવાદ છે. ભગવાન શિવની મહાનતા, ભગવાન શિવને ભજવાની મહત્તા, ભગવાન શિવને લગતી કથાઓનું વર્ણન છે. ૭ સંહિતા છે. વિદ્યેશ્વર, રુદ્ર, શતરુદ્ર, કોટી રુદ્ર, ઉમા, કૈલાસ, વાયવ્ય. ૨૪૦૦૦ શ્લોક છે.

**૧૫.૨.૩.૫ :** <u>સ્કંદ પુરાણ:</u>

સ્કંદ (કાર્તિકેય) નો જન્મ, એમની લીલાઓ, ભારતમાં આવેલ ભગવાન શિવના યાત્રાસ્થળ, ભૌગોલિક વર્ણન છે. મોટામાં મોટું પુરાણ છે. સર્વપ્રથમ ભગવાન શિવે પાર્વતીજીને સંભળાવ્યું હતું. પાર્વતીજીએ સ્કંદને, સ્કંદે નંદીને, નંદીએ સનકને અને સનકે વ્યાસજીને સંભળાવ્યું. ૮૧૧૦૦ શ્લોક છે.

**૧૫.૨.૩.૬ :** <u>અગ્નિ પુરાણ:</u>

આમાં વાસ્તુશાસ્ત્ર અને રત્નો અંગેની માહિતી છે. વિષ્ણુના અવતારોની કથા છે. અગ્નિએ વશિષ્ઠ મુનિને સંભળાવ્યું હતું. ૧૫૪૦૦ શ્લોક છે.

**૧૫.૩ :** <u>ઉપ પુરાણો:</u>

૧. સનતકુમાર પુરાણ, ૨. નરસિંહ પુરાણ, ૩. બૃહદ નારદ પુરાણ, ૪. શિવ રહસ્ય પુરાણ, ૫. દુર્વાસા પુરાણ, ૬. કપિલા પુરાણ, ૭. વામન પુરાણ, ૮. ભાર્ગવ પુરાણ, ૯. વરૂણ પુરાણ, ૧૦. કલિકા પુરાણ, ૧૧. સંબા પુરાણ, ૧૨. નંદી પુરાણ, ૧૩. સૂર્ય પુરાણ, ૧૪. પરાશર પુરાણ, ૧૫. વશિષ્ઠ પુરાણ, ૧૬. દેવી ભાગવત, ૧૭. ગણેશ પુરાણ, ૧૮. મુદગલ પુરાણ, ૧૯. હંસ પુરાણ.

## ભગવાન શ્રીવિષ્ણુ તથા શિવ અને શકિત ના દશ અવતારો

ભગવાન શ્રીવિષ્ણુના દશ અવતારો

**૧૬.૦ :** શ્રી વિષ્ણુ ભગવાનના દશ અવતાર:

**૧૬.૧ :** પહેલો અવતાર: "મત્સય અવતાર"

સતયુગમાં મનુને મહાપ્રલયમાંથી બચાવવા મત્સય અવતાર ધારણ કર્યો. ત્યારબાદ તેમની નાવને નવા યુગ તરફ લઈ ગયા.

(માગસર સુદ બારસ, મત્સય દ્વાદસી)

**૧૬.૨ :** બીજો અવતાર: "કૂર્મ (કાચબો) અવતાર":

સતયુગમાં દેવ અને દાનવો અમૃત માટે સમુદ્રમંથન કરતા હતા ત્યારે, મંદ્ર પર્વતને તેમણે વલોણું બનાવ્યો હતો. વિષ્ણુ ભગવાને કાચબાનો અવતાર લઈ મંદ્ર પર્વત ને ટેકો આપ્યો. (પોષ સુદ બારસ)

**૧૬.૩ :** ત્રીજો અવતાર : "વરાહ અવતાર":

સતયુગમાં જયારે હિરણ્યાંક્ષ પૃથ્વીને દરિયામાં લઈ ગયો ત્યારે વરાહ અવતાર ધારણ કર્યો. હજારો વર્ષના યુદ્ધના અંતે હિરણ્યાંક્ષનો નાશ કર્યો. પૃથ્વીને એમના દાંતોની વચ્ચે મૂકી દરિયામાંથી બહાર કાઢી. (મહા સુદ બારસ)

**૧૬.૪ :** ચોથા અવતાર: "નરસિંહ અવતાર":

સતયુગમાં અડધું શરીર મનુષ્યનું અને અડધું સિંહનું. હિરણ્ય કશ્યપને મારી પ્રહલ્લાદને બચાવ્યા. (ફાગણ સુદ બારસ)

**૧૬.૫ :** પાંચમો અવતાર: "વામન અવતાર":

ત્રેતાયુગમાં વામન અવતાર ધારણ કરી બલી પાસે ત્રણ પગલાનું વરદાન માંગ્યું. (ચૈત્ર સુદ બારસ)

**૧૬.૬ :** છઠ્ઠો અવતાર: "પરશુરામ અવતાર":

ત્રેતા યુગમાં તેઓએ જમદગ્નિ અને રેણુકાના પુત્ર તરીકે જન્મ લીધો. સહસ્ત્રાર્જુનનો વધ કર્યો. (વૈશાખ સુદ બારસ). ભગવાન શિવ પાસે દિવ્ય કુહાડી મેળવી. તેઓ મહેન્દ્રગીરીની આજુબાજુ હજુપણ હોવાનું કહેવાય છે.

**૧૬.૭ :** <u>સાતમો અવતાર: "શ્રી રામ અવતાર":</u>

ત્રેતા યુગમાં દશરથના પુત્ર તરીકે જન્મ (ચૈત્રી નોમ) લઈ રાવણનો વધ કર્યો. (આસો સુદ દસમ)

**૧૬.૮ :** <u>આઠમો અવતાર: "શ્રીકૃષ્ણ અવતાર":</u>

દ્વાપર યુગમાં, બલરામના ભાઈ જેઓ શેષ નાગના અવતાર છે. સ્વયંભુ મનુનો જન્મ વાસુદેવ તરીકે અને શ્રીકૃષ્ણ તરીકે શ્રી વિષ્ણુએ જન્મ લીધો. (શ્રાવણ વદ આઠમ)

**૧૬.૯ :** <u>નવમો અવતાર: "ગૌતમ બુદ્ધ":</u>

(ઘણા વેદ વ્યાસને ગણે છે. અહીં વિસંગતતા છે)

શુદ્ધોધન ને ત્યાં જન્મ થયો. (શ્રાવણ સુદ બારસ)

**૧૬.૧૦ :** <u>દશમો અવતાર: "કલ્કી અવતાર":</u>

હવે પછી કલિયુગમાં થશે. સફેદ ઘોડા પર બેસીને કળીયુગના બધા દુષ્ટ તત્વોનો નાશ કરશે અને ફરી સતયુગની સ્થાપના કરશે. મનુનો જન્મ સંભાલ નામના ગામમાં હરીગુપ્ત તરીકે થશે અને વિષ્ણુનો જન્મ કલ્કી તરીકે થશે. (આસો સુદ બારસે)

<u>શિવ અને શક્તિના દશ અવતાર:</u>

| | |
|---|---|
| ૧. મહાકાલ | - મહાકાલી |
| ૨. તર | - તારા |
| ૩. ભુવનેશ્વર | - ભુવનેશ્વરી |
| ૪. સોડષ (શ્રી વિદ્યેશ) | - સોડષી |
| ૫. ભૈરવ | - ભૈરવી |
| ૬. છીન્નમસ્તક | - છીન્નમસ્ત |
| ૭. ધુમવન | - ધુમવતી |
| ૮. બગલામુખ | - બગલામુખી |
| ૯. માતંગ | - માતંગી |
| ૧૦. કમલ | - કમલા |

## પ્રસાદ પુરાણોક્તિઓનો...

| પુરાણોક્તિ | ગુજરાતી અર્થ |
|---|---|
| ૧. સુખસ્ય મૂલં ધર્મ: | સુખનો બધો આધાર ધર્મ ઉપર છે |
| ૨. શરીરમાંધમ્ ખલુ ધર્મ સાધનમ્ | ધર્મ પાલનનું ખરું માધ્યમ શરીર છે |
| ૩. યથા પિંડે તથા બ્રહમાં | જે શરીરમાં છે તે જ બ્રહ્માંડમાં છે |
| ૪. અહિંસા પરમોધર્મ | અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે |
| ૫. વેદ એવ પરમ જયોતિ | વેદો પરમ બ્રહ્મ સમાન છે |
| ૬. બ્રહ્મ સત્ય, જગત મિથ્યા | બ્રહ્મ એ જ સત્ય છે, સંસાર મિથ્યા છે |
| ૭. આહાર શુદ્ધઃ સત્વ શુદ્ધિ | શુદ્ધ આહારથી જ અંતઃકરણ શુદ્ધ બને છે |
| ૮. સત્યમ્વદ, ધર્મમ્ ચર | સત્ય બોલો, ધર્મનું આચરણ કરો |
| ૯. તસ્ય વાચકઃ પ્રણવઃ | પ્રણવ (ૐ) પરમાત્માનું જ સ્વરૂપ છે |
| ૧૦. ધર્મો રક્ષતિ રક્ષિતઃ | રક્ષણ કરાયેલ ધર્મ આપણું રક્ષણ કરે છે |
| ૧૧. ન મે ભકત પ્રણશ્યતિ | મારા ભકતનો કદી નાશ થતો નથી |
| ૧૨. મન એવ મનુષ્યાણાં કારણંબંધ મોક્ષયો | મનુષ્યના બંધન અને મુકિતનું કારણ મન છે |
| ૧૩. આરોગ્યં ધર્મસ્ય મૂલમ્ | ધર્મનો મૂળ પાયો આરોગ્ય છે |
| ૧૪. દેવમ્ દીનજયાય યવિત્તમ | ગરીબને મદદ કરવી આપણું કર્તવ્ય છે |
| ૧૫. ક્રિયા કેવલમ્ ઉત્તરમ્ | આપણું કાર્ય જ આપણું પ્રતિબિંબ છે |
| ૧૬. આનંદમ્ પરમ ઔષધમ્ | આનંદ જેવી બીજી કોઈ દવા નથી |
| ૧૭. પજ્ઞાનમ્ બ્રહ્મ | જ્ઞાન એ જ બ્રહ્મ છે |
| ૧૮. જ્ઞાનં ભારઃ ક્રિયામ વિના | આચરણ વિનાનું જ્ઞાન બોજારૂપ છે |
| ૧૯. ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ | સર્વત્ર પ્રભુનો વાસ છે |
| ૨૦. ગહના કર્મણો ગતિઃ | કર્મની ગતિ ગહન છે |
| ૨૧. મનો નિવૃતિઃ પરમો પશાન્તિઃ | વિચાર શૂન્ય મન પરમ શાંતિ અર્પે છે |
| ૨૨. ઉદ્ધરેત આત્મના આત્માનમ્ | તુજ તારો ઉદ્ધાર કર |
| ૨૩. શ્રદ્ધા વૈ ધર્મઃ | શ્રદ્ધા એજ ધર્મ |
| ૨૪. જયતો નાસ્તિ પાતકામ | જપ કરવાથી પાપ ધોવાય છે |
| ૨૫. પિતૃદેવોભવ, માતૃદેવોભવ | પિતા અને માતા દેવ સમાન છે |
| ૨૬. પ્રસન્નતા યા સુખિનઃ પ્રવૃતિ | દિલથી પ્રવૃતિ કરવાથી સુખી થવાય છે |
| ૨૭. તપસા દેવત્વમ્ | તપ અલૌકિક તત્વ છે |
| ૨૮. તેન ત્યકતેન ભૂજીથા | ત્યાગ કરો અને સુખ મેળવો |
| ૨૯. બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ | બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ થઈ જાય છે |
| ૩૦. યથા બીજં તથા કુરમ્ | જેવું વાવો તેવું લણો |

## વાચકની નોંધ

# સુજ્ઞ વાચક મિત્રોને લેખકની સમાપન નોંધ



**અનુપ પી. શાહ**

આ પુસ્તકમાં પૃથ્વીની ઉત્પત્તિની શરૂઆતથી ૨૮માં દ્વાપરયુગના અંત સુધીની કથાઓ માટેની પૂર્વભૂમિકાઓનું સંકલન કરવામાં આવ્યું છે. લગભગ દરેક પુરાણોમાં અહિં સુધીની કથાઓનો જ ઉલ્લેખ છે. ફકત ભવિષ્ય પુરાણમાં ત્યારબાદ આવનાર સમયનો સંકેત આપવામાં આવ્યો છે.

હમણા પ્રચલિત વિવિધ સંપ્રદાયોનો ઈતિહાસ ૫૦૦ થી ૬૦૦ વર્ષ જુનો છે. (કલ્પ, મન્વન્તર અને ચતુર્યુગની ગણતરીમાં ખુબ જ નાનો કહેવાય.) આ બધા સંપ્રદાયોના સાહિત્યો હાલમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે અને સંપ્રદાયોની સમજ આપનાર ધર્મગુરૂઓ, કથાકારો પણ હાલમાં પોતાની પવિત્ર ફરજ બજાવી રહ્યા છે.

ફકત હાલના સંપ્રદાયોની વિગત શોધનાર વાચકને આ પુસ્તકમાં નિરાશા સાંપડે એવું બની શકે, છતાં પણ દરેક વાચકે એક મહત્વની વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે દરેક સંપ્રદાયોની ધરોહર વેદ અને પુરાણોમાં છે. આ પુસ્તકને વેદ અને પુરાણો વાંચવાના અને સમજવાના હેતુથી જ બનાવવામાં આવ્યું છે. જેથી આપણી અને આવનાર પેઢી પુરાણોના તથ્યો સમજી શકે.

આપણે સૌ વિશાળ દ્રષ્ટિ રાખીશું તો, આપણી સમજની નવી ક્ષિતિજો આપણે ખોલી શકીશું અને ભગવાન શ્રીવિષ્ણુના એક વિશેષણ **''ગગન સદ્દશ''** અથવા વિષ્ણુ શબ્દની ઉત્પત્તિ જે ધાતુથી થઈ છે તે "વિષ્લુ" ના અર્થ "સર્વત્ર ફેલાવું" અથવા "વ્યાપક હોવું" ને આપણે મુળભૂત રીતે સ્વીકારીશું.

અસ્તુ...

# ક્ષમા પ્રાર્થના



હે પરમેશ્વરી ! મારા વડે રાત દિવસ હજારો અપરાધ થતા રહે છે, તમારો દાસ સમજીને મને ક્ષમા કરો.

હું આહવાન કરવાનું જાણતો નથી, વિસર્જન કરવાનું જાણતો નથી અને પૂજા કરવાનું પણ જાણતો નથી. મને ક્ષમા કરો.

મે મંત્રહીન, ક્રિયાહીન અને ભકિતહીન જે પૂજા કરી છે તે તમારા કૃપાથી પૂર્ણ થાઓ.

સેંકડો અપરાધો કરીને પણ જે મનુષ્ય તમારા શરણે આવીને 'હે જગદંબા' કહીને તમને પોકારે છે તેને તે ગતિ પ્રાપ્ત થાય છે, જે બ્રહ્મા વગેરે દેવતાઓને પણ સુલભ નથી.

હે જગદંબિકા ! હું અપરાધી છું, પરંતુ તમારા શરણે આવેલો છું, અત્યારે અનુકંપાને પાત્ર છું. તમે જેમ ઈચ્છો તેમ કરો.

હે દેવી, અજ્ઞાનને લીધે, ભૂલથી કે બુદ્ધિ ભ્રષ્ટ થવાના કારણે મેં જે અપરાધ કર્યા હોય તે માફ કરો અને પ્રસન્ન થાઓ.

હે સચ્ચિદાનંદ પરમેશ્વરી ! હે જગતમાતા ! તમે મારી આ પૂજાનો પ્રેમપૂર્વક સ્વીકાર કરો અને મારા પર પ્રસન્ન રહો.

હે દેવી ! તમે ગોપનીયમાં પણ ગોપનીય વસ્તુનું રક્ષણ કરનારા છો. મેં નિવેદીત કરેલા આ જપ ને તમે ગ્રહણ કરો, તમારી કૃપાથી મને સિધ્ધી પ્રાપ્ત થાઓ.

# અર્પણ

## મારા માતૃશ્રી સ્વ.અ.સૌ. કૈલાસબેન પ્રવિણચંદ્ર શાહ



જેમણે સમગ્ર જીવન દરમ્યાન પરમાત્માના 'બ્રહ્મતત્વ' (પુરૂષતત્વ)
શ્રી બાલકૃષ્ણલાલજીમાં શ્રદ્ધા રાખી તેમની કૃપા પ્રસાદી પ્રાપ્ત કરી

અને

## મારા પિતાશ્રી સ્વ. ડૉ. પ્રવિણચંદ્ર ઉત્તમરામ શાહ



જેમણે સમગ્ર જીવન દરમ્યાન પરમાત્માના 'શકિતતત્વ' (પરા, પ્રકૃતિ, નારીતત્વ)
શ્રી અંબામાતામાં શ્રદ્ધા રાખી તેમની કૃપા પ્રસાદી પ્રાપ્ત કરી